नमो नमो निम्मलदंसणस्स

बाल ब्रह्मचारी श्री नेमिनाथाय नम:

पूज्य आनन्द-क्षमा-ललित-सुशील-सुधर्मसागर-गुरूभ्यो नम:

આગમ- ૩૭

# દશાશ્રુતસ્કંધ

આગમસૂત્ર ગુજરાતી ભાવાનુવાદ


અનુવાદક અને સંપાદક

આગમ દિવાકર મુનિદીપરત્નસાગરજી

[ M.Com. M.Ed. Ph.D. श्रुत महर्षि ]



'આગમ ગુજરાતી અનુવાદ શ્રેણી પુષ્પ–૩૭

नमो नमो निम्मलदंसणस्स

बाल ब्रह्मचारी श्री नेमिनाथाय नम:

पूज्य आनन्द-क्षमा-ललित-सुशील-सुधर्मसागर-गुरूभ्यो नम:

# ૩૭ દશાશ્રુતસ્કંધ

## આગમસૂત્ર ગુજરાતી ભાવાનુવાદ

પ્રકાશન તારીખ 30/03/2020 સોમવાર તિથી- ૨૦૭૬, ચૈત્ર સુદ-૬

**અનુવાદક અને સંપાદક**

**આગમ દિવાકર મુનિ દીપરત્નસાગરજી**

**[M.Com. M.Ed. Ph.D. श्रुत महर्षि]**

∞∞: સંપર્ક :∞∞

જૈનમુનિ ડૉ૦ દીપરત્નસાગર [M.Com., M.Ed., Ph.D., श्रुतमहर्षि]

Email: - jainmunideepratnasagar@gmail.com Mob Mobile: - 09825967397

Web address:- 1 www.jainelibrary.org, 2 Deepratnasagar.in

-: ટાઈપ સેટિંગ :-

આસુતોષ પ્રિન્ટર્સ, 09925146223

-: પ્રિન્ટર્સ :-

નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ 09825598855

## ૪૫ આગમ વર્ગીકરણ

| ક્રમ | આગમનું નામ | સૂત્ર | | ક્રમ | આગમનું નામ | સૂત્ર |
|---|---|---|---|---|---|---|
| ०१ | आचार | अंगसूत्र-१ | | २५ | आतुरप्रत्याख्यान | पयन्नासूत्र-२ |
| ०२ | सूत्रकृत् | अंगसूत्र-२ | | २६ | महाप्रत्याख्यान | पयन्नासूत्र-३ |
| ०३ | स्थान | अंगसूत्र-३ | | २७ | भक्तपरिज्ञा | पयन्नासूत्र-४ |
| ०४ | समवाय | अंगसूत्र-४ | | २८ | तंदुलवैचारिक | पयन्नासूत्र-५ |
| ०५ | भगवती | अंगसूत्र-५ | | २९ | संस्तारक | पयन्नासूत्र-६ |
| ०६ | ज्ञाताधर्मकथा | अंगसूत्र-६ | | ३०.१ | गच्छाचार | पयन्नासूत्र-७ |
| ०७ | उपासकदशा | अंगसूत्र-७ | | ३०.२ | चन्द्रवेध्यक | पयन्नासूत्र-७ |
| ०८ | अंतकृत् दशा | अंगसूत्र-८ | | ३१ | गणिविद्या | पयन्नासूत्र-८ |
| ०९ | अनुत्तरोपपातिकदशा | अंगसूत्र-९ | | ३२ | देवेन्द्रस्तव | पयन्नासूत्र-९ |
| १० | प्रश्नव्याकरणदशा | अंगसूत्र-१० | | ३३ | वीरस्तव | पयन्नासूत्र-१० |
| ११ | विपाकश्रुत | अंगसूत्र-११ | | ३४ | निशीथ | छेदसूत्र-१ |
| १२ | औपपातिक | उपांगसूत्र-१ | | ३५ | बृहत्कल्प | छेदसूत्र-२ |
| १३ | राजप्रश्निय | उपांगसूत्र-२ | | ३६ | व्यवहार | छेदसूत्र-३ |
| १४ | जीवाजीवाभिगम | उपांगसूत्र-३ | | ३७ | दशाश्रुतस्कन्ध | छेदसूत्र-४ |
| १५ | प्रज्ञापना | उपांगसूत्र-४ | | ३८ | जीतकल्प | छेदसूत्र-५ |
| १६ | सूर्यप्रज्ञप्ति | उपांगसूत्र-५ | | ३९ | महानिशीथ | छेदसूत्र-६ |
| १७ | चन्द्रप्रज्ञप्ति | उपांगसूत्र-६ | | ४० | आवश्यक | मूलसूत्र-१ |
| १८ | जंबूद्वीपप्रज्ञप्ति | उपांगसूत्र-७ | | ४१.१ | ओघनिर्युक्ति | मूलसूत्र-२ |
| १९ | निरयावलिका | उपांगसूत्र-८ | | ४१.२ | पिंडनिर्युक्ति | मूलसूत्र-२ |
| २० | कल्पवतंसिका | उपांगसूत्र-९ | | ४२ | दशवैकालिक | मूलसूत्र-३ |
| २१ | पुष्पिका | उपांगसूत्र-१० | | ४३ | उत्तराध्ययन | मूलसूत्र-४ |
| २२ | पुष्पचूलिका | उपांगसूत्र-११ | | ४४ | नन्दी | चूलिकासूत्र-१ |
| २३ | वृष्णिदशा | उपांगसूत्र-१२ | | ४५ | अनुयोगद्वार | चूलिकासूत्र-२ |
| २४ | चतु:शरण | पयन्नासूत्र-१ | | --- | --------------- | ----- |
| | | | | | | |
| | | | | | | |

# આગમસૂત્ર- ૩૭ 'દશાશ્રુતસ્કંધ'

## છેદ સૂત્ર– ૪ ગુજરાતી ભાવાનુવાદ

ક્યાં શું જોશો ?


| ક્રમ | વિષય | પૃષ્ઠ | ક્રમ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|---|---|---|
| | | | | | |
| દશા | | | દશા | | |
| ૧ | અસમાધિસ્થાનો | ૦૬ | ૬ | ઉપાસક પ્રતિમા | ૧૮ |
| ૨ | શબલદોષો | ૦૮ | ૭ | ભિક્ષુ પ્રતિમા | ૨૫ |
| ૩ | આશાતના | ૧૦ | ૮ | પર્યુષણા | ૩૧ |
| ૪ | ગણિસંપદા | ૧૩ | ૯ | મોહનીયસ્થાનો | ૩૨ |
| ૫ | ચિત્તસમાધિસ્થાનો | ૧૬ | ૧૦ | નિદાન (નિયાણું) વગેરે | ૩૬ |

| મુનિ દીપરત્નસાગરજીનું આ પૂર્વેનું સાહિત્ય-સર્જન | | | | | |
|---|---|---|---|---|---|
| આગમસાહિત્ય | | | આગમસાહિત્ય | | |
| ક્રમ | સાહિત્ય નામ | બુક્સ | ક્રમ | સાહિત્ય નામ | બુક્સ |
| 1 | **मूल आगम साहित्य:-** | 147 | 5 | **आगम अनुक्रम साहित्य:-** | 09 |
| | **-1- आगमसुत्ताणि-मूलं** print | [49] | | -1- આગમ વિષયાનુક્રમ- મૂળ | 02 |
| | **-2- आगमसुत्ताणि-मूलं** Net | [45] | | -2- **आगम विषयानुक्रम सटीकं** | 04 |
| | **-3- आगममञ्जूषा मूल प्रत** | [53] | | -3- **आगम सूत्र-गाथा अनुक्रम** | 03 |
| 2 | **आगम अनुवाद साहित्य:-** | 165 | 6 | **आगम अन्य साहित्य:-** | 10 |
| | **-1-** આગમસૂત્ર ગુજરાતી અનુવાદ | [47] | | -1- આગમ કથાનુયોગ | 06 |
| | -2- **आगमसूत्र हिन्दी अनुवाद** Net | [47] | | -2- **आगम संबंधी साहित्य** | 02 |
| | -3- AagamSootra English Trans. | [11] | | **-3- ऋषिभाषित सूत्राणि** | 01 |
| | -4- આગમસૂત્ર સટીક ગુજરાતી અનુવાદ | [48] | | **-4- आगमिय सूक्तावली** | 01 |
| | **-5- आगमसूत्र हिन्दी अनुवाद** print | [12] | | **आगम साहित्य- कुल पुस्तक** | 518 |
| 3 | **आगम विवेचन साहित्य:-** | 171 | | આગમ સિવાયનું અન્ય સાહિત્ય | |
| | -1- **आगमसूत्र सटीकं** | [46] | 1 | તત્ત્વાભ્યાસ સાહિત્ય- | 13 |
| | -2- **आगम मूलं एवं वृत्ति -1** | [51] | 2 | સૂત્રાભ્યાસ સાહિત્ય- | 06 |
| | -3- **आगम मूलं एवं वृत्ति -2** | [09] | 3 | વ્યાકરણ સાહિત્ય- | 05 |
| | -4- **आगम चूर्णि साहित्य** | [09] | 4 | વ્યાખ્યાન સાહિત્ય- | 04 |
| | -5- **सवृत्तिक आगमसूत्राणि**-1 | [40] | 5 | જિનભક્તિ સાહિત્ય- | 09 |
| | -6- **सवृत्तिक आगमसूत्राणि**-2 | [08] | 6 | વિધિ સાહિત્ય- | 04 |
| | -7- **सचूर्णिक आगमसुत्ताणि** | [08] | 7 | આરાધના સાહિત્ય | 03 |
| 4 | **आगम कोष साहित्य:-** | 16 | 8 | પરિચય સાહિત્ય- | 04 |
| | -1- **आगम सद्दकोसो** | [04] | 9 | પૂજન સાહિત્ય- | 02 |
| | -2- **आगम कहाकोसो** | [01] | 10 | તીર્થંકર સંક્ષિપ્ત દર્શન | 25 |
| | -3- **आगम-सागर-कोष:** | [05] | 11 | પ્રકીર્ણ સાહિત્ય- | 05 |
| | -4- **आगमशब्दादिसंग्रह प्रा-सं-गु** | [04] | 12 | દીપરત્નસાગરના લઘુશોધનિબંધ | 05 |
| | **-5- आगम बृहत् नाम कोष:** | [02] | | આગમ સિવાયનું સાહિત્ય કૂલ પુસ્તક | 85 |

**1-આગમ સાહિત્ય કુલ પુસ્તક 518**

**2–આગમેતર સાહિત્ય કુલ પુસ્તક 085**

**દીપરત્નસાગરજીનું કુલ સાહિત્ય 603**

# [૩૭] દશાશ્રુતસ્કંધ

## છેદસૂત્ર-૪- ગુજરાતી ભાવાનુવાદ

## દશા-૧ 'અસમાધિસ્થાન'

**સંયમના સામાન્ય દોષ કે અતિચારને અહીં 'અસમાધિસ્થાન' કહેલ છે. જેમ શરીરની સમાધિ-શાંત પૂર્ણ અવસ્થામાં સામાન્ય રોગ કે પીડા બાધક બનતા હોય છે. કાંટો લાગ્યો હોય કે દાંત-કાન-ગળામાં કોઈ દુઃખાવો હોય કે શરદી જેવો સામાન્ય વ્યાધિ હોય તો શરીરની સમાધિ-સ્વસ્થતા રહેતી નથી. તેમ સંયમના નાના કે અલ્પ દોષોથી પણ સ્વસ્થતા રહેતી નથી. તેથી આ સ્થાનોને અસમાધિસ્થાનો કહ્યા છે. જે આ પ્રથમા દશામાં વર્ણવેલ છે.**

૧ અરિહંતોને મારા નમસ્કાર થાઓ. સિદ્ધોને મારા નમસ્કાર થાઓ. આચાર્યોને મારા નમસ્કાર થાઓ. ઉપાધ્યાયોને મારા નમસ્કાર થાઓ. લોકમાં રહેલા સર્વે સાધુને મારા નમસ્કાર થાઓ.

આ પાંચેને કરેલા નમસ્કાર – સર્વ પાપનો નાશક છે, સર્વે મંગલોમાં ઉત્કૃષ્ટ મંગલ છે.

હે આયુષ્યમાન્ ! તે નિર્વાણપ્રાપ્ત ભગવંતના સ્વમુખેથી મેં એવું સાંભળેલ છે કે–

૨ આ જિન પ્રવચનમાં નિશ્ચયથી સ્થવિર ભગવંતોએ વીસ અસમાધિસ્થાન કહેલા છે. એ સ્થાનો કયા છે?

૧. અતિ શીઘ્ર ચાલવાવાળા હોવું.

૨. અપ્રમાર્જિતાચારી હોવું – રજોહરણ આદિથી પ્રમાર્જના કર્યા સિવાયના સ્થાને ચાલવું ઇત્યાદિ.

૩. દુષ્પ્રમાર્જિતાચારી હોવું – ઉપયોગ રહિતપણે કે આમતેમ જોતા જોતા પ્રમાર્જના કરવી.

૪. વધારાના શય્યા-આસન રાખવા. શય્યા – શરીર પ્રમાણ લંબાઈવાળી હોય. આસન – સ્વાધ્યાયાદિ જેના ઉપર કરાય તે.

૫. દીક્ષા પર્યાયમાં મોટા હોય તેની સામે બોલવું.

૬. સ્થવિરો અને ઉપલક્ષણથી મુનિ માત્રના ઘાતને ચિંતવવા.

૭. પૃથ્વીકાય આદિ જીવોનો ઘાત કરે.

૮. આક્રોશ કરવા, બળ્યા કરવું તે.

૯. ક્રોધ કરવો, સ્વ-પર સંતોષ કરવો.

૧૦. પીઠ પાછળ નિંદા કરવાવાળું થવું.

૧૧. વારંવાર નિશ્ચયકારી ભાષા બોલવી.

૧૨. અનુત્પન્ન એવા નવા કજીયા ઉત્પન્ન કરવા.

૧૩. ક્ષમાપનાથી ઉપશાંત કરાયેલા કજીયા ફરી ઊભા કરવા.

૧૪. અકાલ સ્વાધ્યાય વર્જિત કાળે સ્વાધ્યાય કરવો.

૧૫. સચિત્ત રજયુક્ત હાથ-પગવાળા પાસેથી ભિક્ષાદિ લેવા.

૧૬. અનાવશ્યક મોટે-મોટેથી બોલવું.

૧૭. સંઘ કે ગણમાં ભેદોત્પાદક વચનો બોલવા.

૧૮. કલહ વાક્યુદ્ધ કે કજીયા કરવા.

૧૯. સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધી કંઈ કંઈ ખાતા રહેવું.
૨૦. નિર્દોષ ભિક્ષાદિ ગવેષણામાં સાવધાન ન રહેવું.

સ્થવિર ભગવંતોએ આ વીસ અસમાધિસ્થાન કહ્યા. તે પ્રમાણે હું કહું છું.

જો કે આ વીસની સંખ્યા તો આધાર તરીકે મૂકાઈ છે. આવા અન્ય અનેક અસમાધિસ્થાનો હોઈ શકે છે. તેનો સમાવેશ વીસની અંદર જાણવો. જેમ કે વધારાના શય્યા–આસન કહ્યા, તેમાં વધારાના વસ્ત્ર, પાત્ર, ઉપકરણ એ સર્વે દોષનો સમાવેશ સમજી લેવો.

ચિત્ત સમાધિને માટે આ સર્વે સ્થાનોનો ત્યાગ કરવો.

## દશાશ્રુતસ્કંધની દશા–૧ નો મુનિ દીપરત્નસાગરે કરેલ સૂત્રાનુવાદ પૂર્ણ

## દશા-૨ 'સબલા'

**સબલનો સામાન્ય અર્થ વિશેષ બળવાન કે ભારે થાય. સંયમના સામાન્ય દોષો, પહેલી દશામાં કહ્યા, તેની તુલનાએ મોટા કે વિશેષ દોષોનું વર્ણન આ દશામાં છે.**

૩ હે આયુષ્યમાન્ ! તે નિર્વાણ પ્રાપ્ત ભગવંતના સ્વમુખેથી મેં આ પ્રમાણે સાંભળેલ છે કે – આ અર્હત પ્રવચનમાં સ્થવિર ભગવંતોએ ખરેખર ૨૧–સબલ દોષો પ્રરૂપેલા છે. તે કયા છે ?

સ્થવિર ભગવંતે નિશ્ચયથી કહેલા ૨૧–સબલ દોષો આ પ્રમાણે છે–

૧. હસ્તકર્મ કરવું – મૈથુન સંબંધી વિષયેચ્છાને પોષવા માટે હાથ વડે શરીરના કોઈ અંગોપાંગનું સંચાલન કરવું.

૨. મૈથુન પ્રતિસેવન કરવું.

૩. રાત્રિ ભોજન કરવું – રાત્રિના અશનાદિ આહાર વાપરવો.

૪. આધાકર્મિક – સાધુ નિમિત્તે થયેલ આહાર (**વસ્ત્ર,પાત્ર આદિ**) વાપરવો.

૫. રાજા નિમિત્તે બનેલ અશનાદિ આહાર ખાવો.

૬. ક્રિત–ખરીદેલ, ઉધાર લાવેલ, છીનવી લીધેલ, આજ્ઞા વિના અપાયેલ કે સાધુને માટે સામેથી લાવીને આપેલ આહાર ખાવો.

૭. વારંવાર પ્રત્યાખ્યાન કરીને, તે જ અશનાદિ લેવા.

૮. છ માસમાં એક ગણમાંથી બીજા ગણમાં ગમન કરવું.

૯. એક માસમાં ત્રણ વખત જળાશય આદિ એ કરીને સચિત્ત પાણીનો સંસ્પર્શ–ઉદકલેપ કરવો.

૧૦. એક માસમાં ત્રણ વખત માયાસ્થાનો સ્પર્શવા.

૧૧. શય્યાતર કે સ્થાનદાતાના અશનાદિ આહાર ખાવા.

૧૨. જાણી બૂઝીને પ્રાણાતિપાત – જીવઘાત કરવો.

૧૩. જાણી બૂઝીને મૃષાવાદ – અસત્ય બોલવું.

૧૪. જાણી બૂઝીને અદત્તાદાન – અણ દીધેલું લેવું.

૧૫. સચિત્ત પૃથ્વી કે સચિત્ત રજ ઉપર કાયોત્સર્ગ કરવો, બેસવું, સૂવું, સ્વાધ્યાયાદિ કરવા.

૧૬. જાણી બૂઝીને સ્નિગ્ધ – ભીની, સચિત્ત રજયુક્ત પૃથ્વી ઉપર કાયોત્સર્ગ, સ્વાધ્યાયાદિ કરવા.

૧૭. જાણી બૂઝીને સચિત્ત શીલા, પથ્થર, ધુણાવાળા કે સચિત્ત લાકડા ઉપર, અંડ–બેઇન્દ્રિયાદિ જીવો સચિત્ત બીજ, તૃણાદિ, ઝાકળ આદિ સ્થાનો કરોળિયાના માળાયુક્ત સ્થાનો ઉપર કાયોત્સર્ગ, બેસવું, સૂવું, સ્વાધ્યાય આદિ ક્રિયાઓ કરવી.

૧૮. મૂળ, કંદ, સ્કંધ, છાલ, કુંપણ, પાંદડા, બીજ અને હરિત વનસ્પતિ આદિનું ભોજન કરવું.

૧૯. એક વર્ષમાં દશ વખત ઉદક લેપ કરવો.

૨૦. એક વર્ષમાં દશ વખત માયાસ્થાનોને સ્પર્શવા.

૨૧. જાણી બૂઝીને સચિત્ત પાણીયુક્ત હાથ, પોષ, કડછી કે વાસણથી કોઈ અશન, પાન, ખાદિમ, સ્વાદિમ આપે તો લેવા.

સ્થવિર ભગવંતોએ નિશ્ચયથી આ ૨૧–સબલ દોષ કહ્યા છે. તે પ્રમાણે હું કહું છું.

અહીં અતિક્રમ, વ્યતિક્રમ, અતિચાર એ ત્રણે ભેદ સબલ દોષની વિચારણા કરવી.

કેમ કે દોષનું સેવન એ તો સ્પષ્ટ અનાચાર છે જ.

આ સબલ દોષનું સેવન કરનાર સબલ આચારી કહેવાય.

જો કે સબલ દોષની આ સંખ્યા પણ ફક્ત **૨૧** નથી. તે તો આધાર માત્ર છે. તે કે તેના જેવા અન્ય દોષોને પણ સમજી લેવા.

## દશાશ્રુતસ્કંધની દશા–૨નો મુનિ દીપરત્નસાગરે કરેલ સૂત્રાનુવાદ પૂર્ણ

## દશા-3 'આશાતના'

**આશાતના એટલે વિપરીત વર્તન, અપમાન કે તિરસ્કાર જે જ્ઞાન, દર્શનનું ખંડન કરે, તેની લઘુતા કે તિરસ્કાર કરે તેને આશાતના કહેવાય.**

**આવી આશાતનાના અનેક ભેદ છે. તેમાંથી અહીં ફક્ત 33 આશાતના જ કહેવાયેલી છે.**

**જ્ઞાન–દર્શન–ચારિત્ર આદિ ગુણોમાં અધિકતાવાળા કે દીક્ષા–પદવી આદિમાં મોટા હોય તેમના પ્રત્યે થયેલ અધિક અવજ્ઞા કે તિરસ્કાર રૂપ આશાતના અહીં વર્ણવાયેલી છે.**

૪ હે આયુષ્યમાન્ ! તે નિર્વાણ પ્રાપ્ત ભગવંતના સ્વમુખેથી મેં આ પ્રમાણે સાંભળેલ છે. આ અર્હત પ્રવચનમાં સ્થવિર ભગવંતોએ ખરેખર 33–આશાતના પ્રરૂપેલી છે.

તે સ્થવિરોએ ખરેખર કઈ 33–આશાતનાઓ કહેલી છે ?

સ્થવિર ભગવંતોએ ફરમાવેલી 33 આશાતના આ પ્રમાણે છે–

**આ નવે સૂત્રોમાં શૈક્ષને આશાતના દોષ લાગે.**

૧. શૈક્ષ નવ દીક્ષિત સાધુ રાત્નિક સાધુની આગળ ચાલે, તો શૈક્ષને આશાતના દોષ લાગે'.
૨. શૈક્ષ સાધુ રાત્નિક સાધુની જોડાજોડ ચાલે, તો શૈક્ષને આશાતના દોષ લાગે'
૩. શૈક્ષ સાધુ રાત્નિક સાધુની અતિ નિકટ ચાલે, તો શૈક્ષને આશાતના દોષ લાગે'
૪. શૈક્ષ રાત્નિક સાધુની આગળ ઊભો રહે, તો શૈક્ષને આશાતના દોષ લાગે'
૫. શૈક્ષ રાત્નિક સાધુની જોડાજોડ ઊભો રહે, તો શૈક્ષને આશાતના દોષ લાગે.
૬. શૈક્ષ, રાત્નિક સાધુની અતિ નિકટ ઊભો રહે, તો શૈક્ષને આશાતના દોષ લાગે'
૭. શૈક્ષ, રાત્નિક સાધુની આગળ બેસે, તો શૈક્ષને આશાતના દોષ લાગે'
૮. શૈક્ષ, રાત્નિક સાધુની જોડાજોડ બેસે, તો શૈક્ષને આશાતના દોષ લાગે'
૯. શૈક્ષ, રાત્નિક સાધુની અતિ નિકટ બેસે, તો શૈક્ષને આશાતના દોષ લાગે'

૧૦. શૈક્ષ, રાત્નિક સાધુની સાથે બહાર વિચાર ભૂમિ અર્થાત સ્થંડીલ ભૂમિ એટલે કે
મલોત્સર્ગ સ્થાને ગયા હોય,
ત્યાં શૈક્ષ, રાત્નિક સાધુની પહેલાં શૌચ–શુદ્ધિ કરે તો શૈક્ષને આશાતના દોષ લાગે'.

૧૧. શૈક્ષ, રાત્નિક સાધુની સાથે બહાર વિચારભૂમિ (સ્થંડીલ ભૂમિ) કે
વિહારભૂમિ(સ્વાધ્યાય ભૂમિ) ગયેલ હોય અને જો,
ત્યારે શૈક્ષ, રાત્નિકની પહેલાં ગમનાગમન આલોચે તો શૈક્ષને આશાતના દોષ લાગે'

૧૨. કોઈ વ્યક્તિ રાત્નિક પાસે વાર્તાલાપ માટે આવે...
ત્યારે શૈક્ષ તેની પહેલાં જ વાર્તાલાપ કરવા લાગે તો શૈક્ષને આશાતના દોષ લાગે'

૧૩. રાત્રે કે વિકાલે જો રાત્નિક, શૈક્ષને સંબોધન કરીને પૂછે કે–
હે આર્ય ! કોણ–કોણ સૂતા છે, કોણ–કોણ જાગે છે ?

ત્યારે શૈક્ષ, રાત્નિકનું વચન સાંભળ્યુ ન સાંભળ્યુ કરી દે, પ્રત્યુત્તર ન આપે તો શૈક્ષને આશાતના દોષ લાગે'

***** નિમ્નોક્ત પાંચે સૂત્ર (૧૪ થી ૧૮)માં ' શૈક્ષને આશાતના લાગે'**

૧૪. શૈક્ષ, જો અશન, પાન, આદિમાં સ્વાદિમ આહાર લાવીને પહેલાં તેની આલોચના કોઈ અન્ય શૈક્ષ પાસે કરી પછી રત્નાધિક સાધુ પાસે કરે તો શૈક્ષને આશાતના દોષ લાગે'.

૧૫. શૈક્ષ, જો અશનાદિ લાવીને પહેલાં કોઈ અન્ય શૈક્ષને દેખાડે, પછી રત્નાધિક સાધુને દેખાડેકરે તો શૈક્ષને આશાતના દોષ લાગે'.

૧૬. શૈક્ષ, જો અશનાદિ લાવીને પહેલાં કોઈ બીજા શૈક્ષને નિમંત્રણા કરે, પછી રત્નાધિક સાધુને નિમંત્રણા કરે તો શૈક્ષને આશાતના દોષ લાગે'.

૧૭. શૈક્ષ, જો સાધુની સાથે અશનાદિ લાવી, રત્નાધિક સાધુને પૂછ્યા વિના જે જે સાધુને દેવા ઈચ્છતો હોય, તેને જલદી જલદી અધિક-અધિક માત્રામાં આપી દે તો શૈક્ષને આશાતના દોષ લાગે'.

૧૮. શૈક્ષ, જો રત્નાધિક સાધુ સાથે ગૌચરી ગયેલ હોય, અશનાદિમાં વિવિધ પ્રકારના શાક, શ્રેષ્ઠ, તાજા, રસદાર, મનોજ્ઞ, મનોભિલષિત સ્નિગ્ધ અને રૂક્ષ આહાર પ્રાપ્ત થયેલ હોય, ત્યારે આહાર કરતી વખતે, જો શૈક્ષ તે વિવિધ પ્રકારના શાક, શ્રેષ્ઠ, તાજા, રસદાર, મનોજ્ઞ, મનોભિલષિત સ્નિગ્ધ અને રૂક્ષ આહાર જલદી-જલદી કરી લે તો શૈક્ષને આશાતના દોષ લાગે'.

૧૯. રત્નાધિક સાધુ બોલાવે ત્યારે શૈક્ષ તેને ન સાંભળ્યુ કરી ચૂપ બેસી રહે(મૌન રહે) તો તે શૈક્ષ થી થતી આશાતના કહેવાય.

૨૦. રત્નાધિક સાધુ બોલાવે ત્યારે શૈક્ષ પોતાના સ્થાને જ બેઠો બેઠો તેમની વાત સાંભળે પણ ઊભો ન થાય તો તે શૈક્ષ થી થતી આશાતના કહેવાય..

૨૧. રત્નાધિક સાધુ બોલાવે ત્યારે શૈક્ષ "શું કહો છો ?" એમ દૂર થી જ પૂછે. તો તો તે શૈક્ષ થી થતી આશાતના કહેવાય.

૨૨. શૈક્ષ રત્નાધિક સાધુને 'તું' એમ એકવચન કહે તો તે શૈક્ષ થી થતી આશાતના કહેવાય.

૨૩. શૈક્ષ રત્નાધિક સાધુની સામે નકામો બકવાદ કરે તો તે શૈક્ષ થી થતી આશાતના કહેવાય.

૨૪. શૈક્ષ, રત્નાધિક સાધુ દ્વારા કહેવાયેલ શબ્દો જ તેમને કહી સંભળાવે, જેમ કે- "તમે તો આવું કહેતા હતા તો તે શૈક્ષ થી થતી આશાતના કહેવાય."

૨૫. શૈક્ષ, રત્નાધિક સાધુના કથા કહેવાના સમયે કહે કે - "આ આમ કહેવું જોઈએ, આમ ન કહેવું જોઈએ તો તે શૈક્ષ થી થતી આશાતના કહેવાય.

૨૬. શૈક્ષ, રત્નાધિક સાધુ કથા કહેતા હોય ત્યારે " તમને આ યાદ નથી કે તમે ભૂલો છો" એમ કહીને ભૂલો કાઢે તો તે શૈક્ષ થી થતી આશાતના કહેવાય.

૨૭. રત્નાધિક સાધુ ધર્મકથા કહેતા હોય ત્યારે શૈક્ષ અપ્રસન્ન રહે અર્થાત્ દુર્ભાવ પ્રગટ કરે તો તે શૈક્ષ થી થતી આશાતના કહેવાય.

૨૮. રત્નાધિક સાધુ ધર્મકથા કહેતા હોય ત્યારે શૈક્ષ જો કોઈ બહાનું કાઢી પરીષદનું વિસર્જન કરી દે તો તે શૈક્ષ થી થતી આશાતના કહેવાય.

૨૯. રત્નાધિક સાધુ ધર્મકથા કહેતા હોય ત્યારે શૈક્ષ જો કથામાં બાધા–વિઘ્ન ઉપસ્થિત કરે તો તે શૈક્ષ થી થતી આશાતના કહેવાય.

૩૦. પર્ષદાના ઉઠવાના, છિન્ન–ભિન્ન થવાના, વિખેરવાની પૂર્વે શૈક્ષ, રાત્નિકે કહેલી કથાને બીજી, ત્રીજી વખત પણ કહેતો હોય તો તે શૈક્ષ થી થતી આશાતના કહેવાય.

૩૧. રત્નાધિક સાધુના શય્યા–સંથારાને પગથી સ્પર્શ થઈ જાય ત્યારે શૈક્ષ હાથ જોડી ક્ષમાયાચના કર્યા વિના ચાલ્યો જાય તો તે શૈક્ષ થી થતી આશાતના કહેવાય.

૩૨. જો શૈક્ષ, રત્નાધિક સાધુના શય્યા–સંથારે ઊભે, બેસે, સૂવે તો તે શૈક્ષ થી થતી આશાતના કહેવાય.

૩૩. રત્નાધિક સાધુથી ઊંચા કે સમાન આસને શૈક્ષ ઊભો રહે, બેસે કે સૂવે તો તે શૈક્ષ થી થતી આશાતના કહેવાય.

**તે સ્થવિર ભગવંતોએ ખરેખર આ ૩૩–આશાતના કહેલી છે, તે હું તમને કહું છું.**

## દશાશ્રુતસ્કંધની દશા-૩નો મુનિ દીપરત્નસાગરે કરેલ સૂત્રાનુવાદ પૂર્ણ

# દશા-૪ 'ગણિસંપદા'

**પહેલી, બીજી, ત્રીજી દશામાં કહેવાયેલા દોષો શૈક્ષને ત્યાગ કરવા યોગ્ય છે. એ બધાનો ત્યાગ કરવાથી તે શૈક્ષ ગણિ સંપદાને યોગ્ય થાય છે. તેથી હવે આ 'દશા'માં આઠ પ્રકારની ગણિ-સંપદાનું વર્ણન કરે છે.**

[૫] હે આયુષ્યમાન્ ! તે નિર્વાણ પ્રાપ્ત ભગવંતના સ્વમુખેથી મેં આ પ્રમાણે સાંભળેલ છે કે –

આ અર્હત પ્રવચનમાં સ્થવિર ભગવંતોએ ખરેખર આઠ પ્રકારની ગણિસંપદા કહેલી છે.

તે સ્થવિર ભગવંતોએ કઈ આઠ ગણિ સંપદા કહી છે ?

તે સ્થવિર ભગવંતોએ જે આઠ પ્રકારની સંપદા નિશ્ચે કહી છે, તે આ પ્રમાણે છે–

૧ આચાર, ૨ સૂત્ર, ૩ શરીર, ૪ વચન,
૫ વાચના, ૬ મતિ, ૭ પ્રયોગ, ૮ સંગ્રહપરિજ્ઞા.

[૬] તે આચાર સંપદા કઈ છે ? આચાર એટલે ભગવંતે પ્રરૂપેલ આચરણા કે મર્યાદા, બીજી રીતે કહીએ તો જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, વીર્ય એ પાંચની આચરણા અને સંપદા એટલે સંપત્તિ.

આ આચાર સંપત્તિ ચાર પ્રકારે છે. તે આ પ્રમાણે –

૧. સંયમ ક્રિયામાં સદા જોડાયેલા રહેવું. ૨. અહંકાર રહિત થવું. ૩. અનિયત વિહારી થવું અર્થાત્ એક સ્થાને સ્થાયી થઈને ન રહેવું. ૪. શ્રુત સ્થવિર તથા દીક્ષાપર્યાય જ્યેષ્ઠની માફક ગંભીર થવું.

[૭] તે શ્રુતસંપત્તિ કઈ છે? શ્રુત એટલે આગમ અથવા શાસ્ત્રજ્ઞાન આ શ્રુત સંપત્તિ ચાર પ્રકારે કહી છે–

૧ બહુશ્રુતતા – અનેક શાસ્ત્રોના જ્ઞાતા થવું.
૨ પરિચિતપણું – સૂત્રાર્થથી સારી રીતે પરિચિત થવું.
૩ વિચિત્રશ્રુતતા – સ્વસમય અને પરસમયના તથા ઉત્સર્ગ અને અપવાદના જ્ઞાતા થવું.
૪ ઘોષ વિશુદ્ધિ કારકતા – શુદ્ધ ઉચ્ચારણવાળા થવું.

[૮] તે શરીર સંપત્તિ શું છે? શરીર સંપત્તિ ચાર પ્રકારે કહી છે, તે આ–

૧ શરીરની લંબાઈ–પહોળાઈનું યોગ્ય પ્રમાણ હોવું.
૨ કુરૂપ કે લજ્જા ઉપજાવે તેવા શરીરવાળા ન હોવું.
૩ શરીરનું સંહનન સુદઢ હોવું.
૪ પાંચે ઇન્દ્રિયોનું પરિપૂર્ણ હોવું.

[૯] તે વચન સંપત્તિ કઈ છે ? વચન એટલે વાણી વચન સંપત્તિ ચાર પ્રકારે છે, તે આ પ્રમાણે–

૧ આદેયતા – જેનું વચન સર્વજન આદરણીય હોય,
૨ મધુર વચનવાળા હોવું.
૩ અનિશ્રિતતા – રાગદ્વેષ રહિત એટલે કે નિષ્પક્ષપાતી વચનવાળા હોવું.
૪ અસંદિગ્ધતા – સંદેહ રહિત વચનવાળા હોવું.

[૧૦] તે વાચના સંપત્તિ કઈ છે ? વાચના સંપદાના ચાર પ્રકાર છે–

૧ શિષ્યની યોગ્યતાનો નિશ્ચય કરવાવાળી હોવી.
૨ વિચારપૂર્વક અધ્યાપન કરાવનારી હોવી.
૩ યોગ્યતા અનુસાર ઉપયુક્ત શિક્ષણ દેનારી હોવી.
૪ અર્થ–સંગતિપૂર્વક નય–પ્રમાણ થકી અધ્યાપન કરાવવાવાળી હોવી.

[૧૧] તે મતિસંપત્તિ કઈ છે ? મતિ એટલે જલદીથી પદાર્થને ગ્રહણ કરવો તે મતિ સંપત્તિ ચાર પ્રકારે છે –

૧ અવગ્રહ – સામાન્ય રૂપે અર્થને જાણવો તે,

૨ ઈહા – વિશેષ રૂપે અર્થને જાણવો તે,

૩ અપાય – ઈહિત વસ્તુનો વિશેષ રૂપે નિશ્ચય કરવો,

૪ ધારણા – જાણેલી વસ્તુનું કાલાંતરે પણ સ્મરણ રાખવું, તે રૂપ સંપત્તિ.

તે અવગ્રહણ સંપત્તિ કઈ છે? અવગ્રહમતિ સંપત્તિ છ પ્રકારે છે. તે આ પ્રમાણે–

૧ શીઘ્ર ગ્રહણ કરવું, ૨ એક સાથે ઘણા અર્થોને ગ્રહણ કરવા, ૩ અનેક પ્રકારે ઘણા અર્થોને ગ્રહણ કરવા, ૪ નિશ્ચિત રૂપે અર્થને ગ્રહણ કરવો, ૫ અનિશ્ચિત અર્થને અનુમાનથી ગ્રહણ કરવો, ૬ સંદેહ રહિત થઈને અર્થને ગ્રહણ કરવો.

એ જ પ્રમાણે ઈહામતિ સંપત્તિ અને અપાયમતિ સંપત્તિ બંનેને છ-છ પ્રકારે જાણવી.

તે ધારણા મતિ સંપત્તિ કઈ છે ? ધારણા મતિ સંપત્તિ છ પ્રકારે કહી છે. તે આ પ્રમાણે–

૧ બહુંધર, ૨ બહુવિધંધર, ૩ પોરાણંધર, ૪ દુર્ધરને ધરનાર, ૫ અનિશ્રિતંધર,

૬ અસંદિગ્ધધર. એ પ્રમાણે ધારણામતિ કહી, મતિ સંપદા કહી.

[૧૨] તે પ્રયોગ સંપત્તિ કઈ છે ? પ્રયોગ સંપત્તિ ચાર પ્રકારે છે. તે આ પ્રમાણે–

૧ પોતાની શક્તિ જાણીને વાદ-વિવાદ કરવો,

૨ સભાના ભાવો જાણીને વાદ કરવો,

૩ ક્ષેત્રની જાણકારી મેળવીને વાદ કરવો,

૪ વસ્તુ વિષયને જાણીને પુરુષવિશેષ સાથે વાદ-વિવાદ કરવો. તે પ્રયોગ સંપત્તિ.

[૧૩] તે સંગ્રહ પરિજ્ઞા સંપત્તિ કઈ છે ? સંગ્રહ પરિતા સંપત્તિ ચાર પ્રકારે છે, તે આ પ્રમાણે–

૧ વર્ષાવાસ માટે અનેક મુનિજનોને રહેવા યોગ્ય ઉચિત સ્થાન જોવું.

૨ અનેક મુનિજનોને માટે પાછા દેવાનું કહીને પીઠફલક, શય્યા, સંથારો ગ્રહણ કરવા.

૩ કાળને આશ્રીને ઉચિતકાર્ય કરવું-કરાવવું,

૪ ગુરુજનોનો યથાયોગ્ય પૂજા-સત્કાર કરવો. તે સંગ્રહ પરિજ્ઞા સંપત્તિ છે.

[૧૪] આઠ પ્રકારે સંપદાના વર્ણન પછી હવે **ગણિનું કર્તવ્ય** કહે છે – આચાર્ય પોતાના શિષ્યોને આ ચાર પ્રકારની વિનય-પ્રતિપત્તિ શીખવીને પોતાના ઋણથી મુક્ત થાય.

૧ આચાર વિનય, ૨ શ્રુત વિનય,

૩ વિક્ષેપણા – મિથ્યાત્વમાંથી સમ્યક્ત્વમાં સ્થાપના કરવા રૂપ વિનય,

૪ દોષ નિર્ઘાતના વિનય – દોષનો નાશ કરવા રૂપ વિનય.

તે આચારવિનય શું છે ? તે આચારવિનય ચાર પ્રકારનો કહેવાયેલ છે, આ પ્રમાણે છે–

૧ સંયમના ભેદ પ્રભેદોનું જ્ઞાન કરાવી, આચરણ કરાવવું.

૨ ગ્લાન અને વૃદ્ધને સાચવવા વ્યવસ્થા કરવી.

૩ તપની સામાચારી શીખવવી.

૪ એકાકી વિહારની સામાચારી શીખવવી.

ભગવન્ ! તે શ્રુતવિનય શું છે ? શ્રુતવિનય ચાર પ્રકારે કહેવાયેલ છે, તે આ રીતે–

૧ મૂત્ર સૂત્રનો ભણાવવા.

૨ સૂત્રોના અર્થોને ભણાવવા.

૩ શિષ્યને હિતનો ઉપદેશ આપવો.

૪ સૂત્રાર્થનું યથાવિધિ સમગ્ર અધ્યાપન કરાવવું.

ભગવન્ ! વિક્ષેપણા વિનય શું છે? વિક્ષેપણા વિનય ચાર પ્રકારે કહેવાયેલ છે. તે આ પ્રમાણે–

૧ જેણે સંયમધર્મને પૂર્ણરૂપે સમજેલ નથી, તેને સમજાવો.

૨ સંયમધર્મના જ્ઞાતાને જ્ઞાનાદિ ગુણોથી પોતા જેવો બનાવવો.

૩ ધર્મથી ચ્યુત થનાર શિષ્યને ફરી ધર્મમાં સ્થિર કરવો.

૪ સંયમ ધર્મમાં સ્થિત શિષ્યના હિતને માટે, સુખને માટે, સામર્થ્યને માટે, મોક્ષને માટે અને ભવાંતરમાં પણ ધર્મની પ્રાપ્તિ થાય, તે માટે પ્રવૃત્ત રહેવું.

ભગવન્! તે દોષ નિર્ઘાતના વિનય શું છે ? દોષ નિર્ઘાતના વિનય ચાર પ્રકારે કહેલ છે. તે આ પ્રમાણે–

૧ ક્રુદ્ધ વ્યક્તિના ક્રોધને દૂર કરવો. ૨ દુષ્ટ વ્યક્તિના દ્વેષને દૂર કરવો.

૩ આકાંક્ષાવાળા વ્યક્તિની આકાંક્ષા નીવારવી. ૪ પોતાના આત્માને સંયમમાં જોડી રાખવો.

[૧૫] આવા ગુણવાન આચાર્યના અંતેવાસી–શિષ્યની આ ચાર પ્રકારની વિનય પ્રતિપત્તિ છે. જેમ કે–

૧ સંયમના ઉપયોગી વસ્ત્ર, પાત્રાદિ પ્રાપ્ત કરવા. ૨ અશક્ત સાધુઓની સહાયતા કરવી.

૩ ગણ અને ગણીના ગુણો પ્રગટ કરવા. ૪ ગણના ભારનો નિર્વાહ કરવો.

*** ઉપકરણ ઉત્પાદકતા શું છે ? તે ચાર પ્રકારે છે–

૧ નવા ઉપકરણો મેળવવા, ૨ પ્રાપ્ત ઉપકરણનું સંરક્ષણ અને સંગોપન કરવું,

૩ અલ્પ ઉપધિવાળા મુનિને તેની પૂર્તિ કરવી, ૪ શિષ્યોને માટે યથાયોગ્ય ઉપકરણોનો વિભાગ કરી દેવો.

સહાયકતા વિનય શું છે ? તે ચાર પ્રકારે છે–

૧ ગુરુને અનુકૂળ વચન બોલનારા હોવું, ૨ ગુરુ કહે તેવી જ પ્રવૃત્તિ કરવી,

૩ ગુરુની યથોચિત સેવા કરવી, ૪ બધા કાર્યોમાં ગુરુની ઇચ્છાને અનુકૂળ વ્યવહાર કરવો.

વર્ણ સંજ્વલનતા વિનય શું છે ? તે ચાર પ્રકારે છે–

૧ યથાતથ્ય ગુણોની પ્રશંસા કરનાર થવું, ૨ અયથાર્થ દોષ કહેનારને નિરુત્તર કરવા,

૩ વર્ણવાદીના ગુણોનું સંવર્ધન કરવું, ૪ સ્વયં વૃદ્ધોની સેવા કરનાર થવું.

ભાર પ્રત્યારોહણતા વિનય શું છે ? તે ચાર પ્રકારે–

૧ નવા શિષ્યોનો સંગ્રહ કરવો, ૨ નવદીક્ષિતોને આચાર ગોચરની વિધિ શીખવવી,

૩ સાધર્મિક રોગીસાધુની યથાશક્તિ વૈયાવચ્ચ કરવી. ૪ સાધર્મિકોમાં પરસ્પર કલહ થઈ જાય તો રાગ–દ્વેષનો ત્યાગ કરતા, કોઈ પક્ષ વિશેષને ગ્રહણ ન કરીને માધ્યસ્થ ભાવ રાખવો અને સમ્યક્ વ્યવહારનું પાલન કરતા તે કલહના ક્ષમાપન અને ઉપશમન ને માટે સદા તત્પર રહેવું, તેમજ– આ વિચાર કરવો કે કઈ રીતે સાધર્મિક પરસ્પર અનર્ગલ પ્રલાપ ન કરે, તેમનામાં ઝંઝટ ન થાય, કલહ, કષાય અને તૂં–તા ન થાય, સાધર્મિક જન સંયમ–સંવર–સમાધિ બહુલ અને અપ્રમત્ત થઈ સંયમ અને તપથી પોતાના આત્માને ભાવિત કરતા વિચાર કરશે.

આ રીતે આઠ પ્રકારે ગણિ સંપદા કહી છે.

## દશાશ્રુતસ્કંધની દશા–૪નો મુનિ દીપરત્નસાગરે કરેલ સૂત્રાનુવાદ પૂર્ણ

# દશા-૫ 'ચિત્તસમાધિસ્થાન'

**જે રીતે સાંસારિક આત્માને ધન, વૈભવ, ભૌતિક વસ્તુની પ્રાપ્તિ આદિ થવાની ચિત્ત આનંદમય બને છે. તે જ રીતે મુમુક્ષુ આત્મા અથવા સાધુજન આત્મગુણોની અનુપમ ચિત્ત સમાધિ પ્રાપ્ત થાય છે. જે ચિત્ત સમાધિસ્થાનનું આ 'દશા'માં વર્ણન કરાયેલ છે.**

[૧૬] હે આયુષ્યમાન્ ! તે નિર્વાણપ્રાપ્ત ભગવંતના સ્વમુખેથી મેં એવું સાંભળેલ છે કે–

નિશ્ચયથી આ જિનપ્રવચનમાં સ્થવિર ભગવંતોએ દશ ચિત્ત સમાધિસ્થાન કહેલા છે. તે કયા ચિત્ત સમાધિસ્થાન છે ?

સ્થવિર ભગવંતો કહેલા તે સમાધિસ્થાનો આ છે–

તે કાળે અને તે સમયે એટલે ચોથા આરામાં ભગવંત મહાવીરના વિચરણ સમયે વાણિજ્યગ્રામ નામે નગર હતું. અહીં નગરનું વર્ણન ઉવવાઈ સૂત્રાનુસાર ચંપા નગરી માફક જાણવું.

તે વાણિજ્યનગર બહાર દૂતિપલાશક નામે ચૈત્ય હતું. ચૈત્ય વર્ણન જાણી લેવું.

ત્યાં જિતશત્રુ રાજા, ધારિણી નામે રાણી હતા. એ પ્રમાણે સર્વ સમોસરણ ઉવવાઈ સૂત્રાનુસાર જાણવું. યાવત્ પૃથ્વીશીલા પટ્ટક ઉપર વર્ધમાન સ્વામી બિરાજમાન થયા.

પર્ષદા નીકળી. ભગવંતે ધર્મનું નિરૂપણ કર્યું. પર્ષદા પોત–પોતાના સ્થાને પાછી ગઈ.

[૧૭] હે આર્યો ! એમ સંબોધન કરી શ્રમણ ભગવંત મહાવીર સાધુ અને સાધ્વીઓ કહેવા લાગ્યા. હે આર્યો! ઈર્યા સમિતિ –ભાષા સમિતિ –એષણા સમિતિ –આદાન ભાંડમાત્ર નિક્ષેપણા સમિતિ અને ઉચ્ચાર પ્રસ્રવણ ખેલ સિંધાણક જલ પરિષ્ઠાપના સમિતિ એ પાંચ સમિતિ યુક્ત, ગુપ્તેન્દ્રિય, ગુપ્ત બ્રહ્મચારી, આત્માર્થી, આત્મહિતકર, આત્મયોગી, આત્મપરાક્રમી, પાક્ષિક પૌષધમાં સમાધિ પ્રાપ્ત અને શુભ ધ્યાન કરવાવાળા સાધુ–ધ્વીઓને પહેલાં ઉત્પન્ન ન થયેલ હોય તેવી ચિત્ત સમાધિના દસ સ્થાન ઉત્પન્ન થાય છે. તે આ પ્રમાણે–

પૂર્વે અનુત્પન્ન અર્થાત પહેલાં ક્યારેય ઉત્પન્ન ન થયેલ એવી નીચે જણાવેલ દશ વસ્તુ ઉત્પન્ન થઈ જાય તો ચિત્તને સમાધિ પ્રાપ્ત થાય છે.

૧ પહેલાં ક્યારેય ઉત્પન્ન ન થયેલ એવી ધર્મ ભાવના – જેનાથી બધા ધર્મો જાણી શકે છે.

૨ પહેલાં ક્યારેય ઉત્પન્ન ન થયેલ એવું સંજ્ઞિ – જાતિ સ્મરણ જ્ઞાન, જેનાથી પોતાના પૂર્વભવો અને જાતિનું સ્મરણ થાય છે.

૩ પહેલાં ક્યારેય ઉત્પન્ન ન થયેલ એવો સ્વપ્ન દર્શનનો યથાર્થ અનુભવ.

૪ પહેલાં ક્યારેય ઉત્પન્ન ન થયેલ એવું દેવ દર્શન –

જેનાથી દિવ્ય ઋદ્ધિ, દિવ્ય કાંતિ, દેવાનુભાવ જોઈ શકે.

૫ પહેલાં ક્યારેય ઉત્પન્ન ન થયેલ એવી અવધિજ્ઞાન – જેનાથી લોકને જાણે છે.

૬ પહેલાં ક્યારેય ઉત્પન્ન ન થયેલ એવી અવધિ દર્શન – જેનાથી લોકને જોઈ શકે છે.

૭ પહેલાં ક્યારેય ઉત્પન્ન ન થયેલ એવી મનઃપર્યવજ્ઞાન – જેનાથી અઢી દ્વીપના સંજ્ઞી પંચેન્દ્રિયના મનોગત ભાવને જાણે.

૮ કેવળ જ્ઞાન – જેનાથી સંપૂર્ણ લોકાલોકને જાણે છે.

૯ કેવળ દર્શન – જેનાથી સંપૂર્ણ લોકાલોકને જુએ છે.

૧૦ કેવળ મરણ – જેનાથી સર્વ દુઃખનો સર્વથા અભાવ થાય.

[૧૮] રાગદ્વેષ રહિત નિર્મળ ચિત્તને ધારણ કરવાથી એકાગ્રતા રૂપ ધ્યાન ઉત્પન્ન થાય છે. શંકા રહિત ધર્મમાં સ્થિત આત્મા નિર્વાણને પ્રાપ્ત કરે છે.

[૧૯] આ રીતે ચિત્ત સમાધિ ધારણ કરનાર આત્મા બીજી વખતે લોકમાં ઉત્પન્ન થતો નથી અને પોતાના ઉત્તમ સ્થાનને અર્થાત મોક્ષને જાતિ સ્મરણ જ્ઞાનથી જાણી લે છે.

[૨૦] સંવૃત્ત આત્મા યથાતથ્ય સ્વપ્નને જોઈને જલદી બધા સંસાર સમુદ્રને તરી જાય છે. બધા દુઃખ છૂટી જાય છે.

[૨૧] અંતપ્રાંતભોજી, વિવિક્ત શયન-આસન સેવી, અલ્પ આહાર કરનારા, ઈન્દ્રિયોને દમન કરનારા, ષટ્કાય રક્ષક મુનિને દેવોનું દર્શન થાય છે.

[૨૨] સર્વ કામભોગોથી વિરક્ત, ભીમ-ભૈરવ પરીષહ-ઉપસર્ગોને સહન કરવાવાળા તપસ્વી સંયતને અવધિજ્ઞાન થાય છે.

[૨૩] જેણે તપ દ્વારા અશુદ્ધ લેશ્યાઓને દૂર કરી છે તેનું અવધિ દર્શન અતિ વિશુદ્ધ થઈ જાય છે અને તેના થકી સર્વ ઉર્ધ્વ અધો-તીર્છા-લોકને જોઈ શકે છે.

[૨૪] સુસમાધિયુક્ત પ્રશસ્ત લેશ્યાવાળા વિતર્ક રહિત ભિક્ષુ અને સર્વબંધનથી મૂકાયેલા આત્મા મનના પર્યાયોને જાણે છે. એટલે કે મનઃપર્યવજ્ઞાની થાય છે.

[૨૫] જ્યારે જીવના સમસ્ત જ્ઞાનાવરણ કર્મનો ક્ષય થાય ત્યારે તે કેવલીજિન સમસ્ત લોકાલોકને જાણે છે

[૨૬] જ્યારે જીવના સમસ્ત દર્શનાવરણ કર્મનો ક્ષય થાય ત્યારે તે કેવલીજિન સમસ્ત લોકાલોકને જુએ છે

[૨૭] પ્રતિમા અર્થાત્ પ્રતિજ્ઞાની વિશુદ્ધ રૂપે આરાધના કરતા અને મોહનીય કર્મનો ક્ષય થતાં સુસમાહિત આત્મા સંપૂર્ણ લોકાલોકને જુએ છે.

[૨૮] જે પ્રકારે તાલવૃક્ષ ઉપર સોય ભોંકવાથી સમગ્ર તાલવૃક્ષ નષ્ટ થાય છે તે રીતે મોહનીય કર્મનો સર્વથા ક્ષય થતા બાકીના સર્વ કર્મનો ક્ષય કે વિનાશ થાય છે.

[૨૯] જે રીતે સેનાપતિના મૃત્યુ સાથે આખી સેના વિનાશ પામે છે તે રીતે મોહનીય કર્મનો સર્વથા ક્ષય થતા બાકીના સર્વ કર્મનો ક્ષય કે વિનાશ થાય છે.

[૩૦] જે રીતે ધુમાડા વિનાનો અગ્નિ ઇંધણના અભાવે ક્ષય પામે છે. તે રીતે મોહનીય કર્મનો સર્વથા ક્ષય થતા બાકીના સર્વ કર્મનો ક્ષય કે વિનાશ થાય છે.

[૩૧] જેમ સૂકા મૂળિયાવાળું વૃક્ષ જળ સિંચવા છતાં પણ પુનઃ અંકુરિત થતું નથી તેમ મોહનીય કર્મનો સર્વથા ક્ષય થતાં બાકીના કર્મો ઉત્પન્ન થતા નથી.

[૩૨] જેમ બીજ બળી ગયા પછી પુનઃ અંકુર ઉત્પન્ન થતા નથી, તેમ કર્મબીજ બળ્યા પછી ભવાંકુર ઉત્પન્ન ન થાય.

[૩૩] ઔદારિક શરીરનો ત્યાગ કરી નામ, ગોત્ર, આયુ અને વેદનીય કર્મનું છેદન કરી કેવલી સર્વથા કર્મરજ રહિત થાય છે.

[૩૪] હે આયુષ્યમાન્! આ રીતે સમાધિને જાણીને રાગદ્વેષ રહિત ચિત્ત ધારણ કરી શુદ્ધ શ્રેણીને પામી આત્મા શુદ્ધિ પ્રાપ્ત કરે છે. અર્થાત્ ક્ષપક શ્રેણી માંડી મોક્ષે જાય છે.

## દશાશ્રુતસ્કંધની દશા-૫નો મુનિ દીપરત્નસાગરે કરેલ સૂત્રાનુવાદ પૂર્ણ

# દશા–૬ ' ઉપાસકપ્રતિમા'

**જે આત્મા શ્રમણપણાના પાલન માટે અસમર્થ હોય તેવા આત્મા શ્રમણપણાનું લક્ષ્ય રાખી તેના ઉપાસક બને છે. તેને શ્રમણોપાસક કહે છે. ટૂંકમાં તેઓ ઉપાસક તરીકે ઓળખાય છે. આવા ઉપાસકને આત્મા સાધના માટે ૧૧ પ્રતિમા અર્થાત્ વિશિષ્ટ પ્રકારની 'પ્રતિજ્ઞાનું આરાધન' જણાવેલ છે, તેનું અહીં વર્ણન છે.**

[૩૫] હે આયુષ્યમાન્ ! તે નિર્વાણ પ્રાપ્ત ભગવંતના સ્વમુખેથી મેં એવું સાંભળેલ છે કે – આ જિન પ્રવચનમાં સ્થવિર ભગવંતોએ નિશ્ચયથી ૧૧ ઉપાસક પ્રતિમાઓ કહી છે.

સ્થવિર ભગવંતોએ નિશ્ચયથી કઈ ૧૧–ઉપાસક પ્રતિમાઓ કહેલી છે ?

સ્થવિર ભગવંતોએ કહેલી ૧૧–ઉપાસક પ્રતિમાઓ આ પ્રમાણે કહેલછે –

૧. દર્શન, ૨. વ્રત, ૩. સામાયિક, ૪. પૌષધ, ૫. દિવસે બ્રહ્મચર્ય, ૬.દિવસ–રાત્રિ બ્રહ્મચર્ય, ૭. સૂચિત પરિત્યાગ, ૮. આરંભ પરિત્યાગ, ૯. પ્રેષ્ય પરિત્યાગ, ૧૦. ઉદ્દિષ્ટભક્ત પરિત્યાગ અને ૧૧ શ્રમણ ભૂત.

**પ્રતિમા એટલે વિશિષ્ટ પ્રતિજ્ઞા**

જે અક્રિયાવાદી છે અને જીવાદિ પદાર્થોના અસ્તિત્વનો અપલાપ કરે છે, તે નાસ્તિકવાદી છે. નાસ્તિકબુદ્ધિ છે, નાસ્તિક દૃષ્ટિ છે, જે સમ્યકવાદી નથી, નિત્યવાદી નથી – ક્ષણિકવાદી છે. જે પરલોકવાદી નથી.

જે કહે છે કે – આલોક નથી, પરલોક નથી, માતા નથી, પિતા નથી, અરિહંત નથી, ચક્રવર્તી નથી, બલદેવ નથી, વાસુદેવ નથી, નરક નથી, નારકી નથી, સુકૃત અને દુષ્કૃત કર્મોના ફળવૃત્તિ વિશેષ નથી, સમ્યક્ રીતે આચરેલ શુભકર્મ ફળ દેતા નથી, કુત્સિત રીતે આચરેલા કર્મ અશુભ ફળ દેતા નથી.

કલ્યાણ કર્મ અને પાપકર્મ ફળ રહિત છે. જીવ પરલોકમાં જઈને ઉત્પન્ન થતો નથી. નરક આદિ ચાર ગતિવાળો નથી. સિદ્ધિ નથી.

જે આ પ્રમાણે કહે છે, આવી બુદ્ધિવાળો છે, આવી દ્રષ્ટિવાળો છે, આવી ઈચ્છા અને રાગ કે કદાગ્રહથી યુક્ત છે, તે મિથ્યાદૃષ્ટિ જીવ છે.

આવો મિથ્યાદૃષ્ટિ જીવ મહાઇચ્છાવાળો, મહારંભી, મહા પરિગ્રહી છે. ધાર્મિક, અધર્માનુગામી, અધર્મસેવી, અધર્મ ખ્યાતિવાળો, અધર્માનુરાગી, અધર્મદૃષ્ટા, અધર્મજીવી, અધર્માનુરક્ત, અધાર્મિક શીલવાળો, અધાર્મિક આચરણવાળો, અધર્મથી જ આજીવિકા કરતા વિચરે છે.

તે મિથ્યાદૃષ્ટિ નાસ્તિક આજીવિકા માટે બીજાને કહે છે–

જીવોને મારો, તેના અંગોને છેદો, માથું–પેટ વગેરે ભેદો, કાપો, તેના પોતાના હાથ લોહીથી ખરડાયેલા છે. તે ચંડ, રૌદ્ર અને ક્ષુદ્ર હોય છે. વિના વિચાર્યે કાર્ય કરે છે, સાહસિક હોય છે, લોકોની રિશ્વત લે છે. છેતરપીંડી, માયા, છળ, કૂડ, કપટ અને માયાજાળ રચવામાં કુશળ હોય છે

તે દુઃશીલ, દુષ્ટજનોનો પરિચિત, દુશ્ચરિત્ર, દારુણસ્વભાવી, દુષ્ટવ્રતી, દુષ્ટકૃત કરવામાં આનંદિત હોય છે. શીલરહિત, ગુણરહિત, પ્રત્યાખ્યાન પૌષધોપવાસ ન કરનારો અને અસાધુ હોય છે.

તે યાવજ્જીવને માટે સર્વ પ્રકારના પ્રાણાતિપાતથી અપ્રતિવિરત રહે છે. અર્થાત્ હિંસક રહે છે.

એ જ પ્રમાણે સર્વ પ્રકારે મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન, પરિગ્રહનો પણ ત્યાગ કરતો નથી.

સર્વ પ્રકારે ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ, કલહ, આળ, ચુગલી, નિંદા, રતિ–અરતિ, માયામૃષાવાદ અને

મિથ્યાદર્શન શલ્યથી યાવજ્જીવન અવિરત રહે છે. અર્થાત્ આ અઢારે પાપસ્થાનનું સેવન કરતો રહે છે.

તે મિથ્યાદષ્ટિ સર્વ પ્રકારે સ્નાન, મર્દન, વિલેપન, શબ્દ-સ્પર્શ-રસ-રૂપ-ગંધ, માળા, અલંકારોથી યાવજ્જીવન અપ્રતિવિરત રહે છે.

શકટ, રથ, યાન, યુગ્ય, ગિલ્લિ, થિલ્લિ, શિબિકા, સ્યંદમાનિકા, શયન, આસન, યાન, વાહન, ભોજન, ગૃહસંબંધી વસ્ત્ર પાત્ર આદિથી યાવજ્જીવન અપ્રતિવિરત રહે છે.

સર્વ અશ્વ, હાથી, ગાય, ભેંસ, બકરા, ભેડ, દાસ-દાસી, નોકર પુરુષથી યાવજ્જીવન જોડાયેલો રહે છે. સર્વ પ્રકારે ચાંદી, સોનું, ધન, ધાન્ય, મણિ, મોતી, શંખ, મૂગાથી યાવજ્જીવન અપ્રતિવિરત રહે છે.

યાવજ્જીવને માટે હિનાધિક તોલમાપ, સર્વ આરંભ-સમારંભ, સર્વ કાર્યો કરવા-કરાવવા, પચન-પાચન, કૂટવું-પીસવું, તર્જન-તાડન, વધ-બંધ, પરિક્લેશ યાવત્ તેવા પ્રકારના સાવધ અને મિથ્યાત્વ વર્ધક બીજા જીવોને પ્રાણોનો પરિતાપ પહોંચાડનાર કર્મ કહે છે. આ સર્વે પાપ કાર્યોથી અપ્રતિવિરત અર્થાત્ જોડાયેલો રહે છે.

જેમ કોઈ પુરુષ કલમ, મસુર, તલ, મગ, અડદ, વાલ, કળથી, ચોળા, તુવેર, કાળા ચણા, જુવાર અને તે પ્રકારના બીજા ધાન્યોને જીવનરક્ષાના ભાવ સિવાય ક્રૂરતાપૂર્વક ઉપમર્દન કરતો મિથ્યાદંડ પ્રયોગ કરે છે.

તે જ રીતે કોઈ પુરુષ વિશેષ તીતર, વટેરા, લાવા, કબૂતર, કપિંજલ, મૃગ, ભેંસ, સુવર, મગર, ગોધા, કાચબો અને સર્પ વગેરે નિરપરાધ જીવોને ક્રૂરતાપૂર્વક મિથ્યાદંડનો પ્રયોગ કરે છે. એટલે કે નિર્દયતાપૂર્વક ઘાત કરે છે.

વળી જે તેની બાહ્ય પર્ષદા છે. જેમ કે – દાસ, કડી, વેતન થકી કામ કરનાર, ભાગીદાર, કર્મકર, ભોગપુરુષ આદિ દ્વારા થયેલા નાના અપરાધનો પણ પોતે જ મોટો દંડ કરે છે.

આને દંડો, આને મુંડો, આની તર્જના કરો – તાડન કરો, આને હાથમાં, પગમાં, ગળામાં બધે બેડી નાખો. એના બંને પગમાં સાંકળ બાંધી અને પગ વાળી દો, ના હાથ કાપો, પગ કાપો, નખ છેદો, હાથ છેદો, માથું ઉડાવી દો, મોઢું ભાંગી નાંખો, પુરુષ ચિહ્ન કાપી દો, હૃદય ચીરી નાંખો.

એ જ પ્રમાણે આંખ-દાંત-મોઢું જીભ ઉખાડી દો, આને દોરડાથી બાંધીને ઝાડ ઉપર લટકાવો, બાંધીને જમીન ઉપર ઘસેડો, દહીંની જેમ મંથન કરો, શૂળીએ ચડાવો, ત્રિશૂલથી ભેદો, શસ્ત્રોથી છિન્ન-ભિન્ન કરો,

ભેદાયેલા શરીર ઉપર ક્ષાર નાખો. તેના ઘામાં ઘાસ ખોસો. તેને સિંહ, વૃષભ, સાંઢની પૂંછડીએ બાંધો, દાવાગ્નિમાં બાળી દો, ટૂકડા કરીને કાગડાને પધરાવી દો, ખાવા-પીવાનું બંધ કરી દો.

જાવજ્જીવ બંધનમાં રાખો, અન્ય કોઈપણ પ્રકારના કમોતથી મારો.

તે મિથ્યાદષ્ટિની જે અભ્યંતર પર્ષદા છે, જેમ કે માતા, પિતા, ભાઈ, બહેન, ભાર્યા, પુત્રી, પુત્રવધૂ વગેરે તેમાંના કોઈ થોડો પણ અપરાધ કરે તો પોતે જ ભારે દંડ આપે છે –

જેમ કે ઠંડા પાણીમાં ડૂબાડે, ગરમ પાણી શરીર ઉપર રેડે, આગથી તેઓના શરીરને બાળે, જોતાવેંત નેત્ર આદિના દોરડાથી ચાબૂકથી છીવાડાથી, જાડી વેલથી મારી મારીને બંને પડખાના ચામડા ઉખેડી નાંખે, દંડ, મૂંડી, પથ્થર, ખપ્પરથી તેમના શરીરને કૂટે – પીસે.

આવા પ્રકારના પુરુષવર્ગ સાથે રહેવાવાળા મનુષ્ય દુઃખી રહે છે. દૂર રહે તો પ્રસન્ન રહે છે.

આ પ્રકારનો પુરુષ વર્ગ હંમેશા ડંડો રાખે છે અને કોઈનો થોડો પણ અપરાધ થાય તો અધિકાધિક દંડ દેવાનો વિચાર કરે છે. દંડને આગળ રાખીને જ વાત કરે છે.

આવો પુરુષ આલોક અને પરલોક બંનેમાં પોતાનું અહિત કરે છે. આવા લોકો બીજાને દુઃખી કરે છે. શોક

સંતપ્ત કરે છે, ઝુરાવે છે, સતાવે છે, પીડા આપે છે, પીટે છે, પરિતાપ પહોંચાડે છે. આ રીતે વધ, બંધ, ક્લેશાદિ પહોંચાડવામાં જોડાયેલા રહે છે.

આ જ પ્રકારે તે સ્ત્રી સંબંધી કામભોગોમાં મૂર્ચ્છિત, ગૃદ્ધ, આસક્ત અને પંચેન્દ્રિયોના વિષયમાં ડૂબેલો રહે છે.

એ રીતે ચાર, પાંચ, છ યાવત્ દશ વર્ષ કે તેથી ઓછો વધારે કાળ કામભોગ ભોગવીને વૈર ભાવોના બધા સ્થાનો સેવી ઘણા અશુભ કર્મો એકઠા કરીને, જેવી રીતે લોઢા કે પથ્થરનો ગોળો પાણીમાં ફેંકતા જળતલનું અતિક્રમણ કરીને નીચે તળિયે પહોંચી જાય તે રીતે આ પ્રકારનો પુરુષવર્ગ વજ્ર જેવા ઘણા પાપક્લેશ, કાદવ, વૈર, દંભ, માયા પ્રપંચ, આશાતના, અયશ, અપ્રીતિવાળો થઈને પ્રાયઃ ત્રસપ્રાણીનો ઘાત કરતો મૃત્યુ પામી ભૂમિતળનું અતિક્રમણ કરી નીચે નરકભૂમિમાં સ્થાન પામે છે.

તે **નરક** અંદરથી ગોળ અને બહારથી ચોરસ છે. નીચે છરા–અસ્તરાના આકારવાળી છે. નિત્ય ઘોર અંધકારથી વ્યાપી છે. ચંદ્ર–સૂર્ય–ગ્રહ–નક્ષત્રાદિ જ્યોતિષ્કની પ્રભાથી રહિત છે.

તે નરકોની ભૂમિ ચરબી, માંસ, લોહી, પરુના સમૂહ જેવા કીચડથી લેપાયેલી છે. મળમૂત્રાદિ અશુદ્ધિ પદાર્થોથી ભરેલી છે અને પરમ દુર્ગંધમય છે. કાળી કે કપોત વર્ણવાળી, અગ્નિના વર્ણની આભાવાળી છે, કર્કશ સ્પર્શવાળી હોવાથી અસહ્ય છે. અશુભ હોવાથી ત્યાં અશુભ વેદના હોય છે. નિદ્રા લઈ શકતા નથી.

તે **નારકી જીવો**, તે નરકમાં અશુભ વેદનાનો પ્રતિસમય અનુભવ કરતા વિચરે છે. જેવી રીતે પર્વતના અગ્રભાગે ઉત્પન્ન થયેલ વૃક્ષ, મૂળ ભાગ કપાવથી ઉપરનો ભાગ ભારે થતા જ્યાં નીચું સ્થાન છે, જ્યાં દુર્ગમ પ્રવેશ છે કે વિષમ સ્થળ છે, ત્યાં જ પડે છે. તે જ રીતે ઉપર કહ્યા મુજબના મિથ્યાત્વી, ઘોર પાપી પુરુષ વર્ગ એક ગર્ભમાંથી બીજા ગર્ભમાં, એક જન્મમાંથી બીજા જન્મમાં, એક મરણમાંથી બીજા મરણમાં, એક દુઃખમાંથી બીજા દુઃખમાં પડે છે. તે દક્ષિણ દિશાવર્તી ઘોર નરકમાં જાય છે.

તે કૃષ્ણપાક્ષિક નારકી ભાવિમાં દુર્બલ બોધિ થાય છે. આ પ્રકારનો જીવ અક્રિયાવાદી છે.

[૩૬] તે ક્રિયાવાદી કોણ છે ? તે ક્રિયાવાદી આવા પ્રકારનો છે જે આસ્તિકવાદી છે, આસ્તિક બુદ્ધિ છે, આસ્તિક દૃષ્ટિ છે. સમ્યકવાદી અને નિત્ય અર્થાત્ મોક્ષવાદી છે. પરલોકવાદી છે. તેઓ માને છે કે – આલોક, પરલોક છે. માતા–પિતા છે. અરિહંત, ચક્રવર્તી, બળદેવ, વાસુદેવ છે. સુહત–દુષ્કૃત કર્મોનું ફળ છે.

તથા – સદાચરિત કર્મો શુભફળ, અસાદાચારિત કર્મો અશુભ ફળ આપે છે. પુન્ય–પાપ ફળ સહિત છે. જીવ પરલોકમાં જાય છે અને આવે છે. નરક આદિ ચારગતિ છે, મોક્ષ પણ છે.

આ પ્રકારે માનનારા આસ્તિકવાદી, આસ્તિક બુદ્ધિ, આસ્તિક દૃષ્ટિ, સ્વચ્છંદ, રાગ અભિનિવિષ્ટ યાવત્ મહાન ઈચ્છાવાળો પણ થાય છે અને ઉત્તર દિશાવર્તી નરકોમાં ઉત્પન્ન પણ કદાચ થાય, તો પણ તે શુક્લપાક્ષિક હોય છે. ભાવિમાં સુલભબોધિ થઈ, સુગતિ પ્રાપ્ત કરતો અંતે મોક્ષગામી થાય છે. તે ક્રિયાવાદી.

[૩૭] **પહેલી ઉપાસક પ્રતિમા –**

ક્રિયાવાદી મનુષ્ય સર્વ શ્રાવક અને શ્રમણ ધર્મરૂચિ વાળો હોય છે. પણ તે સમ્યક પ્રકારે અનેક શીલવ્રત, ગુણવ્રત, પ્રાણાતિપાત આદિ વિરમણ, પચ્ચક્ખાણ, પૌષધોપવાસનો ધારક હોતો નથી.

પરંતુ સમ્યક્ શ્રદ્ધાવાળો હોય છે.

આ પહેલી 'દર્શન' ઉપાસક પ્રતિમા જાણવી.

આ પ્રતિમા ઉત્કૃષ્ટ એક માસની હોય છે.

[૩૮] **બીજી ઉપાસક પ્રતિમા –**

તે સર્વધર્મ રૂચિવાળો હોય છે. શુદ્ધ સમ્યક્ત્વ ઉપરાંત યતિ શ્રમણ ના દશે ધર્મોની દઢ શ્રદ્ધાવાળો હોય છે.

તે નિયમથી ઘણા શીલવ્રત, ગુણવ્રત, પ્રાણાતિપાત આદિ વિરમણ, પ્રત્યાખ્યાન અને પૌષધોપવાસનું સમ્યક્ પરિપાલન કરે છે.

પણ સામાયિક અને દેશાવકાસિકનું સમ્યક્ પ્રતિપાલન કરી શકતો નથી. વ્રત પાલન કરે છે.

આ બીજી ઉપાસક પ્રતિમા – 'વ્રત પ્રતિમા' છે.

આ પ્રતિમાનો ઉત્કૃષ્ટ કાળ બે મહિના છે.

[૩૯] **હવે ત્રીજી ઉપાસક પ્રતિમા કહે છે –**

તે સર્વધર્મ રૂચિવાળો અને પૂર્વોક્ત બંને પ્રતિમાઓનો દર્શન અને વ્રતનો સમ્યક્ પરિપાલક હોય છે.

તે નિયમથી ઘણા શીલવ્રત, ગુણવ્રત, પ્રાણાતિપાતાદિ વિરમણ, પચ્ચક્ખાણ, પૌષધોપવાસનું સમ્યક્ પ્રકારે પ્રતિપાલન કરે છે.

સામાયિક અને દેશાવકાસિક વ્રતનો પણ સમ્યક્ પાલક છે.

પરંતુ તે ચૌદશ, આઠમ, અમાસ, પૂનમ એ તિથિઓમાં પ્રતિપૂર્ણ પૌષધોપવાસનું સમ્યક્ પરિપાલન કરી શકતો નથી.

તે આ ત્રીજી સામાયિક ઉપાસક પ્રતિમા.

આ સામાયિક પ્રતિમાના પાલનનો ઉત્કૃષ્ટકાળ ત્રણ માસ છે.

[૪૦] **હવે ચોથી ઉપાસક પ્રતિમા કહે છે –**

તે સર્વધર્મ રૂચિવાળો યાવત્ આ પૂર્વે કહેવાઈ તે દર્શન, વ્રત અને સામાયિક એ ત્રણે પ્રતિમાઓનું યથાયોગ્ય અનુપાલન કરનારો હોય છે. તેવો ઉપાસક–

તે નિયમથી ઘણા શીલવ્રત, ગુણવ્રત, પ્રાણાતિપાત આદિ વિરમણ, પચ્ચક્ખાણ, પૌષધોપવાસ તેમજ સામાયિક, દેશાવકાસિક એ બંનેનું સમ્યક્ પરિપાલન કરે છે.

પરંતુ એકરાત્રિકી ઉપાસક પ્રતિમાનું સમ્યક્ પરિપાલન તે ઉપાસક કરી શકતો નથી.

આ ચોથી પૌષધ નામે ઉપાસક પ્રતિમા છે.

આ પ્રતિમાનો ઉત્કૃષ્ટ કાળ ચાર માસ હોય છે.

[૪૧] **હવે પાંચમી ઉપાસક પ્રતિમા કહે છે –**

તે સર્વધર્મ રૂચિવાળો હોય છે. યાવત્ પૂર્વોક્ત દર્શન, વ્રત, સામાયિક અને પૌષધ એ ચારે પ્રતિમાનું સમ્યક્ પરિપાલન કરનાર હોય છે, તેવો ઉપાસક.

નિયમથી ઘણા શીલવ્રત, ગુણવ્રત, પ્રાણાતિપાત આદિ વિરમણ, પચ્ચક્ખાણ, પૌષધોપવાસનું સમ્યક્ રીતે પાલન કરે છે.

તે સામાયિક, દેશાવકાસિક વ્રતનું યથાસૂત્ર, યથાકલ્પ, યથાતથ્ય, યથામાર્ગ શરીરથી સમ્યક્ પ્રકારે સ્પર્શ કરનાર પાલન, શોધન અને કીર્તન કરતો જિનાજ્ઞા મુજબ પાલક થાય છે.

તે ચૌદશાદિ પર્વતિથિએ પૌષધનો અનુપાલક થાય છે.

એકરાત્રિકી ઉપાસક પ્રતિમાનું સમ્યક્ અનુપાલન કરે છે.

તે સ્નાન નથી કરતો, રાત્રિ ભોજન કરતો નથી. તે મુકુલીકૃત અર્થાત્ ધોતીની પાટલી નથી કરતો.

તે આવા પ્રકારના આચરણપૂર્વક વિચરતો જઘન્યથી એક, બે અથવા ત્રણ દિવસ અને ઉત્કૃષ્ટથી પાંચ મહિના સુધી આ પ્રતિમાનું સમ્યક્ પરિપાલન કરે છે.

આ પાંચમી 'દિવસે બ્રહ્મચર્ય' નામે ઉપાસક પ્રતિમા છે.

આ પ્રતિમા ઉત્કૃષ્ટ પાંચ માસની હોય છે.

[૪૨] **હવે છઠ્ઠી ઉપાસક પ્રતિમા કહે છે –**

તે સર્વધર્મ રૂચિવાળો યાવત્ એકરાત્રિકી ઉપાસક પ્રતિમાનો સમ્યક અનુપાલન કર્તા હોય છે. અર્થાત્

૧ દર્શન, ૨ વ્રત, ૩ સામાયિક, ૪ પૌષધ, ૫ દિવસે બ્રહ્મચર્ય પ્રતિમા પાળે છે.

તે ઉપાસક સ્નાન ન કરનારો, દિવસે જ ખાનારો, ધોતીના પાટલી ન બાંધનારો હોય છે.

તે દિવસે અને રાત્રે પૂર્ણ બ્રહ્મચર્ય પાલન કરે છે.

પરંતુ તે પ્રતિજ્ઞાપૂર્વક સચિત્ત આહારનો પરિત્યાગી હોતો નથી. ઉક્ત આચરણપૂર્વક વિચરતો–

તે જઘન્યથી એક, બે અથવા ત્રણ દિવસ અને ઉત્કૃષ્ટથી છ માસ સુધી સૂત્રોક્ત માર્ગાનુસાર આ છઠ્ઠી પ્રતિમાનું સમ્યક્ પરિપાલન કરનારો થાય છે.

આ છઠ્ઠી દિવસ-રાત્રિ બ્રહ્મચર્ય ઉપાસક પ્રતિમા છે.

આ પ્રતિમા ઉત્કૃષ્ટ છ માસની હોય છે.

[૪૩] **હવે સાતમી ઉપાસક પ્રતિમા કહે છે –**

તે સર્વધર્મ રૂચિવાળો હોય છે. યાવત્ દિન-રાત બ્રહ્મચારી અને સચિત્ત આહાર પરિત્યાગી હોય છે.

દર્શન, વ્રત, સામાયિક, પૌષધ, દિવસે બ્રહ્મચર્ય, દિવસ રાત્રિ બ્રહ્મચર્ય એ છ પ્રતિમા પાલક તથા સચિત્ત પરિત્યાગી છે.

પરંતુ આ ઉપાસક ગૃહ આરંભના પરિત્યાગી ન હોય.

આ પ્રકારના આચરણપૂર્વક વિચરતા તે જઘન્યથી એક બે કે ત્રણ દિવસ ઉત્કૃષ્ટ સાત મહિના સુધી સૂત્રોક્ત માર્ગાનુસાર આ પ્રતિમાનું પાલન કરે છે.

આ સાતમી સચિત્ત પરિત્યાગ નામક ઉપાસક પ્રતિમા છે.

આ પ્રતિમા ઉત્કૃષ્ટ સાત માસની હોય છે.

[૪૪] હવે આઠમી ઉપાસક પ્રતિમા કહે છે –

તે સર્વધર્મ રૂચિવાળો હોય છે. ૧ દર્શન, ૨ વ્રત, ૩ સામાયિક, ૪ પૌષધ, ૫ દિવસે બ્રહ્મચર્ય, ૬ દિવસ-રાત્રે બ્રહ્મચર્ય, ૭ સચિત્ત પરિત્યાગી

એ પૂર્વની સાત પ્રતિમાના પાલન ઉપરાંત ઘરના સર્વે આરંભ કાર્યોનો પરિત્યાગી હોય છે.

પરંતુ અન્ય સર્વે આરંભના પરિત્યાગી હોતા નથી.

આ પ્રકારના આચરણપૂર્વક વિચરતા તે જઘન્યથી એક, બે, ત્રણ યાવત્ આઠ મહિના સુધી સૂત્રોક્ત માર્ગાનુસાર આ પ્રતિમાનું પાલન કરે છે.

આ 'આરંભ પરિત્યાગ' નામે આઠમી ઉપાસક પ્રતિમા કહી.

આ પ્રતિમા ઉત્કૃષ્ટ આઠ માસ સુધીની હોય છે.

[૪૫] **હવે નવમી ઉપાસક પ્રતિમા કહે છે –**

તે સર્વધર્મ રૂચિવાળો હોય છે. યાવત્ આરંભ પરિત્યાગી હોય છે.

અર્થાત્ ૧ દર્શન, ૨ વ્રત, ૩ સામાયિક, ૪ પૌષધ, ૫ દિવસે બ્રહ્મચર્ય, ૬ દિવસ-રાત બ્રહ્મચર્ય, ૭ સચિત્ત પરિત્યાગ અને ૮ આરંભ પરિત્યાગ

એ આઠ ઉપાસક પ્રતિમાના પાલનકર્તા, બીજા દ્વારા આરંભ કરાવવાના પણ પરિત્યાગી હોય છે. પરંતુ ઉદ્દિષ્ટ ભક્ત અર્થાત્ પોતાના નિમિત્તે બનાવેલા ભોજન કરનાર પરિત્યાગી હોતા નથી.

આ પ્રકારે આચરણાપૂર્વક વિચરતા તે જઘન્યથી એક બે અથવા ત્રણ દિવસ અને ઉત્કૃષ્ટથી નવ મહિના સુધી સૂત્રોક્ત માર્ગાનુસાર પ્રતિમાને પાળે છે.

આ નવમી 'પ્રેષ્ય પરિત્યાગ' ઉપાસક પ્રતિમા છે.

આ પ્રતિમાનું ઉત્કૃષ્ટ પાલન નવ માસ સુધી હોય છે.

[૪૬] **હવે દશમી ઉપાસક પ્રતિમા કહે છે –**

તે સર્વધર્મ રૂચિવાળો હોય છે. પૂર્વોક્ત નવે પ્રતિમાનો ધારક હોય છે. તે આ પ્રમાણે–

દર્શન, વ્રત, સામાયિક, પૌષધ, દિવસે બ્રહ્મચર્ય, દિવસ-રાત્રિ બ્રહ્મચર્ય, સચિત્ત પરિત્યાગી, આરંભી પરિત્યાગી અને નવમી પ્રેષ્ય પરિત્યાગી પ્રતિમા પાલક હોય છે.

તદુપરાંત ઉદ્દિષ્ટ ભક્ત – તેમના નિમિત્તે બનાવાયેલા ભોજનના પરિત્યાગી હોય છે. તે માથે મુંડન કરાવે છે પરંતુ માત્ર ચોટી રાખે છે.

તેમને કોઈ દ્વારા એક કે વધુ વખત પૂછતા તેમને બે ભાષા બોલવી કલ્પે છે –

જો તે જાણતો હોય તો કહે 'હું જાણુ છું.'

જો તે ન જાણતો હોય તો કહે 'હું જાણતો નથી.'

આ પ્રકારના આચરણપૂર્વક વિચરતા તે જઘન્યથી એક, બે અથવા ત્રણ દિવસ અને ઉત્કૃષ્ટ દશ મહિના સુધી – સૂત્રોક્ત માર્ગાનુસાર આ પ્રતિમાનું પાલન કરે છે.

આ દશમી ઉદ્દિષ્ટ ભોજન નામે ઉપાસક પ્રતિમા કહી.

આ પ્રતિમાનું પાલન ઉત્કૃષ્ટ દશ માસનું હોય છે.

[૪૭] **હવે અગિયારમી ઉપાસક પ્રતિમા કહે છે –**

તે સાધુ અને શ્રાવક સર્વધર્મની રૂચિવાળો હોય છે.

તે ઉક્ત દશે પ્રતિમા ૧ દર્શન, ૨ વ્રત, ૩ સામાયિક, ૪ પૌષધ, ૫ દિવસે બ્રહ્મચર્ય, ૬ દિવસ-રાત્રિ બ્રહ્મચર્ય, ૭ સચિત્ત પરિત્યાગી, ૮ આરંભ પરિત્યાગી, ૯ પ્રેષ્ય પરિત્યાગી અને ૧૦ ઉદ્દિષ્ટ ભક્ત પરિત્યાગીનો પાલક હોય છે.

તે માથે મુંડન કરાવે છે કે લોચ કરે છે.

તે સાધુ આચાર અને પાત્ર ઉપકરણ ગ્રહણ કરીને શ્રમણ નિર્ગ્રંથનો વેશ ધારણ કરે છે.

તેમને માટે પ્રરૂપિત શ્રમણધર્મને સમ્યક્ પ્રકારે કાયાથી સ્પર્શ કરતો અને પાલન કરતો વિચરે છે.

ચાર હાથ પ્રમાણ ભૂમિ જોઈને ચાલે છે.

એ પ્રમાણે ઈર્યાસમિતિનું પાલન કરતો ત્રસ પ્રાણીને જોઈને તેની રક્ષા માટે પગ ઉપાડી લે છે. પગ સંકોચીને ચાલે છે કે આડા પગ રાખીને ચાલે છે.

એ રીતે જીવ રક્ષા કરે છે. જીવ વ્યાપ્ત માર્ગ છોડીને શક્ય હોય તો બીજા વિદ્યમાન માર્ગે ચાલે છે.

જયણાપૂર્વક ચાલે છે, પણ પૂરું નિરીક્ષણ કર્યા વિના સીધા માર્ગે ચાલતો નથી.

ફક્ત જ્ઞાતિવર્ગ સાથે તેના પ્રેમબંધનનો વિચ્છેદ હોતો નથી.

તેથી તેમને જ્ઞાતિના લોકોમાં ભિક્ષાવૃત્તિ માટે જવાનું કલ્પે છે અર્થાત્ સ્વજનોને ત્યાંથી આહાર લાવે છે. પરંતુ તેમાં આ કહેવાયેલ નિયમો પાળે–

તે ઉપાસક સ્વજન, સંબંધીના ઘેર પહોંચે તે પહેલાં–

૧ ભાત રંધાઈ ગયા હોય અને મગની દાળ થયેલ ન હોય તેન ભાત લેવા કલ્પે, દાળ લેવી નહીં.

૨ જો પહેલાં મગની દાળ રંધાઈ ગયેલી હોય, પણ ભાત રંધાઈ ગયા ન હોય, તો તે ઉપાસકને ત્યાંથી મગની દાળ લેવી કલ્પે પણ ભાત લેવા ન કલ્પે.

૩ જો તેના પહોંચ્યા પહેલા દાળ અને ભાત બંને રંધાઈ ગયા હોય, તો બંને લેવા કલ્પે છે.

૪ જો તેના પહોંચ્યા પહેલા બેમાંથી એક રંધાયેલા ન હોય તો તે ઉપાસકને કશું લેવુ કલ્પતુ નથી.

સંક્ષેપમાં કહીએ તો – તે ઉપાસકના પહોંચ્યા પહેલાં જે પદાર્થ તૈયાર થયેલ હોય તે લેવા કલ્પે, પણ તેના ગયા પછી બનાવાયેલો કોઈપણ પદાર્થ લેવો ન કલ્પે.

જ્યારે આ અગિયારમી પ્રતિમા–શ્રમણ ભૂત પ્રતિમાનો ધારક ઉપાસક ગૃહપતિના કુળ ઘર માં આહાર ગ્રહણ કરવાની ઇચ્છાથી પ્રવેશ કરે ત્યારે તેણે આ રીતે બોલવું જોઈએ.

પ્રતિમાધારી શ્રમણોપાસકને ભિક્ષા આપો.

આવા પ્રકારના આચરણપૂર્વક વિચરતા એવા તે ઉપાસકને જોઈને કદાચ કોઈ પૂછે–

હે આયુષ્યમાન્! તમે કોણ છો?"

ત્યારે તે અગિયારમી પ્રતિમા વહન કરી રહેલા ઉપાસકે કહેવું જોઈએ કે –

હું પ્રતિમાધારી શ્રમણ છું.

આવા પ્રકારના આચરણપૂર્વક વિચરતા તે,

૧ જઘન્યથી એક, બે અથવા ત્રણ દિવસ.

૨ ઉત્કૃષ્ટથી અગિયાર મહિના સુધી.

આ અગિયારમી 'શ્રમણભૂત' નામક ઉપાસક પ્રતિમાને – સમ્યક્ રીતે અનુપાલિત કરતો વિચરે,

એ પ્રમાણે અગિયારમી શ્રમણભૂત પ્રતિમા કહી.

આ પ્રતિમાનું પાલન ઉત્કૃષ્ટ ૧૧ માસનું હોય છે.

આ પ્રમાણે તે સ્થાવર ભગવંતોએ નિશ્ચયથી અગિયાર ઉપાસક પ્રતિમાઓ શ્રાવકોને આદરવાની અને આચરવાની વિશિષ્ટ અગિયાર પ્રતિજ્ઞાઓ કહેલી છે. તે પ્રમાણે હું તમને કહું છું.

અહીં આ દશાના આરંભે અક્રિયાવાદી અને ક્રિયાવાદીનું વર્ણન કયા કારણોથી જોડાયેલ છે તે અમે સમજી શક્યા નથી.

## દશાશ્રુતસ્કંધની દશા-૬નો મુનિ દીપરત્નસાગરે કરેલ સૂત્રાનુવાદ પૂર્ણ

# દશા-૭ 'ભિક્ષુ પ્રતિમા'

**આ દશાનું નામ ભિક્ષુ–પ્રતિમા છે.**

**જે રીતે આ પૂર્વેની દશામાં શ્રાવક–શ્રમણોપાસકની ૧૧ પ્રતિમાઓનું નિરૂપણ કરેલ છે તેમ આ દશામાં ભિક્ષુ અર્થાત્ શ્રમણ કે સાધુની ૧૨ પ્રતિમાઓનું સૂત્રકારશ્રી નિરૂપણ કરી રહેલા છે.**

**અહીં પણ 'પ્રતિમા' શબ્દનો અર્થ 'વિશિષ્ટ પ્રકારના આચારયુક્ત પ્રતિજ્ઞા' એ પ્રમાણે જ સમજવો.**

[૪૮] હે આયુષ્યમાન્ ! તે નિર્વાણપ્રાપ્ત ભગવંતના સ્વમુખેથી મેં એવું સાંભળેલુ છે કે – આ જિન પ્રવચનમાં સ્થવિર ભગવંતોએ નિશ્ચયથી બાર ભિક્ષુપ્રતિમાઓ કહી છે.

તે સ્થવિર ભગવંતોએ નિશ્ચયથી બાર ભિક્ષુપ્રતિમા કઈ કહી છે? તે સ્થવિર ભગવંતોએ નિશ્ચયથી કહેલી બાર ભિક્ષુપ્રતિમા આ પ્રમાણે છે –

૧ એકમાસિકી, ૨ દ્વિમાસિકી, ૩ ત્રિમાસિકી, ૪ ચાતુર્માસિકી, ૫ પંચમાસિકી, ૬ છમાસિકી, ૭ સાત માસિકી, ૮ પહેલી સાત અહોરાત્રિકી, ૯ બીજી સાત અહોરાત્રિકી, ૧૦ ત્રીજી સાત અહોરાત્રિકી, ૧૧ અહો–રાત્રિકી, ૧૨ એકરાત્રિકી.

[૪૯] હવે એક માસિકી ભિક્ષુપ્રતિમા કહે છે –

માસિકી ભિક્ષુપ્રતિમાને ધારણ કરતા સાધુ કાયાને વોસીરાવી દીધેલા અને શરીરના મમત્વભાવના ત્યાગી હોય છે.

દેવ, મનુષ્ય કે તિર્યંચ સંબંધી જે કાંઈ ઉપસર્ગ આવે છે. તેને તે સમ્યક્ પ્રકારે સહન કરે છે. ઉપસર્ગ કરનારને ક્ષમા કરે છે, અદીન ભાવે સહન કરે છે, શારીરિક ક્ષમાપૂર્વક તેનો સામનો કરે છે.

માસિક ભિક્ષુપ્રતિમાધારી સાધુને એક દત્તી ભોજન અને એક દત્તી પાણી લેવું કલ્પે. દત્તી એટલે એક અખંડ ધારાથી જેટલું ભોજન કે પાણીનો દાતા આપે તે.

આ દત્તી પણ અજ્ઞાત કુળથી હોય, અલ્પ માત્રામાં બીજા માટે બનાવેલ હોય, અનેક દ્વિપદ, ચતુષ્પદ, શ્રમણ, બ્રાહ્મણ, અતિથિ, કૃપણ, ભિખારી આદિના ભિક્ષા લઈને ચાલી ગયા હોય, ત્યાર બાદ ગ્રહણ કરવી કલ્પે છે.

વળી, આ દત્તી જ્યાં એક વ્યક્તિ ભોજન કરતો હોય ત્યાંથી લેવી કલ્પે. પણ બે, ત્રણ, ચાર, પાંચ વ્યક્તિ સાથે બેસીને ભોજન કરતા હોય ત્યાંથી લેવી ન કલ્પે.

ગર્ભિણી, નાના બાળવાળી કે બાળકને દૂધ પાતી હોય તેની પાસેથી આહાર–પાણીની દત્તી લેવી ન કલ્પે.

જેના બંને પગ ડેલી – ઉંબરાની બહાર હોય કે અંદર હોય તો તે સ્ત્રી પાસેથી દત્તી લેવી ન કલ્પે.

પણ એક પગ અંદર ને એક પગ બહાર હોય તો તેના હાથે લેવું કલ્પે. પણ જો તે દેવા ન ઇચ્છતી હોય તો તેના હાથે લેવું કલ્પે નહીં.

માસિકી ભિક્ષુપ્રતિમા ધારણ કરેલા સાધુને આહાર લાવવા માટેના ત્રણ સમય કહ્યા છે–

૧ આદિ દિવસનો પહેલો ભાગ,

૨ મધ્યે મધ્યાહ્ન અને

૩ અંતિમ દિવસનો અંતિમ ભાગ.

જે ભિક્ષુ આદિમાં ગૌચરી જાય, તે મધ્યે કે અંતે ન જાય, જે ભિક્ષુ મધ્યે જાય તે આદિ કે અંતે ન જાય, જે ભિક્ષુ અંતે જાય તે આદિ કે મધ્યે ન જાય. તે વિધિ છે.

માસિકી ભિક્ષુ પ્રતિમાધારી સાધુને છ પ્રકારની ગૌચરી કહી છે.

૧ પેટા–પેટીની જેમ ચાર ખૂણાથી ગમન કરવા પૂર્વક ગૌચરી જવું.

૨ અર્ધ પેટા – બે ખૂણાથી ગમન કરવું.

૩ ગોમૂત્રિકા – ચાલતા ચાલતા બળદ જ્યારે પેશાબ કરે ત્યારે જે વાંકીચૂકી રેખા અંકિત થાય તે રીતે ગૌચરી જવું.

૪ પતંગવીથિકા – પક્ષીની જેમ વચલા સ્થાનો છોડી એક જગ્યાએથી બીજી જગ્યાએ બેસે. તે રીતે ક્રમરહિત ગૌચરી જવું.

૫ શંબૂકાવર્તી – દક્ષિણાવર્તી કે વામાવર્ત શંખની જેમ ડાબેથી જમણે કે જમણેથી ડાબે ફરતા ગૌચરી જવું.

૬ ગત્વા પ્રત્યાગતા – ગલીના છેલ્લા ઘરેથી પહેલા ઘર તરફ ગૌચરી ગમન કરવું.

આ છ પ્રકારની ગૌચરીમાંથી કોઈ એક પ્રકારની ગૌચરીનો અભિગ્રહ લઈ પ્રતિમાધારક સાધુને ભિક્ષા લેવી કલ્પે.

જે ગામ યાવત્ મંડળમાં એકમાસિકી ભિક્ષુપ્રતિમા ધારક સાધુને જો કોઈ જાણતુ હોય તો તેને ત્યાં એક રાત રહેવું કલ્પે.

જો કોઈ ન જાણતુ હોય તો એક કે બે રાત રહેવું કલ્પે.

પણ જો તેના કરતા વધુ નિવાસ કરે તો તે ભિક્ષુ તેટલા દિવસના છેદ કે પરિહાર તપને પાત્ર થાય છે.

માસિકી ભિક્ષુપ્રતિમા ધારક સાધુને ચાર ભાષા બોલવી કલ્પે છે. તે આ પ્રમાણે – યાચની, પૃચ્છની, અનુજ્ઞાપની, વ્યાકરણી.

૧ યાચની – આહાર, વસ્ત્ર, પાત્ર આદિ માંગવા માટે જે ભાષા બોલાય તે.

૨ પૃચ્છની – સ્વાધ્યાય આદિમાં ઉદ્ભવેલ પ્રશ્નના નિવારણ માટે બોલાય તે.

૩ અનુજ્ઞાપની – શય્યાતર પાસે સ્થાન આદિની આજ્ઞા માટે બોલાય તે.

૪ પૃષ્ઠ વ્યાકરણી – પૂછેલ પ્રશ્નના ઉત્તર માટે બોલાતી.

માસિકી ભિક્ષુપ્રતિમા પ્રતિપન્ન (સ્વીકારેલ) સાધુને ત્રણ પ્રકારના ઉપાશ્રયોનું પ્રતિલેખન કરવું કે આજ્ઞા લેવી કે ત્યાં રહેવું કલ્પે છે. તે આ પ્રમાણે –

૧ ઉદ્યાનમાં રહેલું ગૃહ  ૨ ચારે તરફથી ઢંકાયેલુ ન હોય તેવું ગૃહ  ૩ વૃક્ષની નીચે બનેલુ ગૃહ.

ભિક્ષુપ્રતિમા ધારક સાધુને ત્રણ પ્રકારના સંસ્તારકની પ્રતિલેખના કરવી, આજ્ઞા લેવી કે ગ્રહણ કરવાનું કલ્પે છે. તે આ પ્રમાણે – પૃથ્વીશિલા, લાકડાની પાટ, પહેલાંથી બિછાવેલ તૃણ.

માસિકી ભિક્ષુપ્રતિમા ધારક સાધુને ઉપાશ્રયમાં કોઈ સ્ત્રી પુરુષ આવીને અનાચારનું આચરણ કરતા જોવા મળે તો તે ઉપાશ્રયમાં નિષ્ક્રમણ કે પ્રવેશ કરવો ન કલ્પે.

ત્યાં કોઈ અગ્નિ સળગી ઉઠે કે સળગાવે તો તે પ્રતિમા ધારકને નિષ્ક્રમણ કે પ્રવેશ કરવો ન કલ્પે.

કદાચ કોઈ હાથ પકડીને બહાર કાઢવા ઈચ્છે તો પણ તેનો સહારો લઈને ન નીકળે પણ જયણાપૂર્વક ચાલતા ચાલતા નીકળે.

માસિકી ભિક્ષુપ્રતિમા ધારક સાધુના પગમાં કાંટો, કાંકરો, કાચ ઘૂસી જાય ત્યારે કે આંખમાં મચ્છર વગેરે સૂક્ષ્મ

જંતુ બીજ રજ આદિ પડે તો તેને કાઢવાનું કે શુદ્ધિ કરવાનું ન કલ્પે. પરંતુ જયણાપૂર્વક રહેવાનું કલ્પે.

માસિકી ભિક્ષુપ્રતિમા ધારક સાધુને વિહાર કરતા કરતા જ્યાં સૂર્યાસ્ત થઈ જાય ત્યાં જ રહેવું પડે.

તે સ્થાન જલ હોય કે સ્થળ, દુર્ગમ માર્ગ હોય કે નિમ્નમાર્ગ, પર્વત હોય કે વિષમ માર્ગ, ખાડા હોય કે ગુફા, આખી રાત્રિ ત્યાં જ રહેવું પડે. એક ડગલું પણ આગળ ન જવાય.

પરંતુ સવારે સૂર્યની પ્રભા પ્રગટ થાય ત્યાંથી સૂર્ય ઝળહળતો થાય પછી પૂર્વ, દક્ષિણ, પશ્ચિમ કે ઉત્તર દિશા અભિમુખ થઈ જયણાપૂર્વક ગમન કરવું કલ્પે.

માસિકી ભિક્ષુપ્રતિમા ધારક સાધુને સચિત્ત પૃથ્વી ઉપર નિદ્રા લેવી કે સૂવું કલ્પે નહીં. કેવળી ભગવંતે તેને કર્મબંધનું કારણ કહેલું છે. તે સાધુ એ રીતે નિદ્રા લેતા કે સૂતા પોતાના હાથેથી ભૂમિને સ્પર્શ કરે તો જીવહિંસા થશે.

ઉક્ત કારણે તેણે સૂત્રોક્ત વિધિથી નિર્દોષ સ્થાને રહેવું કે વિહાર કરવો જોઈએ.

જો તે સાધુને મળ–મૂત્રની શંકા થાય તો રોકવી જોઈએ નહીં, પણ પૂર્વે પડિલેહણ કરેલી ભૂમિ ઉપર ત્યાગ કરવો જોઈએ. ફરી તે જ ઉપાશ્રયે આવી સૂત્રોક્ત વિધિ મુજબ નિર્દોષ સ્થાને રહેવું.

માસિકી ભિક્ષુપ્રતિમા ધારક સાધુને સચિત્ત રજવાળા શરીર સાથે ગૃહસ્થો કે ગૃહસમુદાયમાં ભોજન–પાન માટે જવું કે ત્યાંથી નીકળવું કલ્પતુ નથી.

જો તેને જાણ થઈ જાય કે શરીર ઉપર સચિત્ત રજ પસીનાથી અચિત્ત થઈ ગઈ છે, તો તેને ત્યાં પ્રવેશ કે નિર્ગમન કરવું કલ્પે છે.

વળી તેને અચિત્ત એવા ઠંડા કે ગરમ પાણીથી હાથ, પગ, દાંત, આંખ કે મોઢું એકવાર કે વારંવાર ધોવું કલ્પતુ નથી. ફક્ત મળ–મૂત્રાદિથી લેપાયેલ શરીર કે ભોજન–પાનથી લિપ્ત એવા હાથ અને મુખ જ ધોવા કલ્પે છે.

માસિકી ભિક્ષુપ્રતિમા ધારક સાધુની સામે વિહાર કરતી વેળાએ ઘોડો, હાથી, બળદ, ભેંસ, સિંહ, વાઘ, ભેડીયા, રીંછ, ચિત્તો, તેંદુક, પરાશર, કૂતરો, બિલાડો, સાપ, સસલું, શિયાળ, ભૂંડ આદિ હિંસક પ્રાણી આવી જાય તો –

ભયભીત થઈને એક ડગલું પણ પાછળ ખસવું ન કલ્પે.

એ જ રીતે ઠંડી લાગે તો તડકામાં જવું કે ગરમી લાગે તો છાયામાં જવું પણ તેને ન કલ્પે.

પણ જ્યાં જેવી ઠંડી કે ગરમી હોય તેને સહન કરવી.

માસિકી ભિક્ષુપ્રતિમાને તે સાધુએ

૧ સૂત્ર મુજબ, આચાર મુજબ, માર્ગ મુજબ

૨ જે રીતે કહેવાયેલ હોય તે રીતે સમ્યક્ પ્રકારે

૩ કાયા દ્વારા સ્પર્શવી, પાલન કરવી, શુદ્ધિપૂર્વક કીર્તન અને આરાધન કરવું.

ત્યારે તે ભિક્ષુ જિનાજ્ઞા મુજબ પાલન કરવાવાળા થાય છે.

[૫૦] હવે બે માસિકી ભિક્ષુપ્રતિમા કહે છે –

બે માસિકી ભિક્ષુપ્રતિમા ધારક સાધુ હંમેશા કાયાની માયાનો ત્યાગ કરેલા ઇત્યાદિ બધું પ્રથમ ભિક્ષુપ્રતિમા વત્ જાણવુ.

વિશેષ એ કે – ભોજન, પાણીની બે દત્તી ગ્રહણ કરવી કલ્પે છે

અને બીજી પ્રતિજ્ઞાનું પાલન બે માસ સુધી કરે.

એ પ્રમાણે ભોજન-પાનની એક એક દત્તી ને એક એક માસનું પ્રતિમા પાલન સાત દત્તી સુધી સમજી લેવું, અર્થાત્-

૩ ત્રીજી પ્રતિમા, ત્રણ દત્તી, ત્રણ માસ પાલન.

૪ ચોથી પ્રતિમા, ચાર દત્તી, ચાર માસ પાલન.

૫ પાંચમી પ્રતિમા, પાંચ દત્તી, પાંચ માસ પાલન.

૬ છટ્ઠી પ્રતિમા, છ દત્તી, છ માસ પાલન.

૭ સાતમી પ્રતિમા, સાત દત્તી, સાત માસ પાલન.

એ પ્રમાણે બીજી પ્રતિમાના સૂત્રમાં **ત્રીજીથી સાતમી પ્રતિમા પર્યન્ત** અતિદેશ જણાવી **સાત પ્રતિમાનું કથન** પૂરુ કર્યું.

[૫૧] **હવે આઠમી ભિક્ષુપ્રતિમા કહે છે-**

પહેલી સાત અહોરાત્રિકી અર્થાત્ એક સપ્તાહની આઠમી ભિક્ષુપ્રતિમા ધારી સાધુ ...

હંમેશા કાયાની મમતા રહિતપણે યાવત્ ઉપસર્ગાદિને સહન કરે છે. તે સર્વે પહેલી પ્રતિમા મુજબ જાણવુ.

તે સાધુ નિર્જળ ચોથભક્ત એટલે કે ઉપવાસ પછી અન્ન-પાન લેવું કલ્પે છે.

ગામ યાવત્ રાજધાનીની બહાર ઉપાસન, પાર્શ્વાસન અથવા નિષાધાસનથી કાયોત્સર્ગ કરે.

દેવ, મનુષ્ય કે તિર્યંચ સંબંધી જે કોઈ ઉપસર્ગ ઉત્પન્ન થાય અને તે ઉપસર્ગ જો તે સાધુને ધ્યાનથી ચલિત કે પતિત કરે તો તેને ચલિત કે પતિત થવું ન કલ્પે.

જો મળ-મૂત્રની બાધા ઉત્પન્ન થાય તો તેને રોકે નહીં પરંતુ પૂર્વ પડિલેહિત ભૂમિ ઉપર મળ-મૂત્રનો ત્યાગ કરવો કલ્પે. પુનઃ વિધિ મુજબ પોતાના સ્થાને આવીને તેને કાયોત્સર્ગ કરી સ્થિત રહેવું પડે છે.

આ રીતે તે સાધુ પહેલી એક સપ્તાહ રૂપ – આઠમી ભિક્ષુપ્રતિમાનું સૂત્રાનુસાર યાવત્ જિનાજ્ઞાનુસાર પાલન કરવાવાળો હોય છે. તેમ આખો આલાવો કહેવો.

**આ જ રીતે નવમી ભિક્ષુપ્રતિમા –**

નવમી ભિક્ષુપ્રતિમા જેને **બીજી સાત અહોરાત્રિકી કહે છે** અર્થાત્ તે એક સપ્તાહની હોય છે.

વિશેષમાં એ કે – આ પ્રતિમાના આરાધક ભિક્ષુને દંડાસન, લંગડાસન કે ઉત્કુટુકાસનમાં સ્થિત રહેવું જોઈએ.

**આ જ રીતે – દશમી ભિક્ષુપ્રતિમા –**

દશમી ભિક્ષુપ્રતિમા જેને ત્રીજી સાત અહોરાત્રિકી કહે છે અર્થાત્ તે એક સપ્તાહની હોય છે તે પૂર્વવત્.

વિશેષમાં એ કે આ ભિક્ષુ પ્રતિમાના કાળમાં તે સાધુ ગોદોહિક આસન, વીરાસન અથવા આમ્ર કુબ્જાસને સ્થિત રહેવું.

**[૫૨] અગિયારમી ભિક્ષુપ્રતિમા –**

આ પ્રતિમાને એક અહોરાત્રિકી ભિક્ષુપ્રતિમા કહે છે.

તેની વિધિ આદિ પૂર્વ પ્રતિમા મુજબ જાણવુ.

–વિશેષ વિધિ આ પ્રમાણે જાણવી –

૧ નિર્જળ છટ્ઠભક્ત એટલે કે ચોવિહારો છટ્ઠ કરીને ભોજન તથા પાનનું ગ્રહણ કરવું કલ્પે.

૨ ગામ યાવત્ રાજધાનીની બહાર

બંને પગોને સંકોચીને,

બે હાથ જાનુ પર્યન્ત લાંબા રાખી,

તે ભિક્ષુ કાયોત્સર્ગ કરે.

સમગ્ર પ્રતિમાની આરાધન વિધિ પૂર્વે કહ્યા મુજબ છે. યાવત્ તે રીતે એકરાત્રિકી પ્રતિમાને અર્થાત્ અગિયારમી પ્રતિમાને આરાધતો ભિક્ષુ જિનાજ્ઞાનુસાર પાલન કરે છે.

**હવે બારમી ભિક્ષુપ્રતિમા કહે છે –**

બારમી ભિક્ષુપ્રતિમા અર્થાત્ **એકરાત્રિકી ભિક્ષુપ્રતિમાધારી** અણગારને શરીરના મમત્વનો ત્યાગ આદિ સર્વે પૂર્વેના સૂત્રમાં કહ્યા મુજબ જાણવા.

વિશેષ વિધિ આ પ્રમાણે જાણવી.

૧ નિર્જળ અટ્ઠમ ભક્ત એટલે કે ચોવીહારો અટ્ઠમ કરે.

૨ પછી પ્રતિમા–૧૧ મુજબ અન્ન–જળ ગ્રહણ કરે.

૩ ગામ બહાર અથવા રાજધાનીની બહાર જઈને, શરીરને થોડું આગળના ભાગે નમાવીને એક પુદ્‌ગલ ઉપર દષ્ટિ રાખી.

અનિમેષ નેત્રો વડે અને નિશ્ચલ અંગોથી–

સર્વે ઈન્દ્રિયોને ગોપવીને–

બંને પગોને સંકોચીને – તથા –

બંને હાથ જાનુ પર્યન્ત લટકતા રાખીને–

તે ભિક્ષુ કાયોત્સર્ગ કરે.

તે ભિક્ષુ દેવ, મનુષ્ય, તિર્યંચ સંબંધી–

જે ઉપસર્ગો ઉત્પન્ન થાય તેને સહન કરે–

પણ તેને ચલિત થવું કે પતિત થવું ન કલ્પે.

મળમૂત્રની બાધા થાય તો પૂર્વ પ્રતિલેખિત સ્થાનમાં પરઠવીને પાછા સ્વસ્થાને વિધિપૂર્વક આવીને તે ભિક્ષુ કાયોત્સર્ગ આદિ ક્રિયામાં પુનઃ સ્થિર થાય.

ઉક્ત એકરાત્રિકી પ્રતિમાનું સમ્યક્ પાલન ન કરનાર સાધુ માટે ત્રણ સ્થાનો– ૧ અહિતકર, ૨ અશુભ, ૩ અસામર્થ્યકર, ૪ અકલ્યાણકર અને દુઃખદ ભાવિવાળા હોય છે, તે આ–

૧ ઉન્માદની પ્રાપ્તિ

૨ લાંબા ગાળાના રોગ – આતંકની પ્રાપ્તિ

૩ કેવલી પ્રરૂપિત ધર્મથી ભ્રષ્ટ થવું.

ઉક્ત એકરાત્રિકી પ્રતિમાનું સમ્યક્ પાલન કરનાર સાધુને ત્રણ સ્થાનો– ૧ હિતકર ૨ શુભ ૩ સામર્થ્યકર. ૪ કલ્યાણકર અને સુખદ ભાવિવાળા હોય છે તે આ –

૧ અવધિજ્ઞાનની ઉત્પત્તિ

૨ મનઃપર્યવ જ્ઞાનની ઉત્પત્તિ

૩ કેવળજ્ઞાનની ઉત્પત્તિ.

આ રીતે એકરાત્રિકી ભિક્ષુપ્રતિમાને સૂત્રાનુસાર, કલ્પાનુસાર, માર્ગાનુસાર યથાર્થરૂપે–
સમ્યક્ પ્રકારે શરીરથી સ્પર્શિત કરી અને
જેઓ આરાધે છે તે જિનાજ્ઞાના આરાધક હોય છે.

**આ બાર ભિક્ષુપ્રતિમાને નિશ્ચયથી તે સ્થવિર ભગવંતોએ કહેલી તે પ્રમાણે હું તમોને કહું છું.**

## દશાશ્રુતસ્કંધની દશા-૭ નો મુનિ દીપરત્નસાગરે કરેલ સૂત્રાનુવાદ પૂર્ણ

# દશા–૮ ' પર્યુષણા'

[૫૩] તે કાળે, તે સમયે શ્રમણ ભગવંત મહાવીરની પાંચ બાબતો ઉત્તરા ફાલ્ગુની નક્ષત્રમાં થઈ –

૧ ઉત્તરા ફાલ્ગુનીમાં દેવલોકથી ચ્યવીને ગર્ભમાં આવ્યા

૨ ઉત્તરા ફાલ્ગુનીમાં ગર્ભ સંહરણ થયું

૩ ઉત્તરા ફાલ્ગુનીમાં જન્મ થયો

૪ ઉત્તરા ફાલ્ગુની નક્ષત્રમાં મુંડીત થઈને અગારમાંથી અનગારપણાને–સાધુપણાને પામ્યા.

૫ ઉત્તરાફાલ્ગુની નક્ષત્રમાં અનંત, અનુત્તર, અવિનાશી નિરાવરણ, સંપૂર્ણ, કેવળજ્ઞાન, કેવલદર્શન ઉત્પન્ન થયા.

અને સ્વાતિ નક્ષત્રમાં પરિનિર્વાણ પામ્યા. મોક્ષે ગયા.

યાવત્ આ પર્યુષણા કલ્પ વિશે પુનઃ પુનઃ ઉપદેશ કરાયો છે. અહીં પર્યુષણા કલ્પ થકી આચારની સાથે સાથે ચ્યવનથી નિર્વાણ સુધીનું સમગ્ર મહાવીર ચરિત્ર 'જાવ' શબ્દથી સમજી લેવું.

અર્થાત્ પૂર્વભવ અને ચ્યવન, જન્મકલ્યાણક તથા પૂર્વેનું જીવન દીક્ષા ચર્યા, ઉપસર્ગ આદિ સહેવા, કેવલજ્ઞાનનો ઉપદેશ, નિર્વાણ કલ્યાણક એ પ્રમાણે ભગવંતે કહેલું હું તમને કહું છું.

દશાશ્રુતસ્કંધનું આઠમું અધ્યયન આઠમી દશા એ કલ્પસૂત્ર છે. તેવો મત આપણે ત્યાં પ્રસિદ્ધ છે. તો પણ 'દસાસુયક્ખંધ'ની ઉપલબ્ધ પ્રતિઓમાં બધે હાલ ઉપરોક્ત આટલું જ સૂત્ર મુદ્રિત થયેલ જોવા મળે છે.

કલ્પસૂત્રની વ્યાખ્યામાં તેને આઠમાં અધ્યયન રૂપે ઓળખાય છે. પણ દશાશ્રુતસ્કંધમાં અંતર્ગતપણે તો આ સંક્ષિપ્તસૂત્રથી વિશેષ કશું જ નથી. તેથી અભ્યાસકે વ્યામોહમાં ન પડવું ન. કેમકે તત્ત્વ તો બહુશ્રુત જ જણાવી શકે

હા, એટલું ચોક્કસ કે પ્રાપ્ત કલ્પસૂત્ર ઉપર નિર્યુક્તિ, ચૂર્ણિ ઉપરાંત કલ્પપંજિકા, કલ્પકિરણાવલી, કલ્પ દીપિકા, પ્રદીપિકા, સુબોધિકા, કલ્પ કૌમુદી, કલ્પદ્રુમકણિકા, કલ્પમંજરી ઇત્યાદિ અનેક વૃત્તિઓ છે.

તદુપરાંત કલ્પસૂત્ર અવચૂરી, અવચૂર્ણિ, ટીપ્પણકાદિ પણ ઉપલબ્ધ છે જ. ટબ્બા પણ મળે છે, અનુવાદ પણ મળે છે.

સંવત–૧૩૬૪ થી સંવત–૧૭૦૭ સુધીમાં અનેક સંસ્કૃત ટીકાઓ અને તે પૂર્વે પણ ચૂર્ણિ આદિની રચના થયેલી જ છે.

સારાંશ એ કે ઉક્ત કલ્પસૂત્ર દશાશ્રુતસ્કંધનું આઠમું અધ્યયન છે અથવા નથી અને જો હોય તો અહીં સંક્ષિપ્ત સૂત્ર જ કેમ છે ? ઇત્યાદિ વિશે મૂર્તિપૂજક શ્વેતાંબર સિવાયના વિદ્વાનો, સંશોધકો કે શ્રમણ વર્ગે ઊભો કરેલ વ્યામોહ તાર્કિક લાગે તો પણ શાસ્ત્ર સંમત છે કે નહીં તેનો નિર્ણય શ્રદ્ધાવાળા બહુશ્રુત પાસે મેળવવો.

## દશાશ્રુતસ્કંધની દશા-૮નો મુનિ દીપરત્નસાગરે કરેલ સૂત્રાનુવાદ પૂર્ણ

# દશા–૯ ' મોહનીય સ્થાનો'

**આઠ કર્મોમાં મોહનીય કર્મ પ્રબળ છે. તેની સ્થિતિ પણ સૌથી વધુ લાંબી છે. તેનો સંપૂર્ણ ક્ષય થતાં જ ક્રમશઃ બાકીના કર્મો ક્ષય પામે છે.**

**આ મોહનીય કર્મના બંધન માટે ત્રીશ સ્થાનો અર્થાત્ કારણો આ દશામાં કહેવાયેલા છે. તે આ રીતે –**

[૫૪] તે કાળે અને તે સમયે ચંપા નામક નગરી હતી. વર્ણન ઉવવાઈ સૂત્રાનુસાર નગરી બહાર પૂર્ણભદ્ર નામે ચૈત્ય હતું. ત્યાં કોણિક નામે રાજા અને ધારિણી નામે રાણી હતી.

શ્રમણ ભગવાન મહાવીર ત્યાં બહાર ઉદ્યાનમાં સમોસર્યા. ચંપાનગરીથી પર્ષદા નીકળી. ભગવાને ધર્મ કહ્યો. ધર્મ શ્રવણ કરીને પર્ષદા પાછી ફરી.

શ્રમણ ભગવાન મહાવીરે ઘણા સાધુ–સાધ્વીને આમંત્રણા કરી આ પ્રમાણે કહ્યું – હે આર્યો ! ત્રીશ મોહનીય સ્થાનો છે. જે સ્ત્રી કે પુરુષ આ સ્થાનોનું વારંવાર આચારણ–સેવન કરે છે, તે મોહનીય કર્મો બાંધે છે.

[૫૫] મોહનીય સ્થાન – ૧ – જે કોઈ ત્રસ પ્રાણીને પાણીમાં ડૂબાડીને કે તીવ્ર જળધારામાં નાંખીને તેને મારે છે, તે મહામોહનીય કર્મ બાંધે છે.

[૫૬] મોહનીય સ્થાન – ૨ – જે પ્રાણીઓના મુખ, નાક આદિ શ્વાસ લેવાના દ્વારોને હાથ આદિથી અવરુદ્ધ કરી અવ્યક્ત શબ્દ કરતા પ્રાણીને મારે છે – તે મહામોહનીય કર્મ બાંધે છે.

[૫૭] મોહનીય સ્થાન – ૩ – જે અનેક પ્રાણીઓને એક ઘરમાં ઘેરીને અગ્નિના ધૂમાડાથી તેને મારે છે – તે મહામોહનીય કર્મ બાંધે છે.

[૫૮] મોહનીય સ્થાન – ૪ – જે કોઈ પ્રાણીના ઉત્તમાંગ – મસ્તક ઉપર શસ્ત્રથી પ્રહાર કરી તેનું ભેદન કરે છે – તે મહામોહનીય કર્મ બાંધે છે.

[૫૯] મોહનીય સ્થાન – ૫ – જે તીવ્ર અશુભ પરિણામોથી કોઈ પ્રાણીના મસ્તકને ભીના ચામડાથી અનેક બંધને બાંધે – તે મહામોહનીય કર્મને બાંધે છે.

[૬૦] મોહનીય સ્થાન – ૬ – જે કોઈ પ્રાણીને દગો દઈને ભાલાથી દંડાથી મારીને હસે છે – તે મહામોહનીય કર્મ બાંધે છે..

[૬૧] મોહનીય સ્થાન – ૭ – જે ગૂઢ આચરણોથી પોતાના માયાચારને છૂપાવે છે, અસત્ય બોલે છે, સૂત્રોના યથાર્થ અર્થોને છૂપાવે છે – તે મહામોહનીય કર્મ બાંધે છે.

[૬૨] મોહનીય સ્થાન – ૮ – જે નિર્દોષ વ્યક્તિ ઉપર મિથ્યા આક્ષેપ કરે છે, પોતાના દુષ્કર્મોનું તેના ઉપર આરોપણ કરે છે કે "તેં જ આ કાર્ય કર્યું છે." એવું દોષારોપણ કરે છે – તે મહામોહનીય કર્મ બાંધે છે.

[૬૩] મોહનીય સ્થાન – ૯ – જે કલહશીલ રહે છે અને ભરી સભામાં જાણીબુઝીને મિશ્ર ભાષા બોલે છે – તે મહામોહનીય કર્મ બાંધે છે.

[૬૪, ૬૫] મોહનીય સ્થાન – ૧૦ – જે અનાયક નાયક ગુણ રહિત મંત્રી રાજાને રાજ્ય બહાર મોકલી રાજ્ય લક્ષ્મીનો ઉપભોગ કરે, રાણીના શીલને ખંડિત કરે, વિરોધ કરનાર સામંતોનો તિરસ્કાર કરી તેઓની ભોગ્ય વસ્તુઓનો તિરસ્કાર કરે છે – તે મહામોહનીય કર્મ બાંધે છે.

[૬૬] મોહનીય સ્થાન – ૧૧ – જે બાલ બ્રહ્મચારી ન હોવા છતાં પણ પોતાને બાલ બ્રહ્મચારી કહે અને સ્ત્રીઓનું સેવન કરે – તે મહામોહનીય કર્મ બાંધે છે.

[૬૭, ૬૮] મોહનીય સ્થાન – ૧૨ – જે બ્રહ્મચારી ના હોવા છતાં – "હું બ્રહ્મચારી છું" એ પ્રમાણે કહે છે, તેમનો કે ગાયોની વચ્ચે ગધેડા સમાન બેસૂરો બકવાસ કરે છે અને પોતાની આત્માનું અહિત કરનાર તે મૂર્ખ માયાયુક્ત જૂઠ બોલીને સ્ત્રીઓમાં આસક્ત રહેતો – તે મહામોહનીય કર્મ બાંધે છે.

[૬૯] મોહનીય સ્થાન – ૧૩ – જે જેનો આશ્રય પામીને આજીવિકા કરે છે, અને જેની સેવા કરીને સમૃદ્ધ થયેલો છે, તેના જ ધનનું અપહરણ કરે છે – તે મહામોહનીય કર્મ બાંધે છે.

[૭૦, ૭૧] મોહનીય સ્થાન – ૧૪ – જે કોઈ સ્વામીને અથવા ગામવાસીનો આશ્રય પામીને ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કરે છે અને જેની સહાયતાથી સર્વસાધન સંપન્ન બનેલો છે. જો ઈર્ષાયુક્ત અને કલુષિત ચિત્ત થઈને તે આશ્રયદાતાઓના લાભમાં અંતરાય ઉત્પન્ન કરે છે – તે મહામોહનીય કર્મ બાંધે છે.

[૭૨] મોહનીય સ્થાન – ૧૫ – સાપણ જે રીતે પોતાના ઈંડાને ખાઈ જાય છે, તે પ્રમાણે જે પાલનકર્તા, સેનાપતિ તથા કલાચાર્ય અથવા ધર્માચાર્યને મારી નાંખે છે – તે મહામોહનીય કર્મ બાંધે છે.

[૭૩] મોહનીય સ્થાન – ૧૬ – જે રાષ્ટ્ર નાયકને, નિગમના નેતાને તથા લોકપ્રિય શ્રેષ્ઠીને મારી નાંખે છે – તે મહામોહનીય કર્મ બાંધે છે.

[૭૪] મોહનીય સ્થાન – ૧૭ – જે અનેક લોકોના નેતાને તથા સમુદ્રમાં દ્વીપ સમાન અનાથ જનોના રક્ષકોનો ઘાત કરે છે – તે મહામોહનીય કર્મ બાંધે છે.

[૭૫] મોહનીય સ્થાન – ૧૮ – જે પાપોથી વિરત દીક્ષાર્થીને અને તપસ્વી સાધુને ધર્મથી ભ્રષ્ટ કરે છે – તે મહામોહનીય કર્મ બાંધે છે.

[૭૬] મોહનીય સ્થાન – ૧૯ – જે અજ્ઞાની અનંત જ્ઞાનદર્શન સંપન્ન જિનેન્દ્ર દેવનો અવર્ણવાદ–નિંદા કરે છે – તે મહામોહનીય કર્મ બાંધે છે.

[૭૭] મોહનીય સ્થાન – ૨૦ – જે દુષ્ટાત્મા અનેક ભવ્યજીવોને ન્યાયમાર્ગથી ભ્રષ્ટ કરે છે અને ન્યાય માર્ગને દ્વેષથી નિંદે છે – તે મહામોહનીય કર્મ બાંધે છે.

[૭૮] મોહનીય સ્થાન – ૨૧ – જે આચાર્ય કે ઉપાધ્યાયોથી શ્રુત અને આચાર ગ્રહણ કરે છે, તેની જ અવહેલના કરે છે – તે મહામોહનીય કર્મ બાંધે છે.

[૭૯] મોહનીય સ્થાન – ૨૨ – જે આચાર્ય કે ઉપાધ્યાયની સમ્યક્ પ્રકારથી સેવા કરતા નથી, તેમનો આદર-સત્કાર કરતા નથી અને અભિમાન કરે છે – તે મહામોહનીય કર્મ બાંધે છે.

[૮૦] મોહનીય સ્થાન – ૨૩ – જે બહુશ્રુત ના હોવા છતાં પોતે પોતાને બહુશ્રુત માને, સ્વાધ્યાયી અને શાસ્ત્રોના રહસ્યનો જ્ઞાતા કહે છે – માને છે – તે મહામોહનીય કર્મ બાંધે છે.

[૮૧] મોહનીય સ્થાન – ૨૪ – જે તપસ્વી ના હોવા છતાં પણ પોતે પોતાની તપસ્વી કહે છે, તે સૌથી મોટો ચોર છે તેથી તે મહામોહનીય કર્મ બાંધે છે.

[૮૨, ૮૩] મોહનીય સ્થાન – ૨૫ – જે સમર્થ હોવા છતાં પણ રોગીની સેવાનું મહાન કાર્ય કરતો નથી. પણ "આણે મારી સેવા નથી કરી તેથી હું પણ તેની સેવા શા માટે કરું?" એમ કહે છે.... તે મહામૂર્ખ, માયાવી તથા મિથ્યાત્વી કલુષિત ચિત્ત થઈને પોતાના આત્માનું અહિત કરતો – તે મહામોહનીય કર્મ બાંધે છે.

[૮૪] મોહનીય સ્થાન – ૨૬ – ચતુર્વિધ સંઘમાં મતભેદ ઉત્પન્ન કરવાને માટે જે કલહના અનેક પ્રસંગ ઉપસ્થિત કરે છે – તે મહામોહનીય કર્મ બાંધે છે.

[૮૫] મોહનીય સ્થાન – ૨૭ – જે પ્રશંસા અથવા મિત્રવર્ગને માટે અધાર્મિક યોગ કરીને વશીકરણાદિનો વારંવાર પ્રયોગ કરે – તે મહામોહનીય કર્મ બાંધે છે.

[૮૬] મોહનીય સ્થાન – ૨૮ – જે માનુષિક અને દૈવી ભોગોની અતૃપ્તિથી તેની વારંવાર અભિલાષા કરે છે – તે મહામોહનીય કર્મ બાંધે છે.

[૮૭] મોહનીય સ્થાન – ૨૯ – જે દેવોની ઋદ્ધિ, દ્યુતિ, યશ, વર્ણ અને બલ-વીર્યનો અવર્ણવાદ બોલે છે – તે મહામોહનીય કર્મ બાંધે છે.

[૮૮] મોહનીય સ્થાન – ૩૦ – જે અજ્ઞાની જિનેશ્વર દેવની માફક પોતાની પૂજાનો ઇચ્છુક થઈને દેવ, અસુર અને યક્ષોને ના જોતો એવો પણ એવું કહે છે કે, "હું આ દેવ, યક્ષ, અસુર આદિને જોઈ શકું છું – જોઉં છું" –તે મહામોહનીય કર્મ બાંધે છે.

[૮૯] ઉક્ત દોષો કેવા છે?

૧ – મોહથી ઉત્પન્ન થવાવાળા. ૨ – અશુભ કર્મોનું ફળ દેવાવાળા. ૩ – ચિત્તની મલિનતાને વધારનારા.

તેથી સાધુ આ દોષોનું આચરણ ના કરે. પરંતુ આત્માની ગવેષણા કરનારા થઈને વિચરે.

[૯૦] સાધુ – પૂર્વે કરેલ પોતાના કૃત્યો અને અકૃત્યોને જાણીને, તેનો પૂર્ણ રૂપે પરિત્યાગ કરે અને તેવા સંયમ સ્થાનોનું સેવન કરે, જેનાથી તે ભિક્ષુ આચારવાન બને.

[૯૧] જે સાધુ પંચાચારના પાલનથી સુરક્ષિત છે

શુદ્ધાત્મા અને અનુત્તર ધર્મમાં સ્થિત છે. તે પોતાના દોષોને તજી દે, જેવી રીતે આશિવિષ સર્પ ઝેરનું વમન કરી દે છે.

[૯૨] એ પ્રમાણે દોષોનો ત્યાગ કરીને,

તે શુદ્ધાત્મા, ધર્માર્થી એવો સાધુ મોક્ષના સ્વરૂપને જાણીને આ લોકમાં કીર્તિ પામીને અને પરલોકમાં સુગતિને પ્રાપ્ત કરે છે.

[૯૩] જે દૃઢ પરાક્રમી શૂરવીર સાધુ,

આ બધા સ્થાનોને જાણીને તે મોહબંધા કારણોનો ત્યાગ કરી દે છે, તે જન્મ–મરણનું અતિક્રમણ કરે છે અર્થાત્ તે સંસારથી મુક્ત થઈ જાય છે.

..... એ પ્રમાણે હું તમને કહું છું.

સૂત્રાંતે કંઈક વિશેષ કથન–

આ ત્રીશ મહામોહનીય સ્થાનો કહ્યા, તેમાં

૧ એક થી છ સ્થાનોમાં ક્રૂરતાયુક્ત હિંસક વૃત્તિને

૨ સાતમાં સ્થાનમાં માયા–કપટને

૩ આઠમા સ્થાનમાં અસત્ય આક્ષેપ કરવાને

૪ નવમા સ્થાનમાં મિશ્ર ભાષાથી કલહ વૃદ્ધિને

૫ દશમા અને પંદરમા સ્થાનમાં વિશ્વાસઘાત કરવાને

૬ અગિયાર, બાર, તેવીસ, ચોવીસ અને ત્રીસમા સ્થાનમાં પોતાની જુઠ્ઠી પ્રશંસાથી બીજાને દગો દેવાને,

૭ તેરમા, ચૌદમા, પંદરમા સ્થાનમાં કૃતઘ્નતાને

૮ સોળમા, સત્તરમા સ્થાનમાં ઉપકારીનો ઘાત કરવાને

૯ અઢારમાં સ્થાનમાં ધર્મથી ભ્રષ્ટ કરવાને

૧૦ ઓગણીસમા સ્થાનમાં જ્ઞાનીના અવર્ણવાદને

૧૧ વીસમા સ્થાનમાં ન્યાયમાર્ગ વિપરીત પ્રમાણે ને

૧૨ એકવીસમા સ્થાનમાં આચાર્યાદીની આશાતનાને

૧૩ પચીસમા સ્થાનમાં કષાયવશ, રોગીની સેવા ન કરવાને

૧૪ છવ્વીસમા સ્થાનમાં સંઘમા મતભેદ કરવાને

૧૫ ૨૭ મા વશીકરણ, ૨૮મા અતિકામવાસના, ૨૯મા દેવોના અવર્ણવાદને

..... મહામોહનીય કર્મબંધનું કારણ કહે છે.

## દશાશ્રુતસ્કંધની દશા–૯નો મુનિ દીપરત્નસાગરે કરેલ સૂત્રાનુવાદ પૂર્ણ

# દશા–૧૦ ' આયતિ સ્થાન'

**દશાશ્રુતસ્કંધ સૂત્રની આ છેલ્લી દશા છે. જેમાં સૂત્ર–૯૪ થી ૧૧૪ એટલે કે ૨૧–સૂત્રોનો સમાવેશ થયો છે. આ સૂત્રોનો ક્રમશઃ અનુવાદ આ પ્રમાણે છે.**

[૯૪] તે કાળે અને તે સમયે આ અવસર્પિણી કાળના ચોથા આરાના અંતિમ ભાગમાં રાજગૃહ નામની નગરી હતી. નગર વર્ણન ઉવવાઈ સૂત્રની ચંપા નગરી માફક જાણવું.

તે નગરની બહાર ગુણશીલ નામે ચૈત્ય હતું.

તે નગરીમાં શ્રેણિક નામે રાજા હતો. યાવત્ ઉવવાઈ સૂત્રની જેમ બધુ જાણવુ

તે ચેલ્લણા રાણી સાથે પરમ સુખમય જીવન જીવતો હતો.

[૯૫] ત્યારે તે શ્રેણિક રાજા ભિંભિસારે એક દિવસ સ્નાન કર્યું. પોતાના દેવ સમક્ષ નૈવેદ્ય પૂજા – બલિકર્મ કર્યું. વિઘ્નશમન માટે પોતાના કપાળ ઉપર તિલક કર્યું. દુઃસ્વપ્નના દોષના નિવારણ માટે પ્રાયશ્ચિત્ત અર્થાત્ દહીં, ચોખા, દુર્વા આદિ ધારણ કર્યા કૌતુક–મંગલ–પ્રાયશ્ચિત્ત કર્યા .

ડોકમાં માળા પહેરી, મણિરત્ન જડિત સોનાના આભૂષણ ધારણ કર્યા, હાર–અર્ધહાર–ત્રણસરો હાર નાભિ પર્યન્ત પહેર્યા, કટિસૂત્ર પહેરી સુશોભિત થયો.

ગળામાં ઘરેણા અને આંગળીમાં વીંટી પહેરી. યાવત્ કલ્પવૃક્ષની જેમ તે નરેન્દ્ર શ્રેણિક અલંકૃત અને વિભૂષિત થયો. છત્ર ઉપર કોરંટક પુષ્પની માળા ધારણ કરી – યાવત્ – ચંદ્ર જેવો પ્રિયદર્શી નરપતિ શ્રેણિક જ્યાં બાહ્ય ઉપસ્થાન શાળામાં સિંહાસન હતું ત્યાં આવ્યો.

ત્યાં આવીને સિંહાસને પૂર્વાભિમુખ બેઠો. પોતાના કૌટુંબિક પુરુષોને બોલાવીને તેણે આ પ્રમાણે કહ્યું –

હે દેવાનુપ્રિયો ! તમે જાઓ અને–

જે આ રાજગૃહી નગરીની બહાર બગીચા, ઉદ્યાન, શિલ્પશાળા, ધર્મશાળા, દેવકુલ, સભા, પરબ, દુકાન, મંડી, ભોજનશાળા, વ્યાપાર કેન્દ્ર, કાષ્ઠશિલ્પ કેન્દ્ર, કોયલા ઉત્પાદન કેન્દ્ર, વન વિભાગ, ઘાસના ગોદામ છે. ત્યાં જે મારા સેવકો છે તેમને આ પ્રમાણે કહો કે– શું કહો ?

હે દેવાનુપ્રિયો ! શ્રેણિક રાજા ભિંભિસારે આ આજ્ઞા કહેલી છે કે – જ્યારે આદિકર તીર્થંકર યાવત્ સિદ્ધિગતિ નામવાળા સ્થાનના ઇચ્છુક શ્રમણ ભગવંત મહાવીર ક્રમશઃ ચાલતા ચાલતા એક ગામથી બીજે ગામ વિચરતા, સુખપૂર્વક વિહાર કરતા અને સંયમ તથા તપથી પોતાની આત્મસાધના કરતા અહીં પધારે ત્યારે હે દેવાનુપ્રિયો –

તમે ભગવંત મહાવીરને તેમની સાધના માટે યોગ્ય સ્થાન બનાવજો અને તેઓને ત્યાં રહેવાની આજ્ઞા આપીને મને તે પ્રમાણે બન્યાથી સૂચિત કરજો.

ત્યારે તે પ્રમુખ રાજ્યાધિકારીઓ શ્રેણિક રાજા ભિંભિસારનું ઉક્ત કથન સાંભળીને હર્ષિત હૃદયથી – યાવત્ – બોલ્યા કે હે સ્વામી! આપની આજ્ઞા પ્રમાણે કરીશું.

આ પ્રકારે શ્રેણિક રાજાની આજ્ઞાને તેઓએ વિનયપૂર્વક સાંભળી ત્યારપછી રાજમહેલથી નીકળ્યા. રાજગૃહના મધ્યભાગથી થઈને તેઓ નગરની બહાર ગયા. બગીચો યાવત્ ઘાસના ગોદામમાં રાજા શ્રેણિકના સેવક અધિકારીને તેઓએ આ પ્રમાણે કહ્યું – તે બધું પૂર્વવત્ જણાવવું. – યાવત્ – શ્રેણિક રાજાને આ પ્રિય સંવાદ કહો, તમારા માટે

પણ આ વાત હર્ષકારી બને.

એ પ્રમાણે બે, ત્રણ વખત કહ્યું. ત્યારપછી તેઓ જે દિશાથી આવ્યા હતા તે તરફ પાછા ચાલ્યા.

[૯૬] તે કાળે અને તે સમયમાં પંચયામ ધર્મપ્રવર્તક તીર્થંકર ભગવંત મહાવીર ભગવાન યાવત્ ગ્રામાનુગ્રામ વિચરતા યાવત્ આત્મસાધના કરતા ગુણશીલ ચૈત્યમાં પધાર્યા.

તે સમયે રાજગૃહ નગરના ત્રણ રસ્તા, ચાર રસ્તા અને ચોકમાં થઈને યાવત્ પર્ષદા નગરની બહાર નીકળી યાવત્ પ્રભુને પર્યુપાસના કરવા લાગી.

તે સમયે શ્રેણિક રાજાના સેવક અધિકારી જ્યાં શ્રમણ ભગવંત મહાવીર હતા ત્યાં આવ્યા.

તેમણે શ્રમણ ભગવંત મહાવીરને ત્રણ વખત પ્રદક્ષિણા કરી વંદન, નમસ્કાર કર્યા, પછી પરમાત્માનું નામ અને ગોત્ર પૂછ્યા અને તેને હૃદયમાં ધારણ કર્યા.

ત્યારપછી તેઓ એકાંત સ્થાનમાં ગયા. ત્યાં તેઓએ પરસ્પર આ પ્રમાણે વાત કરી કે – હે દેવાનુપ્રિયો ! શ્રેણિક રાજા ભિંભિસાર જેઓના દર્શનની ઈચ્છા સ્પૃહા તથા અભિલાષા કરે છે, તથા જેમની ગોત્ર સાંભરીને શ્રેણિક રાજા હર્ષિત અને સંતુષ્ટ – યાવત્ – પ્રસન્ન થાય છે. તે આદિકર તીર્થંકર શ્રમણ ભગવંત મહાવીર – યાવત્ – સર્વજ્ઞ – સર્વદર્શી અનુક્રમે સુખપૂર્વક એક ગામથી બીજે ગામ વિચરતા અહીં પધારેલા છે – સમોસર્યા છે.

આ જ રાજગૃહીનગરની બહાર ગુણશીલ નામના ચૈત્યમાં તપ અને સંયમથી આત્માને ભાવિત કરતા રહેલા છે

હે દેવાનુપ્રિયો ! શ્રેણિક રાજાને આ વૃત્તાંત કહો કે, "તમારા માટે આ સંવાદ પ્રિય થાઓ."

એ પ્રમાણે તેઓએ પરસ્પર આ વચન સાંભળ્યુ, સ્વીકાર્યું. ત્યાંથી તે સેવક અધિકારી રાજગૃહી નગરીમાં આવ્યા – યાવત્ – આ પ્રમાણે બોલ્યા કે –

'હે સ્વામી ! જેના દર્શનની આપ ઈચ્છા કરો છો તે શ્રમણ ભગવંત મહાવીર ગુણશીલ ચૈત્યમાં – યાવત્ – વિરાજિત છે.

તેથી હે દેવાનુપ્રિય ! અમે આપને આ વાતનું નિવેદન કરીએ છીએ. આપને આ સંવાદ પ્રિય થાઓ.

[૯૭] તે સમયે શ્રેણિક રાજા તે પુરુષો પાસે આ સંવાદ સાંભળી, અવધારી, હૃદયથી હર્ષિત અને સંતુષ્ટ થયા. – યાવત્ – તે સિંહાસન થકી ઊઠ્યા, ઊઠીને પછી જેમ ઉવવાઈ સૂત્રમાં કોણિક અધિકાર કહેલ છે, તે પ્રમાણે વંદન, નમસ્કાર કર્યા.

પછી તે સેવક પુરુષોના સત્કાર અને સન્માન કર્યા. પ્રીતિપૂર્વક આજીવિકા યોગ્ય વિપુલદાન આપ્યું. ત્યારપછી તે સેવકોને વિસર્જિત કર્યા.

ત્યારપછી નગર રક્ષકોને બોલાવીને આ પ્રમાણે કહ્યું–

હે દેવાનુપ્રિયો ! તમે જલદી રાજગૃહી નગરીને અંદરથી અને બહારથી પરિમાર્જિત કરો. પાણીથી સિંચો – યાવત્ – સિંચીને મારી આજ્ઞા મને પાછી સોંપો. મને જણાવો.

[૯૮] ત્યારપછી તે શ્રેણિક રાજાએ સેનાપતિને બોલાવીને કહ્યું કે – હે દેવાનુપ્રિયો ! જલદીથી રથ, ઘોડા, હાથી અને યોદ્ધા સહિતની ચતુરંગિણી સે તૈયાર કરો – યાવત્ – મારી આજ્ઞા મુજબ કાર્ય થયાની મને જાણ કરો.

ત્યારપછી શ્રેણિક રાજાએ યાનશાળાના અધિકારીને આ પ્રમાણે કહ્યું કે, હે દેવાનુપ્રિય ! શ્રેષ્ઠ ધાર્મિક રથને તૈયાર કરીને અહીં લાવો અને મને મારી આજ્ઞા પાછી સોંપો.

શ્રેણિક રાજાએ આ પ્રમાણે કહેતા યાનશાળાના અધિકારી હર્ષિત યાવત્ સંતુષ્ટ થઈ જ્યાં યાનશાળા હતી ત્યાં આવ્યો.

યાનશાળામાં પ્રવેશી રથને જોયો. રથ નીચે ઊતારી સાફ કરી બહાર કાઢ્યો. એક સ્થાને રાખ્યો. તેના ઉપર ઢાંકેલ વસ્ત્રને દૂર કર્યું. કરીને રથને શોભાયમાન કર્યો.

ત્યારપછી જ્યાં વાહનશાળા હતી ત્યાં આવ્યો. વાહનશાળામાં પ્રવેશીને બળદો જોયા, સાફ કર્યા, તેના ઉપર વારંવાર હાથ ફેરવ્યો, ફેરવીને બહાર લાવ્યા.

બળદની ઉપર ઝૂલ મૂકી. તેને શોભાયમાન કર્યા. કરીને ઘરેણા પહેરાવ્યા. તેમને રથમાં જોડ્યા. જોડીને રથને રાજમાર્ગ ઉપર લાવ્યા. ચાબૂક હાથમાં લીધેલ સારથિ રથમાં બેઠો.

ત્યાંથી રથ લઈને જ્યાં શ્રેણિક રાજા હતો ત્યાં આવ્યો. બે હાથ જોડી, મસ્તક અંજલિ કરી, મસ્તકે આવર્ત કરી – યાવત્ – આ પ્રમાણે કહ્યું કે –

હે સ્વામી! આપે કરેલા આદેશ અનુસારનો શ્રેષ્ઠ ધાર્મિક રથ તૈયાર છે. આ રથ આપના માટે કલ્યાણકારી થાઓ. હે દેવાનુપ્રિય! આપ આ રથમાં બિરાજો.

[૯૯] ત્યારે શ્રેણિક રાજા ભિંભિસાર યાનચાલક પાસે આ વૃત્તાંત સાંભળી હર્ષિત યાવત્ સંતુષ્ટ થયો.

તે શ્રેણિક રાજા સ્નાનગૃહમાં પ્રવેશ્યો – યાવત્ – ત્યાંથી કલ્પવૃક્ષ સમાન અલંકૃત અને વિભૂષિત થયેલો તે શ્રેણિક નરેન્દ્ર સ્નાનગૃહથી બહાર નીકળ્યો.

ત્યારપછી રાજા શ્રેણિક જ્યાં ચેલ્લણા દેવી હતા ત્યાં આવ્યો. આવીને ચેલ્લણા દેવીને તેણે આ પ્રમાણે કહ્યું – હે દેવાનુપ્રિય ! શ્રમણ ભગવંત મહાવીર – યાવત્ – ગુણશીલ ચૈત્યમાં બિરાજમાન છે.

ત્યાં જઈને હે દેવાનુપ્રિય! તેમને વંદન, નમસ્કાર, સત્કાર, સન્માન કરીએ. તે કલ્યાણરૂપ, મંગલભૂત, દેવાધિદેવ, ચૈત્યસ્વરૂપ પરમાત્માની પર્યુપાસના કરીએ.

તેમની **આ પર્યુપાસના આ ભવના હિતને માટે, પરભવે પણ હિતને માટે, સુખને માટે, કલ્યાણને માટે, મોક્ષને માટે અને ભવોભવના સુખને માટે થશે.**

[૧૦૦] તે સમયે ચેલ્લણા દેવી શ્રેણિક રાજા પાસે આ પ્રમાણે સાંભળીને, અવધારીને હર્ષિત થઈ, સંતુષ્ટ થઈ – યાવત્ – સ્નાનગૃહમાં ગઈ.

ત્યાં ચેલ્લણાએ સ્નાન કર્યું પછી બલિકર્મ કર્યું કૌતુક–મંગલ – યાવત્ – દુઃસ્વપ્નના નિવારણ માટે પ્રાયશ્ચિત્ત ઈત્યાદિ પૂર્વવત્ કર્યા.

પોતાના સુકુમાલ પગોમાં ચેલ્લણાએ ઝાંઝર પહેર્યા, કેડે મણિજડિત કંદોરો બાંધ્યો, ગળામાં એકાવલી હાર પહેર્યો, હાથમાં સોનાના કડા પહેર્યા, કંકણો પહેર્યા, આંગળીને વીંટી વડે સુશોભિત કરી. કંઠથી ઉરોઝ સુધી મર્કતમણિનો ત્રણ સેરવાળો હાર પહેર્યો.

કાનમાં પહેરેલા કુંડલથી તેણીનું મુખ શોભતુ હતુ. શ્રેષ્ઠ ઘરેણા અને રત્નો વડે તેણી વિભૂષિત હતી.

સર્વશ્રેષ્ઠ ચીની રેશમી એવા સુંદર – સુકોમળ વસ્ત્રનું રમણીય ઉત્તરીય તેણે ધારણ કરેલું.

બધી ઋતુમાં વિકસતા સુંદર–સુગંધી ફૂલોની બનેલી વિચિત્ર પુષ્પમાળા તેણીએ પહેરેલી.

કાલા અગરુના ધૂપથી સુગંધિત હતી.

એવા પ્રકારે લક્ષ્મીની જેમ સુશોભિત વેશભૂષાવાળી ચેલ્લણા, અનેક કુબ્જા તથા ચિલાની દેશોની દાસીના વૃંદથી પરિવરેલી ઉપસ્થાન શાળામાં શ્રેણિક રાજા પાસે આવી.

[૧૦૧] ત્યારે તે શ્રેણિક રાજા ચેલ્લણા દેવીની સાથે શ્રેષ્ઠ ધાર્મિક રથમાં બેઠો. છત્ર ઉપર કોરંટ પુષ્પની માળા ધારણ કરેલ હતા – યાવત્ – પર્યુપાસના કરવા લાગ્યા.

એ પ્રમાણે ચેલ્લણા દેવી પણ – યાવત્ – દાસ દાસી વૃંદથી પરિવરેલી, જ્યાં શ્રમણ ભગવંત મહાવીર હતા ત્યાં આવી. શ્રમણ ભગવંત મહાવીરને વંદન – નમસ્કાર કર્યા.

ત્યારપછી શ્રેણિક રાજાને આગળ કરીને ઊભી – યાવત્ – તે પણ પર્યુપાસના કરવા લાગી.

ત્યારે શ્રમણ ભગવંત મહાવીરે ઋષિ, યતિ, મુનિ, મનુષ્ય અને દેવોની મહાપર્ષદામાં તેમજ– શ્રેણિક રાજા ભિંભિસાર અને ચેલ્લણા દેવીને – યાવત્ – ધર્મ કહ્યો. પર્ષદા અને રાજાદિ પાછા ફર્યા.

[૧૦૨] ત્યાં ગુણશીલ ચૈત્યમાં શ્રેણિક રાજા અને ચેલ્લણા દેવીને જોઈને કેટલાક સાધુ અને સાધ્વીઓના મનમાં આવા પ્રકારનો અધ્યવસાય, ચિંતન, અભિલાષા અને મનોગત સંકલ્પ ઉત્પન્ન થયો. તે આ પ્રમાણે–

અહો ! આ શ્રેણિક રાજા મોટી ઋદ્ધિવાળો યાવત્ ઘણો સુખી છે. તે સ્નાન, બલિકર્મ, તિલક, માંગલિક, પ્રાયશ્ચિત્ત કરીને સર્વાલંકારથી વિભૂષિત થઈને ચેલ્લણા દેવીની સાથે માનુષિક ભોગ ભોગવી રહેલ છે. અમે દેવલોકના દેવને જોયેલ નથી. અમારી સામે તો આ જ સાક્ષાત્ દેવ છે.

જો આ સુચરિત, નિયમ, બ્રહ્મચર્ય પાલનનું કોઈ કલ્યાણકારી વિશિષ્ટ ફળ હોય તો અમે પણ ભવિષ્યમાં આવા પ્રકારના ઔદારિક માનુષિક ભોગો ભોગવતા વિચરીએ.

કેટલાક સાધુએ વિચાર્યું કે–

અરે ! આ ચેલ્લણા દેવી મોટી ઋદ્ધિવાળી છે. યાવત્ ઘણી સુખી છે. તે સ્નાન કરી, બલિકર્મ કરી, યાવત્ બધા અલંકારોથી વિભૂષિત થઈને શ્રેણિક રાજાની સાથે ઔદારિક માનુષિક ભોગોને ભોગવતી વિચરી રહી છે. અમે દેવલોકની દેવી તો જોઈ નથી. પણ અમારે તો આ ચેલ્લણા જ સાક્ષાત દેવી છે.

જો અમારા સુચરિત તપ, નિયમ, બ્રહ્મચર્યનું કોઈ કલ્યાણકારી ફળ વિશેષ હોય તો ભવિષ્યમાં અમે પણ આવા ભોગોને ભોગવનારા થઈએ. એમ કેટલાક સાધુ–સાધ્વીએ સંકલ્પ કર્યો.

[૧૦૩] શ્રમણ ભગવંત મહાવીરે ઘણા નિર્ગ્રન્થ–નિર્ગ્રન્થીને આમંત્રિત કરીને આ પ્રમાણે કહ્યું–

પ્રશ્ન – હે આર્યો ! શ્રેણિક રાજા અને ચેલ્લણા દેવીને જોઈને આવા પ્રકારનો અધ્યવસાય યાવત્ વિચાર ઉત્પન્ન થયો કે,

અહો ! શ્રેણિક રાજા મહર્દ્ધિક છે યાવત્ આ શ્રેષ્ઠ થશે ?

અહો ! ચેલ્લણા દેવી મહર્દ્ધિક છે યાવત્ આ શ્રેષ્ઠ થશે ?

હે આર્યો ! શું આ વૃત્તાંત યથાર્થ છે?

ઉત્તર – હા, ભગવંત ! આ વૃત્તાંત યથાર્થ છે.

હે આયુષ્યમાન્ શ્રમણો ! મેં ધર્મનું નિરૂપણ કરેલ છે.

**આ નિર્ગ્રન્થ પ્રવચન જ સત્ય છે, શ્રેષ્ઠ છે, પ્રતિપૂર્ણ છે, અદ્વિતીય છે, શુદ્ધ છે, ન્યાયસંગત છે, શલ્યોનો સંહાર કરનારુ છે. સિદ્ધિ-મુક્તિ-નિર્યાણ અને નિર્વાણનો માર્ગ છે. આ જ યથાર્થ છે. સદા શાશ્વત છે અને બધા દુઃખોથી મુક્ત થવાનો આ જ માર્ગ છે.**

**આ સર્વજ્ઞ પ્રજ્ઞપ્ત ધર્મના આરાધક સિદ્ધ, બુદ્ધ, મુક્ત થઈને નિર્વાણ પ્રાપ્ત થાય છે. સર્વે દુઃખોનો અંત કરે છે.**

જો કોઈ નિર્ગ્રન્થ કેવલિ પ્રરૂપિત ધર્મની આરાધના માટે ઉપસ્થિત થઈને આરાધના કરતા ભૂખ-તરસ, ઠંડી-ગરમી આદિ અનેક પરિગ્રહ અને ઉપસર્ગોથી પીડિત થતા પણ કામવાસનાનો પ્રબળ ઉદય થઈ જાય અને તે ઉદિપ્ત કામ-વાસનાના શમન માટે પ્રયત્ન કરતો હોય ત્યારે વિશુદ્ધ માતા-પિતાના પક્ષના ઉગ્રવંશીય કે ભોગવંશીય રાજકુમારને આવતા-જતા જુએ.

તેમાંથી કોઈના ઘરમાં પ્રવેશ કરતા કે નીકળતી વખતે છત્ર ઝારી આદિ ગ્રહણ કરેલા અનેક દાસ-દાસી, નોકર અને કર્મકર પુરુષો આગળ-આગળ ચાલતા હોય.

ત્યારપછી તે રાજકુમારની આગળ ઉત્તમ અશ્વ, બંને બાજુ ગજરાજ અને પાછળ-પાછળ શ્રેષ્ઠ સુસજ્જિત રથ ચાલતો હોય અને તે અનેક પગે ચાલનારા પુરુષોથી ઘેરાયેલો રહેતો હોય.

એક નોકર સફેદ છત્ર ધરેલો, એક ઝારી લીધેલ, એક તાડપત્રના પંખા સાથે, એક શ્વેત ચામર ઢોળતો અને અનેક નોકરો નાના-નાના પંખા લઈને ચાલતા હોય.

એ રીતે તેના પ્રાસાદમાં એ રાજકુમાર વારંવાર આવતો-જતો હોય.

દૈદીપ્યમાન કીર્તિવાળો તે રાજકુમાર સમયાનુસાર સ્નાન, બલિકર્મ યાવત્ બધા અલંકારોથી વિભૂષિત થઈ સારી રાત્રિ દીપજ્યોતથી ઝગમગતી વિશાળ કૂટાગાર શાળાના સર્વોચ્ચ સિંહાસન ઉપર બેસતો હોય – યાવત્ – સ્ત્રીઓના વિશાળ વૃંદથી ઘેરાયેલો રહેતો હોય.

નિપુણ પુરુષો દ્વારા થતા નૃત્ય જોતો, ગીત-વીણા-ગુટિત-ઘન મૃદંગ-માદલ આદિ વાદ્યોનો મધુર ધ્વનિ સાંભળતો એવો અને આ પ્રમાણે ઔદારિક એવા માનુષિક કામભોગોને-શબ્દાદિ પાંચેય વિષયોને ભોગવતો હોય.

તે કોઈ કાર્યને વશ એક નોકરને બોલાવે તો ચાર-પાંચ નોકર આવતા હોય અને પૂછતા હોય કે અમે શું કરીએ ? શું લાવીએ ? શું આપીએ ? શું આચરણ કરીએ ? તમારી અભિલાષા શું છે ? તમને કયો પદાર્થ પ્રિય છે ?

**આ બધું જોઈને કોઈ સાધુ નિદાન કરે કે–**

જો મારા તપ-નિયમ અને બ્રહ્મચર્ય પાલનનું કોઈ ફળ હોય તો હું પણ ભવિષ્યમાં રાજકુમારની જેમ માનુષિક કામભોગ ભોગવું.

હે આયુષ્યમાન્ શ્રમણો !

તે નિર્ગ્રન્થ – સાધુ નિદાન કરીને, નિદાન શલ્ય સંબંધી સંકલ્પોની આલોચના, પ્રતિક્રમણ કર્યા સિવાય–

જીવનની અંતિમ ક્ષણોમાં દેહને છોડીને–

કોઈ એક દેવલોકમાં મોટી ઋદ્ધિવાળો યાવત્ ઉત્કૃષ્ટ સ્થિતિવાળા દેવતારૂપે ઉત્પન્ન થાય–

આયુસ્થિતિ, ભવસ્થિતિનો ક્ષય કરીને તે દેવલોકથી ચ્યવી શુદ્ધ માતા અને પિતાના પક્ષવાળા ઉગ્રકુળ કે ભોગકુળમાં પુત્રરૂપે ઉત્પન્ન થાય છે ત્યાં તે બાળક સુકુમાર હાથ-પગ વાળો – યાવત્ – સુંદર રૂપવાળો થાય છે.

બાલ્યકાળ વીત્યા પછી તથા વિજ્ઞાનની વૃદ્ધિ થતા તે યૌવનને પ્રાપ્ત કરનારો થાય છે.

તે સમયે સ્વયં પિતા સંબંધી સંપત્તિ પ્રાપ્ત કરે છે. પ્રાસાદથી જતા-આવતા તેની આગળ-આગળ ઘોડાઓ ચાલે છે – યાવત્ – તમને શું પ્રિય છે ? આદિ પૂર્વવત્ .

પ્રશ્ન – આવા પ્રકારની ૠદ્ધિથી યુક્ત તે પુરુષને તપ અને સંયમના મૂર્તરૂપ એવા– શ્રમણ કે બ્રાહ્મણ કેવલિ પ્રરૂપિત ધર્મ કહે છે ?

ઉત્તર – હા, કહે છે.

પ્રશ્ન – શું તે ઉપદેશ સાંભળે છે ?

ઉત્તર – આ સંભવ નથી, કેમ કે તે ધર્મશ્રવણને યોગ્ય નથી. કેમ કે તે અનંત ઇચ્છાવાળો, મહારંભી, મહાપરિગ્રહી અને અધાર્મિક યાવત્ દક્ષિણ દિશાવર્તી નરકમાં નૈરયિક પણે ઉત્પન્ન થાય છે અને ભવિષ્યમાં પણ દુર્લભ બોધી થાય છે.

હે આયુષ્યમાન્ શ્રમણો ! ... તે નિદાનશલ્યનો જ આ વિપાક છે. તેથી જ તે કેવલિ પ્રરૂપિત ધર્મ શ્રમણ કરી શકતો નથી.

## એ પ્રમાણે પહેલું નિયાણું જાણવુ

[૧૦૪] હે આયુષ્યમાન્ શ્રમણો !

મેં ધર્મનું પ્રતિપાદન કરેલું છે. જેમ કે આ જ નિર્ગ્રન્થ પ્રવચન સત્ય છે – યાવત્-બધા દુઃખોનો અંત કરે છે.

જો કોઈ શ્રમણી ધર્મની શિક્ષા માટે ઉપસ્થિત થઈને ભૂખ તરસ આદિ પરિગ્રહ સહન કરતા પણ–

કદાચિત કામવાસનાનો પ્રબળ ઉદય થઈ જાય તો તે તપ-સંયમની ઉગ્ર સાધના થકી કામવાસનાના શમન માટે યત્ન કરે છે.

તે સમયે તે શ્રમણી એક એવી સ્ત્રીને જુએ છે કે જે–

૧ પોતાના પતિની કેવળ એકમાત્ર પ્રાણપ્રિયા છે.

૨ તે એક સમાન ઘરેણા અને વસ્ત્ર પહેરેલી છે.

૩ તેલની ડબ્બી, વસ્ત્રોની પેટી અને રત્નના કરંડીયા સમાન સંરક્ષણીય છે. તેમજ સંગ્રહણીય છે.

શ્રમણી તેને તેણીમાં પ્રાસાદમાં આવતી-જતી જુએ છે. તેની આગળ છત્ર, ઝારી લઈને અનેક દાસી-દાસ, નોકર-ચાકર ચાલે છે. યાવત્ એકને બોલાવતા તેની સામે ચાર-પાંચ વણ-બોલાવેલા જ આવીને ઊભા રહી જાય છે અને પૂછે છે.

હે દેવાનુપ્રિય ! બોલો અમે શું કરીએ ? યાવત્ આપના મુખને કયા પદાર્થ સારા લાગે છે.

તેને જોઈને શ્રમણી નિદાન કરે છે કે–

જો મારા સુ-ચરિત તપ, નિયમ અને બ્રહ્મચર્યનું કોઈ ફળ હોય તો હું પણ આગામી કાળમાં આવા પ્રકારના ઉત્તમ મનુષ્ય સંબંધી કામભોગો અર્થાર્થ શબ્દ, સ્પર્શ આદિ પાંચે વિષયોને ભોગવતી મારા જીવનને વ્યતીત કરું.

હે આયુષ્યમાન્! શ્રમણીઓ !

તે શ્રમણી નિદાન કરીને તે નિદાનની આલોચના તેમજ પ્રતિક્રમણ કર્યા સિવાય–

જીવનની અંતિમ ક્ષણે દેહત્યાગ કરીને કોઈ એક દેવલોકમાં દેવરૂપ ઉત્પન્ન થાય છે. યાવત્ દિવ્ય ભોગ ભોગવતી રહે છે. યાવત્ આયુ, ભવ, સ્થિતિનો ક્ષય થયા પછી–

તે દેવલોકથી ચ્યવીને વિશુદ્ધ માતૃ–પિતૃ પક્ષવાળા ઉગ્રવંશી કે ભોગવંશી કુળમાંથી કોઈ એક કુળમાં બાલિકા – કન્યારૂપે ત્યાં જ ઉત્પન્ન થાય છે.

ત્યાં તે બાલિકા સુકુમાર યાવત્ સુરૂપ હોય છે.

તે બાલ્યભાવથી મુક્ત થઈને તથા વિજ્ઞાન પરિણત અને યૌવનવય પ્રાપ્ત થતા, તેણીના માતા–પિતા, તેણીના જેવા સુંદર એવા યોગ્ય પતિને અનુરૂપ દહેજ સાથે પત્નીરૂપે આપે છે.

તે તે પતિની ઈષ્ટ, કાંત, પ્રિય, મનોજ્ઞ, અજીવ, મનોહર, ધૈર્યના સ્થાન, વિશ્વાસપાત્ર, સંવત, બહુમત, અનુમત અતીત માન્ય રત્ન કરંડક સમાન કેવળ એક પત્ની હોય છે.

આવતા–જતા તેની આગળ છત્ર, ઝારી લઈને અનેક દાસી–દાસ, નોકર–ચાકર ચાલે છે. – યાવત્ – આપના મુખને કેવા કેવા પદાર્થો પ્રિય લાગે છે ?

પ્રશ્ન – શું તે ઋદ્ધિસંપન્ન સ્ત્રીને તપ અને સંયમના મૂર્ત રૂપ શ્રમણ–બ્રાહ્મણ કેવલિ પ્રજ્ઞપ્ત ધર્મ કહે છે ?

ઉત્તર – હા, કહે છે.

પ્રશ્ન – શું તેણી શ્રદ્ધાપૂર્વક સાંભળે છે ?

ઉત્તર – તે સંભવતુ નથી. કેમ કે તેણી ધર્મશ્રવણને અયોગ્ય છે.

તે ઉત્કૃષ્ટ અભિલાષાવાળી યાવત્ દક્ષિણ દિશાવર્તી તરંગમાં કૃષ્ણપાક્ષિક નૈરયિક રૂપે ઉત્પન્ન થાય છે. તથા ભવિષ્યમાં પણ તેણીને બોધિ પ્રાપ્તિ દુર્લભ થાય છે.

હે આયુષ્યમાન્ શ્રમણો ! ... તે નિદાન શલ્યનો આ પાપકારી પરિણામ છે કે તે કેવલિ પ્રજ્ઞપ્ત ધર્મનું શ્રમણ કરી શકતી નથી.

## એ પ્રમાણે બીજું નિયાણું જાણવુ

[૧૦૫] હે આયુષ્યમાન્ શ્રમણો !

મેં ધર્મનું નિરૂપણ કરેલ છે. આ જ નિર્ગ્રન્થ પ્રવચન સત્ય છે – યાવત્ બધા દુઃખોનો અંત કરે છે.

જો કોઈ નિર્ગ્રન્થ કેવલિ પ્રરૂપિત ધર્મની આરાધના માટે તત્પર થાય, તેને ભૂખ–તરસ ઈત્યાદિ પરીષહો સહન કરતા કદાચિત કામવાસનાનો પ્રબળ ઉદય થઈ જાય.

ત્યારે તે તપ–સંયમની ઉગ્ર સાધના દ્વારા તે કામવાસનાને શમન કરવાનો પ્રયત્ન કરે છે.

તેવા સમયે તે સાધુ કોઈ એક સ્ત્રીને જુએ છે–

જે તેના પતિની કેવળ એકમાત્ર પ્રિયા છે યાવત્ બધું જ વર્ણન પહેલા નિયાણા મુજબ જાણવુ.

તે સાધુ તે સ્ત્રીને જોઈને નિયાણુ કરે કે–

૧ પુરુષનું જીવન દુઃખમય છે.

૨ જેઓ વિશુદ્ધ માતૃ–પિતૃ પક્ષવાળા એવા

ઉગ્રવંશી કે ભોગવંશી પુરુષો છે. તેઓ કોઈ નાના કે મોટા એવા યુદ્ધમાં જાય છે, તેમને નાના કે મોટા શસ્ત્રના પ્રહાર છાતીમાં લાગતા તેઓ વેદનાથી વ્યથિત હોય છે.

આ રીતે પુરુષનું જીવન દુઃખમય છે. ... પરંતુ તેના કરતા સ્ત્રીનું જીવન સુખમય છે.

જો મારા તપ–નિયમ અને બ્રહ્મચર્ય પાલનનું કોઈ જ વિશિષ્ટ ફળ હોય તો હું પણ ભવિષ્યમાં ઉક્ત સ્ત્રીની જેમ મનુષ્ય સંબંધી શબ્દાદિ કામ–ભોગોને ભોગવું.

હે આયુષ્યમાન્ શ્રમણો !

તે સાધુ નિદાન કરે, કર્યા પછી તે નિદાન શલ્ય કરીને તેના આલોચના અને પ્રતિક્રમણ ન કરે.

તેમ ન કરીને જીવનની અંતિમ ક્ષણે દેહત્યાગ કરે.

કાળધર્મ પામ્યા પછી તે કોઈ દેવલોકે દેવ થાય.

તે દેવ મોટી ઋદ્ધિવાળો યાવત્ ઉત્કૃષ્ટ સ્થિતિવાળો થાય છે. ઇત્યાદિ બધું પહેલાં નિદાન માફક જાણવું. તે દેવલોકથી ચ્યવીને તે દેવ બાલિકારૂપે ઉત્પન્ન પ થાય.

તેવા ઉત્તમ પુરુષને પત્નીરૂપે પણ અપાય.

તે પોતાના પતિની એકમાત્ર પ્રાણપ્રિયા થાય છે. ઇત્યાદિ બધું પૂર્વવત્ સમજી લેવું.

આવા નિદાનયુક્ત તેણીને –

૧ કેવલિ પ્રરૂપિત ધર્મ સાંભળવા તો મળે છે.

૨ પરંતુ તે શ્રદ્ધાપૂર્વક સાંભળતી નથી. કેમ કે તેણી ધર્મના શ્રવણને માટે અયોગ્ય છે.

તે ઉત્કટ અભિલાષાવાળી – યાવત્ – દક્ષિણ દિશાવર્તી નરકે નારકીરૂપે ઉત્પન્ન થાય છે.

તેમજ ભવિષ્યમાં પણ બોધિ દુર્લભ થાય છે.

હે આયુષ્યમાન્ શ્રમણો ! .... તે નિયાણાનું આ પાપરૂપ ફળ છે. તેથી તે કેવલિ પ્રરૂપિત ધર્મને સાંભળી શકતો નથી.

## આ ત્રીજું નિયાણું વર્ણવ્યું.

[૧૦૬] હે આયુષ્યમાન્ શ્રમણો !

મેં ધર્મનું પ્રતિપાદન કરેલ છે. આ નિર્ગ્રન્થ પ્રવચન સત્ય છે યાવત્ બધા દુઃખોનો અંત કરે છે.

એવા તે કેવલિ પ્રરૂપિત ધર્મની આરાધના માટે કોઈ સાધ્વી તત્પર થાય અને ક્ષુધા, તૃષા આદિ પરીષહ સહન કરે.

પરંતુ તેમ સહન કરતા કદાચિત કોઈ કામવાસનાનો પ્રબળ ઉદય તેણીને થઈ પણ જાય તો–

તે સંયમની ઉગ્ર સાધના થકી ઉદ્દિપ્ત કામવાસનાના શમન માટે પ્રયત્ન કરે છે.

તે સમયે તે નિર્ગ્રન્થી કોઈ ઉગ્રવંશી કે ભોગવંશી પુરુષને જુએ છે ઇત્યાદિ બધું પહેલાં નિયાણા માફક જાણવું.

તેને જોઈને તે સ્ત્રી નિયાણું કરે કે સ્ત્રીનું જીવન દુઃખમય છે, કેમ કે બીજા ગામ યાવત્ સંનિવેશમાં એકલી

સ્ત્રી જઈ શકતી નથી કે વિચરણ કરી શકતી નથી.

જે રીતે કેરી, બિજોરુ, કોઠા, અંબાણ નામના સ્વાદિષ્ટ ફળની પેશી હોય છે. માંસની પેશી હોય, શેરડીનો ટૂકડો હોય કે શાલ્મલી ફળની ફળી હોય.

તે અનેક મનુષ્યોને સ્વાદ લેવા યોગ્ય – યાવત્ – ઈચ્છનીય કે અભિલાષા કરવા યોગ્ય હોય છે.

તે રીતે સ્ત્રીનું શરીર પણ અનેક મનુષ્યો માટે આસ્વાદનીય – યાવત્ – અભિલાષા કરવા યોગ્ય હોય છે.

તેથી સ્ત્રીનું જીવન દુઃખમય અને પુરુષનું સુખમય હોય છે.

હે આયુષ્યમાન્ શ્રમણો !

૧ આ રીતે તે સાધ્વી પુરુષ થવા માટે નિદાન કરે.

૨ નિદાન કર્યા પછી તેની આલોચના પ્રતિક્રમણ ન કરે.

૩ તો દેવલોક ઉત્પન્ન થઈ પણ જાય યાવત્ દેવ સુખ ભોગવે.

૪ દેવલોકની સ્થિતિ આદિનો ક્ષય થયા પછી ચ્યવીને.

૫ ઉગ્રવંશાદિમાં બાળક રૂપે ઉત્પત્તિ આદિ પૂર્વવત્ જાણવું.

તે ઉત્કૃષ્ટ અભિલાષા રાખતો પુરુષ – યાવત્ – દક્ષિણ દિશાવર્તી નરકમાં નારકરૂપે ઉત્પન્ન થાય.

બોધિ દુર્લભ થાય, કેવલિ પ્રરૂપિત ધર્મનું શ્રવણ કરી શકે નહિ. ઈત્યાદિ બધું પૂર્વવત્ જાણવું.

## આ ચોથું નિયાણું કહ્યું.

[૧૦૭] હે આયુષ્યમાન્ શ્રમણો ! મેં ધર્મનું પ્રતિપાદન કરેલ છે. આ જ નિર્ગ્રન્થ પ્રવચન સત્ય છે. યાવત્ સર્વ દુઃખોનો અંત કરે છે, પૂર્વવત જાણવું.

કોઈ સાધુ કે સાધ્વી કેવલિ પ્રજ્ઞપ્ત ધર્મની આરાધના માટે ઉપસ્થિત થઈને વિચરણ કરતા – યાવત્ – સંયમમાં પરાક્રમ કરતા માનુષિક કામભોગોથી વિરક્ત થઈ જાય અને તે આ પ્રમાણે વિચારે કે –

૧ માનવ સંબંધી કામભોગો અધ્રુવ – અનિત્ય – અશાશ્વત છે.

૨ સડન – ગલન – સ્વભાવથી તથા નશ્વર છે.

૩ મળ, મૂત્ર, શ્લેશ્મ, મેલ, વાત, પિત્ત, કફ, શુક્ર, શોણિતયુક્ત છે.

૪ દુર્ગંધયુક્ત શ્વાસોચ્છ્વાસ તથા મળ-મૂત્રથી પરિપૂર્ણ છે.

૫ વાત-પિત્ત અને કફનું દ્વાર છે.

૬ પહેલાં કે પછી અવશ્ય ત્યાજ્ય છે.

તે ઉપર દેવલોકમાં દેવો રહે છે–

તે ત્યાં બીજા દેવોની દેવીઓને પોતાને આધીન કરીને તેમની સાથે વિષયસેવન કરે છે.

સ્વયં જ પોતાને વિકુર્વીત દેવી સાથે વિષય સેવે છે.

અને પોતાને દેવી સાથે પણ વિષય સેવે છે.

જો સમ્યક્ પ્રકારથી આચરિત મારા આ તપ, નિયમ અને બ્રહ્મચર્ય પાલનનું વિશિષ્ટ ફળ હોય તો–

હું પણ ભાવિમાં આ ઉપર્યુક્ત દિવ્ય ભોગોને ભોગવતો વિચરણ કરું તો મારે શ્રેયસ્કર છે.

હે આયુષ્માન્ શ્રમણો!

આ પ્રમાણે નિર્ગ્રન્થ કે નિર્ગ્રન્થી કોઈપણ નિયાણુ કરીને યાવત્ દેવરૂપે ઉત્પન્ન થાય છે તે ત્યાં મહાઋદ્ધિવાળા દેવ પણ થાય છે યાવત્ દિવ્ય ભોગોને ભોગવતો વિચરે છે.

તે દેવ ત્યાં અન્ય દેવોની સાથે વિષય સેવે છે.

સ્વયં પોતાને વિકુર્વીત દેવી સાથે વિષય સેવે છે.

અને પોતાને દેવી સાથે પણ વિષય સેવે છે.

તે દેવ તે દેવલોકથી આયુનો ક્ષય થયા પછી યાવત્ પુરુષરૂપે ઉત્પન્ન થાય છે. યાવત્ તેના દ્વારા એકને બોલાવતા ચાર–પાંચ ન બોલાવાયેલ પણ ઊઠીને આવી જાય છે અને પૂછે છે કે –

હે દેવાનુપ્રિય ! કહો અમે શું કરીએ ? યાવત્ આપના મુખને કયા પદાર્થો સારા લાગે છે ?

પ્રશ્ન – આવા પ્રકારની ઋદ્ધિથી યુક્ત પુરુષને તપ–બળ અને સંયમના મુક્તરૂપ શ્રમણ, બ્રાહ્મણ ઉભયકાળ કેવલિ પ્રજ્ઞપ્ત ધર્મ કહે છે – પ્રરૂપે છે શું ?

ઉત્તર – હા કહે છે.

પ્રશ્ન – શું તે સાંભળે છે ?

ઉત્તર – હા તે સાંભળે છે.

પ્રશ્ન – શું તે કેવલિ પ્રજ્ઞપ્ત ધર્મ ઉપર શ્રદ્ધા, પ્રતીતિ કે રૂચિકર છે ખરો ?

ઉત્તર – આ સંભવ નથી. કેમ કે તે સર્વ પ્રરૂપિત ધર્મ ઉપર શ્રદ્ધા કરવાને અયોગ્ય છે.

પરંતુ તે ઉત્તર અભિલાષા રાખતો – યાવત્ –

દક્ષિણ દિશાવર્તી નરકમાં કૃષ્ણપાક્ષિક નૈરયિક રૂપમાં ઉત્પન્ન થાય છે તથા ભાવિમાં સમ્યક્ત્વની પ્રાપ્તિ દુર્લભ થાય છે.

હે આયુષ્યમાન્ શ્રમણો ! નિદાન શલ્યનું આ પાપકારી પરિણામ છે કે કેવલિ પ્રજ્ઞપ્ત ધર્મ પરત્વે શ્રદ્ધા, પ્રતીતિ અને રૂચિ રાખતો નથી.

## આ પાંચમાં નિયાણાનું સ્વરૂપ કહ્યું.

[૧૦૮] હે આયુષ્યમાન્ શ્રમણો !

મેં ધર્મનું નિરૂપણ કરેલ છે. યાવત્ સંયમની સાધનામાં પરાક્રમ કરતા એવા સાધુ માનવ સંબંધી શબ્દાદિ કામ–ભોગોથી વિરક્ત થઈ જાય અને એમ વિચારે કે–

માનવસંબંધી કામભોગ અધ્રુવ યાવત્ ત્યાજ્ય છે.

ઉપર દેવલોકમાં જે દેવ છે, તે

૧ ત્યાં અન્ય દેવીઓ સાથે વિષયસેવન કરતા નથી.

૨ પરંતુ પોતાની વિકુર્વિત દેવીઓ સાથે વિષય સેવે છે.

૩ તથા પોતાની દેવી સાથે પણ વિષય સેવે છે.

જો સમ્યક્ પ્રકારે આચરિત મારા આ તપ, નિયમ તથા બ્રહ્મચર્યનું પાલનનું કલ્યાણકારી વિશિષ્ટ ફળ હોય તો–

હું પણ આગામી કાળમાં આવા પ્રકારમાં દિવ્ય ભોગોને ભોગવતો એવો વિચરણ કરું– ..... તે મારે માટે

શ્રેયસ્કર થશે.

હે આયુષ્યમાન્ શ્રમણો !

આ પ્રકારે કોઈ સાધુ કે સાધ્વી કોઈપણ નિદાન કરીને યાવત્ દેવરૂપમાં ઉત્પન્ન થાય છે.

તે ત્યાં મહાઋદ્ધિવાળો દેવ થાય છે. યાવત્ દિવ્ય ભોગોને ભોગવતો એવો વિચરે છે.

ત્યાં ઉત્પન્ન થયેલ દેવો –

૧ અન્ય દેવીઓની દેવી સાથે વિષય સેવન કરતો નથી.

૨ સ્વયં પોતાની વિકુર્વિત દેવી સાથે વિષય સેવે છે.

૩ પોતાની દેવીઓ સાથે વિષય સેવન કરે છે.

તે દેવ તે દેવલોકથી આયુનો ક્ષય થઈ જવાથી યાવત્ પુરુષ રૂપે ઉત્પન્ન થાય છે – યાવત્ – તેના દ્વારા એકને બોલાવતા ચાર-પાંચ બોલાવ્યા વિના જ ઊઠીને ઊભા થઈ જાય છે અને પૂછે છે કે – હે દેવાનુપ્રિય ! કહો, અમે શું કરીએ ? યાવત્ આપને કેવા-કેવા પદાર્થ સારા લાગે છે ?

પ્રશ્ન – આવા પ્રકારની ઋદ્ધિયુક્ત તે પુરુષને તપ-સંયમના મૂર્તરૂપ શ્રમણ-બ્રાહ્મણ ઊભય-યુક્ત કેવલિપ્રજ્ઞપ્ત ધર્મ કહે ?

ઉત્તર – હા, કહે છે.

પ્રશ્ન – શું તે સાંભળે છે ?

ઉત્તર – હા, તે સાંભળે છે.

પ્રશ્ન – શું તે શ્રદ્ધા, પ્રતીતિ, રૂચિ કરે છે ?

ઉત્તર – તે સંભવ નથી, પણ અન્ય દર્શનમાં રૂચિ રાખે છે.

અન્ય દર્શનને સ્વીકારીને તે આવા પ્રકારનો આચરણવાળો થાય છે – જેમ કે પર્ણકૂટિઓમાં રહેનારા અરણ્ય વાસ તાપસ અને ગામની સમીપની વાટિકામાં રહેનારા તાપસ તથા અદષ્ટ થઈને રહેનારા જે તાંત્રિક છે, અસંયત છે –

તેઓ પ્રાણ, ભૂત, જીવ અને સત્વની હિંસાથી વિરત નથી.

તેઓ સત્ય-મૃષા ભાષાનો આ પ્રકારે પ્રયોગ કરે છે કે–

૧ મને ન મારો, બીજાને મારો.

૨ મને આદેશ ન કરો, બીજાને આદેશ કરો.

૩ મન પીડિત ન કરો, બીજાને પીડિત કરો.

૪ મને ન પકડો, બીજાને પકડો.

૫ મને ભયભીત ન કરો, બીજાને ભયભીત કરો.

આ પ્રમાણે તે સ્ત્રી સંબંધી કામભોગોમાં મૂર્ચ્છિત-ગ્રથિત ગૃદ્ધ અને આસક્ત થઈને – યાવત્ – જીવનની અંતિમ ક્ષણોમાં દેહત્યાગ કરીને કોઈ અસુરલોકમાં કિલ્બિષિક દેવસ્થાનમાં ઉત્પન્ન થાય છે. ત્યાંના સુખાદિ ભોગવે છે.

ત્યાંથી દેહ છોડી કરી ભેડ-બકરી સમાન મનુષ્યોમાં મૂક રૂપમાં ઉત્પન્ન થાય છે.

હે આયુષ્યમાન્ શ્રમણો ! તે નિદાનનું આ પાપકારી પરિણામ છે કે – તે કેવલિ પ્રજ્ઞપ્ત ધર્મ પરત્વે શ્રદ્ધા, પ્રતીતિ અને રૂચિ રાખતો નથી.

## આ છટ્ઠા નિયાણાનું સ્વરૂપ કહ્યું.

[૧૦૯] હે આયુષ્યમાન્ શ્રમણો !

મેં ધર્મનું પ્રરૂપણ કરેલું છે યાવત્ સંયમની સાધનામાં પરાક્રમ કરતો એવો નિર્ગ્રન્થ માનવ સંબંધી કામભોગોથી વિરક્ત થઈ જાય અને તે એમ વિચારે કે–

માનવ સંબંધી કામભોગ અધ્રુવ અને ત્યાજ્ય છે.

જે ઉપર દેવલોકમાં દેવ છે, તે ત્યાં–

૧ બીજા દેવોની દેવી સાથે વિષય સેવન કરતા નથી.

૨ સ્વયંની વિકુર્વિત દેવીઓ સાથે વિષય સેવન કરતા નથી.

૩ પરંતુ પોતાની દેવી સાથે કામક્રીડા કરે છે.

જો સમ્યક્ પ્રકારે આચરિત મારા આ તપ, નિયમ અને બ્રહ્મચર્યનું કલ્યાણકારી વિશિષ્ટ ફળ હોય તો– હું પણ આગામી કાળમાં આવા પ્રકારના દિવ્ય ભોગોને ભોગવતો વિચરણ કરું – તે એ શ્રેષ્ઠ થશે.

હે આયુષ્યમાન્ શ્રમણો !

આ પ્રમાણે સાધુ કે સાધ્વી કોઈપણ નિયાણું કરીને યાવત્ દેવરૂપમાં ઉત્પન્ન થાય છે. તે ત્યાં મહાઋદ્ધિવાળો દેવ થાય છે. યાવત્ દિવ્યભોગોને ભોગવતો એવો વિચરે છે.

તે દેવ ત્યાં દેવલોકમાં ઉપજીને–

૧ બીજા દેવોની દેવી સાથે વિષય સેવન કરતો નથી.

૨ સ્વયં જ પોતાની વિકુર્વિત દેવી સાથે વિષય સેવન ન કરે.

૩ પરંતુ પોતાની દેવીઓ સાથે જ વિષય સેવન કરે છે.

તે દેવ તે દેવલોકથી આયુનો ક્ષય થતાં – યાવત્ – પુરુષરૂપમાં ઉત્પન્ન થાય છે – યાવત્ – તેના દ્વારા કોઈ એકને બોલાવતા ચાર–પાંચ ન બોલાવેલા પણ ઊઠીને ઊભા થઈ જઈ આવે છે અને પૂછે છે કે હે દેવાનુપ્રિય ! બોલો, અમે શું કરીએ યાવત્ આપને કેવા–કેવા પદાર્થ પ્રિય લાગે છે ?

પ્રશ્ન – આવા પ્રકારની ઋદ્ધિથી યુક્ત તે પુરુષને તપ–સંયમના મૂર્તરૂપ શ્રમણ કેવલિ પ્રજ્ઞપ્ત ધર્મ કહે ?

ઉત્તર – હા, કહે છે.

પ્રશ્ન – શું, તે સાંભળે છે ?

ઉત્તર – હા, સાંભળે છે.

પ્રશ્ન – શું કેવલિ પ્રજ્ઞપ્ત ધર્મ પરત્વે શ્રદ્ધા પ્રતીતિ અને રૂચિવાળો થાય છે ખરો ?

ઉત્તર – હા, તે કેવલિ પ્રજ્ઞપ્ત ધર્મ પરત્વે શ્રદ્ધા, પ્રતીતિ અને રૂચિવાળો પણ થાય છે.

પ્રશ્ન – શું તે શીલવ્રત, ગુણવ્રત, વિરમણવ્રત, પ્રત્યાખ્યાન, પૌષધોપવાસ કરે છે ખરો ?

ઉત્તર – તે સંભવ નથી. તે કેવળ દર્શન શ્રાવક હોય છે. ... તે જીવ–અજીવનું યથાર્થ સ્વરૂપનો જ્ઞાતા હોય છે યાવત્ તેને અસ્થિ–મજ્જાવત્ ધર્માનુરાગ હોય છે. જેમ કે–

હે આયુષ્યમાન્ ! આ નિર્ગ્રન્થ પ્રવચન જ જીવનમાં ઈષ્ટ છે, આ જ પરમાર્થ છે, બાકી બધું નિરર્થક છે.

તે આ પ્રમાણે – અનેક વર્ષો સુધી આગારધર્મની આરાધના કરે છે અને આરાધના કરીને જીવનની અંતિમ ક્ષણોમાં કોઈ એક દેવલોકમાં દેવરૂપે ઉત્પન્ન થાય છે..

એ પ્રમાણે હે આયુષ્યમાન્ શ્રમણો !

તે નિદાનનું આ પાપરૂપ પરિણામ છે કે આ શીલવ્રત, ગુણવ્રત, વિરમણવ્રત, પ્રત્યાખ્યાન, પૌષધોપવાસ કરી શકતો નથી.

## આ સાતમા નિયાણાનું સ્વરૂપ કહ્યું.

[૧૧૦] હે આયુષ્માન્ શ્રમણો! મેં ધર્મનું પ્રતિપાદન કરેલ છે યાવત્ સંયમ સાધનામાં પરાક્રમ કરતો નિર્ગ્રન્થ દિવ્ય અને માનુષિક કામભોગોથી વિરક્ત થઈ એમ વિચારે કે–

માનુષિક કામભોગ અધ્રુવ યાવત્ ત્યાજ્ય છે.

દેવ સંબંધી કામભોગ પણ અધ્રુવ, અનિત્ય, શાશ્વત, ચલાચલ સ્વભાવવાળા, જન્મ–મરણ વધારનારા અને પહેલાં કે પછી અવશ્ય ત્યાજ્ય છે.

જો સમ્યક્ પ્રકારે આચરિત મારા આ તપ–નિયમાદિનું જો કલ્યાણકારી વિશિષ્ટ સ્થળ હોય તો હું પણ ભાવિમાં વિશુદ્ધ માતૃ–પિતૃ પક્ષવાળો ઉગ્રવંશી કે ભોગવંશી કુળમાં પુરુષ રૂપમાં ઉત્પન્ન થાઉં અને શ્રમણોપાસક થાઉં. જીવાજીવના સ્વરૂપને જાણું યાવત્ ગ્રહણ કરેલા તપ વડે આત્માને ભાવિત કરતો વિચરું, તે શ્રેષ્ઠ થશે.

હે આયુષ્યમાન્ શ્રમણો ! આવી રીતે કોઈ સાધુ કે સાધ્વી નિયાણું કરે યાવત્ દેવરૂપે ઉત્પન્ન થાય છે. તે ત્યાં મહાઋદ્ધિવાળો દેવ થાય છે. યાવત્ દિવ્ય ભોગોને ભોગવતો વિચરે છે. યાવત્ તે દેવ તે દેવલોકનું આયુ ક્ષય થતા યાવત્ પુરુષરૂપે ઉત્પન્ન થાય છે. ઇત્યાદિ પૂર્વવત્.

પ્રશ્ન – આવા પ્રકારની ઋદ્ધિથી યુક્ત તે પુરુષને તપ અને સંયમના મૂર્તરૂપ શ્રમણ કેવલિ પ્રજ્ઞપ્ત ધર્મ કહે?

ઉત્તર – હા, કહે છે.

પ્રશ્ન – શું તે ધર્મ સાંભળે છે ?

ઉત્તર – હા, સાંભળે છે.

પ્રશ્ન – શું તે શ્રદ્ધા, પ્રતીતિ અને રુચિ કરે છે ?

ઉત્તર – હા, તે શ્રદ્ધા, પ્રતીતિ અને રુચિ કરે છે.

પ્રશ્ન – શું તે શીલવ્રત યાવત્ પૌષધોપવાસ કરે છે ?

ઉત્તર – હા, તે શીલવ્રતાદિ સ્વીકાર કરે છે.

પ્રશ્ન – શું તે ગૃહવાસ છોડીને મુંડિત થાય છે. તથા અનગાર પ્રવ્રજ્યાનો સ્વીકાર કરે છે ?

ઉત્તર – તે સંભવ નથી.

તે શ્રાવક થાય છે, જીવાજીવનો જ્ઞાતા થઈ યાવત્ સાધુને પ્રાસુક એષણીયા અનશનાદિ વહોરાવી અનેક વર્ષો સુધી વિચરે છે. તે ભક્ત પ્રત્યાખ્યાન કે અનશન પણ કરી શકે છે. તાકત પ્રત્યાખ્યાન કરીને અનેક ભક્તોનું અનશનથી છેદન કરે છે. છેદન કરીને આલોચના તથા પ્રતિક્રમણ દ્વારા સમાધિને પામે છે.

જીવનની અંતિમ ક્ષણોમાં દેહ છોડીને દેવલોકે દેવ થાય છે.

હે આયુષ્યમાન્ શ્રમણો! તે નિદાન શલ્યનું આ પાપરૂપ પરિણામ છે કે – તે ગૃહવાસ છોડીને તથા સર્વથા મુંડિત થઈને અનગાર પ્રવ્રજ્યા સ્વીકારી ન શકે.

## આ આઠમા નિયાણાનું સ્વરૂપ કહ્યું

[૧૧૧] હે આયુષ્યમાન્ શ્રમણો !

મેં ધર્મનું નિરૂપણ કરેલ છે યથાવત્ સંયમની સાધનામાં પ્રયત્ન કરતો સાધુ દિવ્ય માનુષિક કામભોગોથી વિરક્ત થઈ જાય અને તે એમ વિચારે કે,

માનુષિક કામભોગો અધ્રુવ યાવત્ ત્યાજ્ય છે.

દિવ્ય કામભોગો પણ અધ્રુવ યાવત્ ભવ-પરંપરાને વધારનાર છે. તથા પહેલાં કે પછી અવશ્ય ત્યાજ્ય છે.

જો સમ્યક્ પ્રકારથી આચરિત મારા આ તપ, નિયમ તથા બ્રહ્મચર્યનું પાલનનું કલ્યાણકારી વિશિષ્ટ ફળ હોય તેવું ભાવિમાં જે આ અંતફળ, પ્રતિફલ, તુચ્છ ફલ, દરિદ્ર ફળ, કૃપણ ફળ કે ભિક્ષુ ફળ છે, તેમાનાં કોઈ એક કુળમાં પુરુષ બનું જેનાથી હું પ્રવ્રજિત થવાને માટે સુવિધાપૂર્વક ગૃહવાસ છોડી શકું તો તે શ્રેષ્ઠ થશે.

હે આયુષ્યમાન્ શ્રમણો !

આ પ્રમાણે સાધુ કે સાધ્વી કોઈ પણ નિદાન કરીને યાવત્ દેવરૂપે ઉત્પન્ન થાય છે. તે ત્યાં મહાઋદ્ધિવાળો દેવ થાય છે. યાવત્ દિવ્ય ભોગ ભોગવતો વિચરે છે. યાવત્ તે દેવ કે દેવલોકથી આયુ ક્ષય થવાથી યાવત્ પુરુષરૂપે ઉત્પન્ન થાય છે. યાવત્ પૂછે છે કે આપના મુખને કેવા કેવા પદાર્થ સારા લાગે છે ?

પ્રશ્ન – શું આવા પ્રકારની ઋદ્ધિથી યુક્ત તે પુરુષને તપ સંયમના મૂર્તરૂપ શ્રમણ કેવલિ પ્રજ્ઞપ્ત ધર્મ કહે છે ?

ઉત્તર – હા, કહે છે.

પ્રશ્ન – શું તે ધર્મ શ્રવણ કરે છે ?

ઉત્તર – હા, ધર્મ શ્રવણ કરે છે.

પ્રશ્ન – શું તે શ્રદ્ધા, પ્રતીતિ અને રૂચિ કરે છે ?

ઉત્તર – હા, તે શ્રદ્ધા, પ્રતીતિ અને રૂચિ કરે છે.

પ્રશ્ન – શું તે ગૃહવાસ છોડી યથાવત્ પ્રવ્રજ્યા સ્વીકાર કરે છે ?

ઉત્તર – હા, તે અનગાર પ્રવ્રજ્યા સ્વીકાર કરે છે.

પ્રશ્ન – શું તે તે જ ભવમાં સિદ્ધ થઈ સર્વ દુઃખોનો અંત કરે ?

ઉત્તર – તે સંભવ નથી.

સાધુ ભગવંત ઈર્યાસમિતિ પાળનાર યાવત્ બ્રહ્મચર્ય પાલન કરનાર થાય છે.

આવા પ્રકારના આચરણથી તે અનેક વર્ષો સુધી સંયમ પર્યાયનું પાલન કરે છે.

અનેક વર્ષો સુધી સંયમ પર્યાય પાળીને યાવત્, ભક્તપ્રત્યાખ્યાન કરે છે,

તેનાથી અનેક ભક્તોનું અનશન વડે છેદન કરે છે.

છેદીને આલોચના તથા પ્રતિક્રમણ દ્વારા સમાધિ પ્રાપ્ત થાય છે.

જીવનની અંતિમ ક્ષણોમાં દેહ ત્યાગીને કોઈ દેવલોકમાં દેવરૂપે ઉત્પન્ન થાય છે.

હે આયુષ્યમાન્ શ્રમણો !

તે નિદાન શલ્યનું આ પાપરૂપ પરિણામ છે કે તે એ ભવે સિદ્ધ થઈ સર્વે દુઃખોનો અંત ન કરે.

## એ નવમા નિયાણાનું સ્વરૂપ કહ્યું

[૧૧૨] હે આયુષ્યમાન્ શ્રમણો !

મેં ધર્મનું પ્રતિપાદન કરેલ છે. આ નિર્ગ્રન્થ પ્રવચન સત્ય છે – યાવત્ – તપ, સંયમની ઉગ્ર સાધના કરતી વેળાએ તે નિર્ગ્રન્થ સર્વે કામ, રાગ, સંગ, સ્નેહથી વિરક્ત થઈ જાય.

સર્વ ચારિત્ર પરિવૃદ્ધ થાય ત્યારે–

અનુત્તર જ્ઞાન, અનુત્તર દર્શન, યાવત પરિનિર્વાણ માર્ગમાં આત્માને ભાવિત કરીને તે શ્રમણ– અનંત, અનુત્તર, આવરણ રહિત, સંપૂર્ણ, પ્રતિપૂર્ણ કેવળ જ્ઞાન, કેવળ દર્શનને પામનાર થાય છે.

તે સમયે અરહંત ભગવાન જિન, કેવલી, સર્વજ્ઞ, સર્વદર્શી થાય છે. દેવ–મનુષ્યની પર્ષદામાં ધર્મ દેશના દેતા – યાવત્ – અનેક વર્ષોનો કેવલી પર્યાય પાળી, આયુષ્યની અંતિમ ક્ષણોમાં ભક્ત પ્રત્યાખ્યાન કરે છે. અનેક દિવસો સુધી આહાર ત્યાગ કરી અનશન કરે છે.

અંતિમ શ્વાસોચ્છ્વાસે સિદ્ધ, બુદ્ધ, મુક્ત થઈને યાવત્ તે સર્વે દુઃખોનો અંત કરે છે.

હે આયુષ્યમાન્ શ્રમણો ! તે નિદાન રહિત કલ્યાણકારી સાધનામય જીવનનું આ ફળ છે, કે તે એ જ ભાવે સિદ્ધ થઈ યાવત્ સર્વે દુઃખોનો અંત કરે છે.

[૧૧૩] તે સમયે અનેક નિર્ગ્રન્થ–નિર્ગ્રન્થવાસીઓએ શ્રમણ ભગવંત મહાવીર પાસે પૂર્વોક્ત નિદાનોનું વર્ણન સાંભળીને– શ્રમણ ભગવંત મહાવીરને વંદન–નમસ્કાર કર્યા. પૂર્વકૃત નિદાન શલ્યોની આલોચના, પ્રતિક્રમણ કરીને યાવત્ યથાયોગ્ય પ્રાયશ્ચિત્ત સ્વરૂપ તપ સ્વીકાર્યું.

[૧૧૪] તે કાળ અને તે સમયે– ... શ્રમણ ભગવંત મહાવીરે રાજગૃહ નગરની બહાર– ગુણશીલ ચૈત્યમાં એકઠા થયેલા– દેવ, મનુષ્ય આદિ પર્ષદા મધ્યે અનેક શ્રમણ–શ્રમણીઓ, શ્રાવક, શ્રાવિકાઓને–

આ પ્રકારે આખ્યાન, ભાષણ પ્રજ્ઞાપના, પ્રરૂપણા કરી.

હે આર્ય ! આયતિ સ્થાન નામના અધ્યયનનો અર્થ–હેતુ–વ્યાકરણ યુક્ત તથા સૂત્ર–અર્થ અને સ્પષ્ટીકરણ યુક્ત સૂત્રાર્થનો વારંવાર ઉપદેશ કર્યો. તે પ્રમાણે હું તમને કહું છું.

અહીં આયતિસ્થાનમાં આયતિ શબ્દનો અર્થ છે સંસાર કે કર્મબંધ. સંસાર ભ્રમણ કે કર્મબંધના પ્રમુખ સ્થાનને આયતિ સ્થાન કહે છે.

**દશાશ્રુતસ્કંધની દશા–૧૦નો મુનિ દીપરત્નસાગરે કરેલ સૂત્રાનુવાદ પૂર્ણ**

**દશાશ્રુતસ્કંધ-છેદસૂત્ર-૪, આગમ-૩૭નો**

**મુનિ દીપરત્નસાગરે કરેલ અનુવાદ પૂર્ણ**

| | | | |
|---|---|---|---|
| | મુનિશ્રી દીપરત્નસાગરજીના પ્રકાશનો-4 [603+DVD] 1,36,000<br>આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો- 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070 | | |
| [१] | **मूल आगम साहित्य**<br>મૂળ આગમ 3 પ્રકાશનોમાં 147 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 07850 પૃષ્ઠોમાં છે | 147 | 07850 |
| 1 | **आगम सुत्ताणि-मूलं** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 49 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 3510 છે | | |
| 2 | **आगम सुत्ताणि-मूलं** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 45 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2810 છે | | |
| 3 | **आगम सुत्ताणि-मंजूषा** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 53 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1530 છે | | |
| [२] | **आगम अनुवाद साहित्य**<br>આગમ ભાવાનુવાદ 5 પ્રકાશનોમાં165 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 20150 પૃષ્ઠોમાં છે | 165 | 20050 |
| 1 | **आगम सूत्र-गुजराती अनुवाद-मूळ** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 47 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 3400 છે | | |
| 2 | **आगम सूत्र-हिन्दी अनुवाद** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 47 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2800 છે | | |
| 3 | **आगम सूत्र-इंग्लिश अनुवाद** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 11 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 400 છે | | |
| 4 | **आगम सूत्र-गुजराती अनुवाद-सटीक** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 48 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 10340 છે | | |
| 5 | **आगम सूत्र-हिन्दी अनुवाद** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 12 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 3110 છે | | |
| [3] | **आगम विवेचन साहित्य**<br>આગમ વિવેચન 7 પ્રકાશનોમાં 171 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 60900 પૃષ્ઠોમાં છે | 171 | 60900 |
| 1 | **आगम सूत्र-सटीकं** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 46 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 13800 છે | | |
| 2 | **आगम मूलं एवं वृत्ति-**1 Net.<br>આ સંપુટમાં અમારા કુલ 51 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 17990 છે | | |
| 3 | **आगम मूलं एवं वृत्ति-**2 Net.<br>આ સંપુટમાં અમારા કુલ 9 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2560 છે | | |

| મુનિશ્રી દીપરત્નસાગરજીના પ્રકાશનો-4 [603+DVD] 1,36,000<br>આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો- 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070 | | | |
|---|---|---|---|
| 4 | **आगम चूर्णि साहित्य** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 9 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2670 છે | | |
| 5 | **सवृत्तिक आगम सूत्राणि**-1 Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 40 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 18460 છે | | |
| 6 | **सवृत्तिक आगम सूत्राणि**-2 Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 8 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2660 છે | | |
| 7 | **सचूर्णिक आगम सूत्राणि** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 8 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2760 છે | | |
| [४] | **आगम कोष साहित्य**<br>આગમ કોષ સાહિત્ય 5 પ્રકાશનોમાં 16 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 5190 પૃષ્ઠોમાં છે | 16 | 05190 |
| 1 | **आगम सद्दकोसो** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2100 છે | | |
| 2 | **आगम नाम व कहा-कोसो** Printed.<br>આ સંપુટમાં અમારુ 1 પ્રકાશન છે, જેના કુલ પાના આશરે 210 છે | | |
| 3 | **आगम सागर कोष:** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1130 છે | | |
| 4 | **आगम शब्दादि संग्रह [प्रा० सं० गु०]** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1250 છે | | |
| 5 | **आगम बृहत् नाम कोष: [प्रा० सं० गु० नाम परिचय ]** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 500 છે | | |
| [५] | **आगम अन्य साहित्य**<br>આગમ અન્ય સાહિત્ય 3 પ્રકાશનોમાં 9 પુસ્તકોમાં કુલ 1590 પૃષ્ઠોમાં છે | 10 | 03220 |
| 1 | **आगम कथानुयोग** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 6 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2170 છે | | |
| 2 | **आगम संबंधी साहित्य** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 870 છે | | |
| 3 | **ऋषिभाषित सूत्राणि** Printed.<br>આ સંપુટમાં અમારુ 1 પ્રકાશન છે, જેના કુલ પાના આશરે 80 છે | | |
| 4 | **आगमिय सूक्तावली** Printed.<br>આ સંપુટમાં અમારુ 1 પ્રકાશન છે, જેના કુલ પાના આશરે 100 છે | | |

| | | | |
|---|---|---|---|
| મુનિશ્રી દીપરત્નસાગરજીના પ્રકાશનો–4 [603+DVD] 1,36,000<br>આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો– 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070 | | | |
| [૬] | **आगम अनुक्रम साहित्य**<br>આગમઅનુક્રમસાહિત્ય 3 પ્રકાશનોમાં 9 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 1590 પૃષ્ઠોમાં છે | 9 | 01590 |
| 1 | **आगम विषयानुक्रम–मूल** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 730 છે | | |
| 2 | **आगम विषयानुक्रम–सटीक** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 430 છે | | |
| 3 | **आगम सूत्र–गाथा अनुक्रम** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 3 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 430 છે | | |
| [૭] | મુનિ દીપરત્નસાગર લિખિત "આગમ સિવાયનું અન્ય સાહિત્ય"<br>આગમેતર સાહિત્ય 12 પ્રકાશનોમાં 84 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 9270 પૃષ્ઠોમાં છે | 85 | 09270 |
| 1 | તત્ત્વાભ્યાસ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 13 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2090 છે | | |
| 2 | સૂત્રાભ્યાસ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 6 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1480 છે | | |
| 3 | વ્યાકરણ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1050 છે | | |
| 4 | વ્યાખ્યાન સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1220 છે | | |
| 5 | જિનભક્તિ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 9 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1190 છે | | |
| 6 | વિધિ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 300 છે | | |
| 7 | આરાધના સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 3 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 430 છે | | |
| 8 | પરિચય સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 220 છે | | |
| 9 | પૂજન સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 100 છે | | |

દીપરત્નસાગરજીના પ્રકાશનો–4 [603+DVD] 1,36,000
આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો– 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070

| | | | |
|---|---|---|---|
| 10 | તીર્થંકર સંક્ષિપ્ત દર્શન<br>આ સંપુટમાં અમારા કુલ 25 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 680 છે | | |
| 11 | પ્રકીર્ણ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 290 છે | | |
| 12 | દીપરત્નસાગરના લઘુશોધ નિબંધ<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 220 છે | | |

મુનિ દીપરત્નસાગરનું સાહિત્ય

| | |
|---|---|
| 1 | મુનિ દીપરત્નસાગરનું આગમ સાહિત્ય [કુલ પુસ્તક 518] તેના કુલ પાના [98,800] |
| 2 | મુનિ દીપરત્નસાગરનું અન્ય સાહિત્ય [કુલ પુસ્તક 85] તેના કુલ પાના [09,270] |
| 3 | મુનિ દીપરત્નસાગર સંકલિત 'તત્ત્વાર્થસૂત્ર'ની વિશિષ્ટ DVD તેના કુલ પાના [27,930] |

અમારા પ્રકાશનો કુલ ૬૦૩ + વિશિષ્ટ DVD કુલ પાના 1,36,000

અમારું બધું જ સાહિત્ય on-line પણ ઉપલબ્ધ છે અને 5 DVD માં પણ મળી શકે છે

વેબ સાઈટ:– 1. www.jainelibrary.org 2. deepratnasagar.in
ઈમેલ એડ્રેસ:– jainmunideepratnasagar@gmail.com મોબાઈલ 09825967397

સંપર્ક:– મુનિશ્રી દીપરત્નસાગરજી મહારાજ સાહેબ
"પાર્શ્વ વિહાર", જૈન દેરાસરજી, ફોરેસ્ટ રેસ્ટ હાઉસ સામે, કાલાવડ હાઈવે–ટચ
Post: - ઠેબા, Dis:–જામનગર, ગુજરાત, India. [Pin- 361120]

नमो नमो निम्मलदंसणस्स

बाल ब्रह्मचारी श्री नेमिनाथाय नम:

पूज्य आनन्द-क्षमा-ललित-सुशील-सुधर्मसागर-गुरूभ्यो नम:

આગમ- ૩૭

# દશાશ્રુતસ્કંધ

આગમસૂત્ર ગુજરાતી ભાવાનુવાદ


'વેબ સાઈટ:– 1. www.jainelibrary.org 2. deepratnasagar.in

ઈમેલ એડ્રેસ:- jainmunideepratnasagar@gmail.com મોબાઈલ 09825967397